समानो मन्त्रः (ઋગ્વેદ) समानी प्रपा (અથર્વવેદ)

# પરબ

## ઓનલાઈન

સ્થાપના વર્ષ : ૧૯૬૦

વર્ષ : ૫ માર્ચ : ૨૦૧૦ અંક : ૯

**: પરામર્શનસમિતિ :**

| ભગવતીકુમાર શર્મા | રતિલાલ બોરીસાગર | પ્રફુલ્લ રાવલ |
|---|---|---|
| પ્રમુખ | મધ્યસ્થ સમિતિના વરિષ્ઠ સભ્ય | પ્રકાશન મંત્રી |

**: તંત્રી :**
યોગેશ જોષી

**: સહતંત્રી :**
મોહન પરમાર

**ગુજરાતી સાહિત્ય પરિષદ**

**મેઘાણી જ્ઞાનપીઠ m ક. લા. સ્વાધ્યાયમંદિર**

ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમ માર્ગ,
'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન અને ફેક્સ : ૨૬૫૮૭૯૪૭
Web-site : www.gujaratisahityaparishad.org
www.gujaratisahityaparishad.com




**અ નુ ક્ર મ** **(પરબ ઓનલાઈન)**

| | |
|---|---|
| **પરિષદ-પ્રમુખનો પત્ર** | જે વૉશિંગ્ટનમાં એ સુરતમાં ● ભગવતીકુમાર શર્મા |
| **તંત્રીલેખ** | શ્રી ધીરેન્દ્ર મહેતાને સાહિત્ય અકાદમી દિલ્હીનો ઍવૉર્ડ, ડૉ. પ્રવીણ દરજીને પદ્મશ્રી સન્માન ● યોગેશ જોષી |
| **કવિતા** | ત્રણ સૉનેટ ● રાજેન્દ્ર શુક્લ, પરસ્પર ● નલિન રાવળ |
| **શતાબ્દીવંદના** | ઉમાશંકરનાં નાટકો : કવિનો ત્રીજો અવાજ ● પરેશ નાયક, 'સાધના'ની કવિતા ● હરિકૃષ્ણ પાઠક, ઉમાશંકર જોશી : જાહેરજીવનના કવિ ● સ્વાતિ જોશી |
| **અહેવાલ** | ગુજરાતી સાહિત્ય પરિષદનું છવ્વીસમું જ્ઞાનસત્ર ● અજય પાઠક |
| **સમીક્ષા/ગ્રંથાવલોકન** | નોંધપાત્ર ચરિત્રનિબંધો : 'નહિ વીસરાતા ચહેરા' ● મનસુખ સલ્લા, મેઘાણીપ્રીતિ, સંશોધનનિષ્ઠા અને અભિવ્યક્તિનો ત્રિવેણીસંગમ : 'મેઘાણીચરિત' ● ભાવિકા ન. પારેખ |
| **પરિષદવૃત્ત** | સંકલન : રાજેન્દ્ર પટેલ |
| **સાહિત્યવૃત્ત** | સંકલન : ઇતુભાઈ કુરકુટિયા |
| **આવરણચિત્ર** | માસુમ ખંભાયતા |

પરબ વર્ષ : ૫ માર્ચ : ૨૦૧૦ અંક : ૯

## અ નુ ક્ર મ (પરબ પ્રકાશન)


| | |
|---|---|
| પરિષદ-પ્રમુખનો પત્ર | જે વૉશિંગ્ટનમાં એ સુરતમાં • ભગવતીકુમાર શર્મા 4 |
| તંત્રીલેખ | શ્રી ધીરેન્દ્ર મહેતાને સાહિત્ય અકાદેમી દિલ્હીનો ઍવૉર્ડ, ડૉ. પ્રવીણ દરજીને પદ્મશ્રી સન્માન • યોગેશ જોષી 6 |
| કવિતા | ત્રણ સૉનેટ • રાજેન્દ્ર શુક્લ 10, પરસ્પર • નલિન રાવળ 11, અથવા • રમણીક સોમેશ્વર 11, તાન્કા • ઉમેશ જોષી 11, કોઈ વિશ્વ ખૂલતું હશે • અલ્પેશ કળસરિયા 12, હક આપે તો બોલું • સુધીર પટેલ 12 |
| વાર્તા | બોલો, બાંકેબિહારીલાલકી જય • વર્ષા અડાલજા 13, જેન્તીની લીલ • જનક રાવલ 25 |
| ભારતીય સાહિત્ય | શ્રી મનાચે શ્લોક – સમર્થ સ્વામી રામદાસ • સમશ્લોકી ભાવાનુવાદ : મકરંદ મુસળે 29 |
| શતાબ્દીવંદના | ઉમાશંકરનાં નાટકો : કવિનો ત્રીજો અવાજ • પરેશ નાયક 31, ‘સાધના’ની કવિતા • હરિકૃષ્ણ પાઠક 38, ઉમાશંકર જોશી : જાહેરજીવનના કવિ • સ્વાતિ જોશી 42 |
| વિવેચન | સ્મૃતિ : આત્મકથાનો મૂલાધાર • ધીરેન્દ્ર મહેતા 45, ‘સૉક્રેટીસ’થી ‘સત્ય’ • નરોત્તમ પલાણ 50 |
| અહેવાલ | ગુજરાતી સાહિત્ય પરિષદનું છવ્વીસમું જ્ઞાનસત્ર • અજય પાઠક 54 |
| વિશેષ | ડાંગી રામકથા : મહાકાવ્યનો લોકઢાળ • અરુણા જોશી 63 |
| સમીક્ષા/ગ્રંથાવલોકન | નોંધપાત્ર ચરિત્રનિબંધો : ‘નહિ વીસરાતા ચહેરા’ • મનસુખ સલ્લા 70, મેઘાણીપ્રીતિ, સંશોધનનિષ્ઠા અને અભિવ્યક્તિનો ત્રિવેણીસંગમ : ‘મેઘાણીચરિત’ • ભાવિકા ન. પારેખ 72 |
| પરિષદવૃત્ત | સંકલન : રાજેન્દ્ર પટેલ 76 |
| સાહિત્યવૃત્ત | સંકલન : ઇતુભાઈ કુરકુટિયા 82 |
| આ અંકના લેખકો | 85 |
| આવરણચિત્ર | માસુમ ખંભાયતા |




# પરિષદ-પ્રમુખનો પત્ર

## જે વૉશિંગ્ટનમાં એ સુરતમાં

આજે ફરીથી અહીં સૉનેટના કાવ્યપ્રકાર વિશે લખવા ધારું છું. ગઈ તા. વીસમી ફેબ્રુઆરીએ મુંબઈમાં અમેરિકા-સ્થિત ગુજરાતી કવિ નટવર ગાંધીના ત્રીજા કાવ્યસંગ્રહ ‘પેન્સિલવેનિયા ઍવેન્યુ’ના લોકાર્પણ-કાર્યક્રમમાં હાજરી આપવાનું બન્યું. નટવર ગાંધી અછાંદસ, લયાત્મક વગેરે પ્રકારોમાં તો કાવ્યો લખે જ છે. સૉનેટનો કાવ્યપ્રકાર પણ એમને એકંદરે કંઈક કલમવગો ગણાય. તેમનાં પત્નીના અવસાને જગાવેલી તીવ્ર સંવેદનાની અનુભૂતિને વ્યક્ત કરવા માટે એમને સૉનેટનો કાવ્યપ્રકાર સર્વાધિક અનુકૂળ લાગ્યો. ‘પેન્સિલવેનિયા ઍવેન્યુ’માં પત્નીવિરહનાં સૉનેટોનું એક ગુચ્છ ધ્યાનાર્હ બન્યું છે.

સહેજ અંગત ઉલ્લેખ પણ વિનમ્રભાવે જોડી દઉં :

બે વર્ષ પહેલાં મારાં પત્નીનું સાવ અણચિંતવ્યું અવસાન થતાં મારું સંવેદનતંત્ર તીવ્ર શોકાનુભૂતિથી રણઝણી ઊઠ્યું હતું. કવિતાક્ષેત્રે મારી મુખ્ય ગતિ ગઝલના પ્રકારમાં રહી છે તે એકંદરે સુવિદિત છે. પત્નીવિરહથી આંદોલિત મારું ચિત્તતંત્ર પ્રારંભે શોકોર્મિસૂચક ગઝલ લખવામાં પ્રવૃત્ત થયું ન થયું ત્યાં હું, મારીયે કશી સરત વિના સૉનેટ ભણી વળ્યો અને પછી તો સૉનેટ-સર્જનના પ્રવાહથી પરિપ્લાવિત બન્યો. ફલશ્રુતિ રૂપે દસ મહિનામાં બોત્તેર શોકોર્મિખચિત સૉનેટો રચાયાં.

જે અકળ કાવ્યસર્જનલીલા અહીં સુરતમાં એ જ — હજારો માઇલ દૂર વૉશિંગ્ટનના એક કવિહૃદયમાં પણ સક્રિય બની. નટવર ગાંધીએ પણ પત્નીવિરહની શોકાનુભૂતિની અભિવ્યક્તિ માટે સૉનેટના માધ્યમને અપનાવ્યું, પલોટ્યું.

અહીં મારે જે ભારપૂર્વક કહેવું છે તે આટલું : એકથી વધુ કાવ્યપ્રકારોમાં કામ કરી શકતો કવિ કોઈ વિશિષ્ટ અનુભૂતિની અભિવ્યક્તિ માટે તેને અનુરૂપ એવા કાવ્યપ્રકાર ભણી વળે છે અને એમાં પ્રવૃત્ત થઈ કંઈક ઇષ્ટ કાવ્યપરિણામ સાધી શકે છે. નટવર ગાંધી અછાંદસ કે લયાત્મક પ્રકાર દ્વારા શોકોર્મિસૂચક રચનાઓ કરી શક્યા હોત. મારી ગઝલની વધારે ફાવટ. પરંતુ અમે બંને ચોક્કસ અને સમાન અનુભૂતિની અભિવ્યક્તિ માટે સૉનેટ ભણી વળ્યા અને ઢળ્યા તે આ કાવ્યપ્રકારની વિશિષ્ટ અભિવ્યક્તિ-ક્ષમતાની દ્યોતક ઘટના લેખાય.

દિવંગત ગઝલકાર આદિલ મન્સૂરી ગુજરાતી ઉપરાંત ઉર્દૂના પણ ઉમદા કવિ હતા. તેમણે અઢળક ગુજરાતી ગઝલો લખી છે. ઉર્દૂમાં તેમણે ગઝલો ઉપરાંત કેટલીક આઝાદ નઝમોનું પણ સર્જન કર્યું છે. આદિલે તેમના દિવંગત વાલિદસાહેબનું સ્મૃતિચિત્ર આલેખતી એક અદ્‌ભુત ઉર્દૂ નઝમની રચના કરી હતી. ક્યારેક એ તેઓ મુશાયરામાં રજૂ કરતા. અહીં નોંધનીય મુદ્દો એ છે કે શોકોર્મિસૂચક રચના માટે આદિલસાહેબે બે પંક્તિના શેરોની માળા નહિ પણ કંઈક વધારે પંક્તિઓમાં વિસ્તરતું નઝમનું માળખું પસંદ કર્યું અને તે દ્વારા તેમણે કાવ્યસિદ્ધિનું લક્ષ્ય વીંધ્યું.

પ્રત્યેક પ્રકારની નોખી-નોખી વિશિષ્ટતા તો હોય જ. ગઝલના શેરની બે પંક્તિમાં જે કદીક સૂચવાય છે એ મહાકાવ્યનો અર્ક પણ સંભવી શકે. પરંતુ ગઝલના શેર, દુહા કે હાઈકુમાં કંઈક દીર્ઘ અભિવ્યક્તિને અવકાશ નથી. ત્યારે આખ્યાનકાવ્ય, ખંડકાવ્ય, નઝમ વગેરે કાવ્યપ્રકારોમાં બૃહદ, વિસ્તૃત અનુભૂતિને વ્યક્ત કરવાની મોકળાશ રહે. એકાંકી અને બહુઅંકી નાટક, લઘુકથા અને વાર્તા, લઘુનવલ અને બૃહન્નવલ — આ બધા દેખીતા એક કુળના છતાં અનુભૂતિની જુદીજુદી તરેહને વ્યક્ત કરવા માટેનાં પ્રકારો છે. સૉનેટ શેર, દુહા કે હાઈકુ જેવું અતિલઘુ નહિ તેમ આખ્યાનકાવ્ય કે ખંડકાવ્ય જેવું વિસ્તીર્ણ કાવ્યસ્વરૂપ પણ નથી. તે ઊર્મિકાવ્યનો જ એક પ્રકાર હોવા છતાં તેનો ચુસ્ત બંધ અને વિશિષ્ટ સંવિધાન તેની ખસૂસ વિશેષતા છે. અનુભૂતિના કંઈક મોટા સ્ફુલ્લિંગો, બારીક કથાતત્ત્વ, પરાકાષ્ઠા ઇત્યાદિને તેમાં ખાસ્સો અવકાશ છે. કૌટુંબિક અને વૈયક્તિક સંબંધોની અનેક ભાતો ઉપસાવવા માટે આ પ્રકાર ઘણો અનુકૂળ જણાયો છે. આપણા અનેક સિદ્ધ સૉનેટકવિઓનાં તેવાં સૉનેટોનો નિર્દેશ કરી શકાય. તત્કાળ તો મને કવિ ઉશનસ્‌નાં માતા-પિતા વિષયક સૉનેટો સ્મરણે ચઢે છે.

કવિ તેની કોઈ વિશિષ્ટ અનુભૂતિની અભિવ્યક્તિનું પૂરેપૂરું કાર્યસાધક માધ્યમ પસંદ કરે તે કાવ્યલક્ષ્યની સિદ્ધિનું તેનું પ્રથમ અને સફળતાની લગભગ ખાતરી આપતું સોપાન કહી શકાય. પાણી જેમ તેનો યોગ્ય ઢાળ કે પાત્ર શોધી લે છે તેમ કવિચિત્તની અનુભૂતિ ચપોચપ બંધબેસતી અભિવ્યક્તિના પાત્રમાં ઢળી જાય એટલે પ્રાથમિક કાર્ય સિદ્ધ થયેલું ગણાય. પણ આવો મણિકાંચનયોગ કાંઈ રમતવાતમાં કે કશી આંતરિક સજ્જતા વિના સધાઈ ન શકે. તે માટે કવિએ તેના ચિત્તતંત્રને અને સર્જકશક્તિને સદૈવ ઉદ્યત તથા મોકળાં રાખવાં જોઈએ. આવી આંતરિક સર્જનપ્રક્રિયા કવિચિત્તમાં નિરંતર ચાલતી રહે તો તે તેના લક્ષ્ય સુધી પહોંચવાની આશા રાખી શકે. એક વાર આ પ્રથમ પગથિયું ચઢ્યા પછી કવિએ તેની સર્વ સર્ગશક્તિને કામે લગાડી કાવ્યસિદ્ધિ માટે મથવું પડે.

તા. ૨૪-૨-૨૦૧૧ **ભગવતીકુમાર શર્મા**



# તંત્રીલેખ

## શ્રી ધીરેન્દ્ર મહેતાને સાહિત્ય અકાદેમી દિલ્હીનો ઍવૉર્ડ



કવિ શ્રી ધીરેન્દ્ર મહેતાને ‘છાવણી’ નવલકથા માટે સાહિત્ય અકાદેમી, દિલ્હીનો ઍવૉર્ડ મળે છે. ધીરેન્દ્ર મહેતાના નામ સાથે જ તરત એમની નવલકથા ‘ચિહ્‌ન’ યાદ આવે. એ સાથે જ યાદ આવે એમનો ચહેરો, સ્નેહ વરસાવતી એમની આંખો; સ્પષ્ટ, રણકતો સચ્ચાઈભર્યો એમનો અવાજ; ચુંબક જેવું એમનું વ્યક્તિત્વ. એમની પાસે ક્યારેય અતડું કે અજાણ્યું ન લાગે – પહેલી જ વાર મળતા હો તોપણ; કશુંક પોતીકાપણું અનુભવાય, ધબકતી હળવાશ અનુભવાય. જાણે ભીતરની કોઈક વેવલેન્થ મળતી હોય તેવું અનુભવાય. એમનો શબ્દ પણ જાણે સમગ્ર વિશ્વને સમજવા-ચાહવા માટે પ્રગટતો ન હોય ! એમના શબ્દના ઉજાસમાં જાણે ધીરેધીરે બધું સ્પષ્ટ થતું જાય. એમના વિચારોમાં અને વ્યક્તિત્વમાં પૂરી Clarity. ક્યાંય કોઈ ગૂંચ નહિ. ક્યાંય ધૂંધળાશ નહિ. એમના સ્કૂટરની સાઇડ-કારમાં બેસવું એ એક લહાવો. એક વિશિષ્ટ ગતિનો અનુભવ થાય. સાથે એમની ભીતરની ગતિય પમાય. થાય, જાણે કોઈ સ્થિતિશક્તિનું ગતિશક્તિમાં રૂપાંતર થતું જાય છે. એમની કથાઓમાંય ઘટનાનું, પરિસ્થિતિનું, ચરિત્રનું સંવેદનના સંદર્ભે જાણે કોઈ ગતિશક્તિમાં રૂપાંતર થતું જાય છે. એમનો શબ્દ જાણે ઘીના દીવાની જ્યોત જેવો સ્પષ્ટ હોય છે. જેના અજવાળે ચરિત્રની ભીતર પણ ઊંડે સુધી નીરખી શકાય છે. સંવેદનશીલ હૈયું બધું જ તીવ્રતર અનુભવે, પણ સર્જક-મન ‘સર્જન’ માટે નિર્મમ પણ બને, ક્યારેક ક્રૂર પણ બને ને સાક્ષીભાવે આંતરસૃષ્ટિને તથા બાહ્યસૃષ્ટિને જુએ ને objectively નિરૂપે – જરીકે ખેંચાયા-તણાયા વગર. આ અંગેનાં ઘણાં ઉદાહરણો ‘છાવણી’માંથી પણ મળી શકશે.

‘સર્જકની આંતરકથા’માં ધીરેન્દ્ર મહેતાની કેફિયતનું શીર્ષક ઉમાશંકર જોશીએ આપેલું – ‘ગઢની રાંગ પર ચકરાવા લેતી સમડી’ – આ એકલતા કવિ ધીરેન્દ્ર મહેતાની ભીતર પણ છે અને ‘છાવણી’ના નાયકની અંદર પણ. ધીરેન્દ્ર મહેતાની સર્જક-ચેતનામાં ભુજ ઊંડે સુધી રોપાયેલું છે. ભુજને તેઓ અપાર ચાહે છે. ભૂકંપના એક ઝાટકે આખુંયે ભુજ મલબો બની જાય, ધૂળના ગોટેગોટ થઈ જાય એની પીડા આ કવિ-સર્જકે કઈ રીતે સહી હશે – શોકમાંથી શ્લોક જન્મે તેમ, આ પીડામાંથી ‘છાવણી’ જન્મી છે. આ સર્જકને મન અનુભવનું વિશેષ મૂલ્ય છે. ‘સર્જકની આંતરકથા’માં એમણે નોંધ્યું છે –

> ‘‘...નવલિકા અને નવલકથા, બંનેના સર્જન-અનુભવે એવી સ્પષ્ટ પ્રતીતિ કરાવી છે કે જીવનના પ્રત્યક્ષ અને ભરપૂર અનુભવ વિના આ ભોંય પર ટકવું શક્ય નથી અને અનુભવની અવેજીમાં અહીં કશું જ કામ લાગતું નથી.’’

Parab Online
March 2011
Page: 3

(સર્જકની આંતરકથા' સં. ઉમાશંકર જોશી, ૧૯૮૪, પૃ. ૪૮)

આ સર્જકને ભૂકંપનો પ્રત્યક્ષ અને પારાવાર અનુભવ છે; ભંગુરતાનો અને સામૂહિક નિરાધાર સ્થિતિનો એમણે સાક્ષાત્કાર કર્યો છે. વળી લેખકે નિવેદન – 'એક ઉપલબ્ધિ – જાતને'માં નોંધ્યું છે તેમ, ધરતીકંપના સીધા અનુભવની નવલકથા લખવી એ જાણે એક જવાબદારી હોય એવી લાગણી એમના મનમાં જાગ્યા કરતી.

આ નવલકથામાં લેખકે ડાયરી-રીતિ અપનાવી છે. તથા કથા-નાયક, ડાયરી-લેખક એ ભુજના – અંદરના પીડિત લોકોમાંનો નથી પણ બહારથી આવેલો છે. જેથી વસ્તુલક્ષિતા તથા નિરપેક્ષતા સહજ બને છે તથા ભીષણ-દારુણ દશ્યો નિરૂપવામાં લેખક નિર્મમ, ક્રૂર બની શકે છે. ડાયરી-રીતિના કારણે કથકચરિત્રના વિચારો, અંગત સંવેદન, ચિંતન-મનન આદિને અવકાશ મળે છે. આ કથાના એક ધ્રુવ પર કથા-નાયક – ડાયરી-લેખક છે તો બીજા ધ્રુવ પર છે ભૂકંપ-પીડિત લોકો – સમૂહ. રાતે છાવણીમાં તાપણું થાય, આસપાસ ભૂકંપ-પીડિત લોકોનું કૂંડાળું – એમાં થતી વાતો થોડે દૂર – પોતાના તંબૂમાં રહેલા નાયકના કાને પડે – એમાંનું ડાયરીમાં ટપકાવે. આમ, અલગ અલગ ઍંગલથી ભૂકંપનાં ચિત્રો રજૂ થતાં જાય. દિવસે એ મલબો બની ગયેલા નગરમાં ફર્યા કરે ને બધું જોયા કરે – એ દરમિયાન મળેલા લોકો ને એમની વાતો, સંવેદનો, પીડા, લાચારી... બધું ડાયરીમાં લોકોના શબ્દોમાં નોંધે, એમાં અંગત સંવેદનો-ટિપ્પણો ઉમેરાતાં જાય ને આમ કથાનું બહુ-પરિમાણી પોત વણાતું જાય. દારુણ-ભીષણ-આઘાતજનક દશ્યોનાં હૂબહૂ નિરૂપણથી ભાવક પણ અસ્વસ્થ થઈ ઊઠે. ક્યારેક ડાયરીલેખકના વિચારોનો ભાર પણ લાગે. ક્યારેક કથક બધું વધારે પડતું સ્પષ્ટ કરીને સમજાવે ત્યાં લંબાણ પણ અનુભવાય. પણ ડાયરીની રીતિ-પ્રયુક્તિના કારણે આ નભી જાય. ભૂકંપની પીડા-પરિસ્થિતિ-સંવેદનો ઘૂંટાઈ ઘૂંટાઈને પ્રગટાવ્યા બાદ પુનર્વસનની વાત પણ ઠોસ વાસ્તવિકતાથી નિરપેક્ષ-નિર્મમ રીતે રજૂ થઈ છે; ક્યારેક વિડંબના ને ઉપહાસને પણ લેખકે ખપમાં લીધાં છે.

નવલકથા લેખકનું લક્ષ્ય ભૂકંપનો માત્ર દસ્તાવેજ આપવાનું નથી. કથા-નાયકના જ શબ્દોમાં જોઈએ તો –

> 'આ ડાયરી એ કંઈ દૈનંદિની નથી. રોજ શું શું બને છે કે રોજેરોજ હું શું કરું છું એની નોંધ નથી. એક ગમખ્વાર ઘટનાનો દસ્તાવેજ – ના, દસ્તાવેજ નહિ, હેવાલ – ના, હેવાલ નહિ, તસવીર – ના, તસવીર નહિ, એક ચિત્ર – આખા કૅનવાસને ભરી દેતું ચિત્ર, કદાચ કૅનવાસની પણ બહાર નીકળી જતું ચિત્ર.'
>
> (પૃ. ૨૧૩)

આમ, કૅનવાસની બહાર નીકળી જઈને પ્રગટતા ચિત્રમાં નવલકથાકારની કલા પણ પ્રગટ થાય છે. ભૂકંપની પરિસ્થિતિની સાપેક્ષ આ કથામાં માણસનો એક ચહેરો પ્રગટ થતો રહે છે, જેની ભીતર ઈશ્વરનો ચહેરો પણ પમાય તો ક્યારેક શેતાન (evil)નો ચહેરો પણ. વિભીષિકાનુંય એક રૂપ ધીરેધીરે છતું થતું જાય છે. કથાનાયકના સામે છેડે ભૂકંપપીડિત સમૂહનું નિરૂપણ ભાષા-બોલી સંદર્ભે પણ ધ્યાનપાત્ર બની રહે છે. ચિત્તમાં ઊઠતી ભ્રાંતિઓનેય લેખકે ઝીણવટથી નિરૂપી છે. વિધિની વક્રતાને લેખકે સરસ ઉપસાવી છે. જેમકે –

> 'હું આશ્રય મેળવવા માટે એક એવા શહેરમાં આવ્યો હતો, જે પોતે જ નિરાશ્રિત બની ગયું છે – મારા આવવાની ક્ષણે જ. અને છતાં મને મારી જગા મળી ગઈ છે.'
>
> (પૃ. ૧૨૧)
>
> S
>
> 'જેણે ઘર પાડી નાખ્યાં એણે જ તંબૂ તાણવાની જગા આપી અને છાતીમાં ખીલા ઠોકવા દીધા !'
>
> (પૃ. ૯૨)

મલબા નીચે અસંખ્ય લોકો દટાઈ મર્યાં છે ને શહેર આખું જાણે કબ્રસ્તાન બની ગયું છે. 'જીવ' બચાવવા લોકો ખુલ્લી જગા સિવાય બીજે સલામતી ન હોઈ 'કબ્રસ્તાન'માં જાય છે.

જે નગરને લેખક ભરપૂર ચાહતા હોય એને ભૂકંપના ઝાટકે મલબો થઈ જતું જોવું તે ધરતીકંપના અનુભવની કથા લખવા વારો આવે એ પણ કેવી મોટી irony !

નિબંધના સ્વરૂપની જેમ ડાયરીના સ્વરૂપમાંથીયે પ્રગટતા 'હું'નો અલગ અભ્યાસ થઈ શકે. ડાયરી-રીતિના કારણે સંવેદનાનાં સૂક્ષ્મ સ્તરનું તથા ઉગ્ર વાસ્તવિકતાનું નિરૂપણ ક્યારેક અંદર પ્રવેશીને તો ક્યારેક બહાર રહીને, થઈ શક્યું છે.

> 'ઘોડીથી ચાલતો ચાલતો પુરુષ ત્યાં પહોંચે એ પહેલાં સ્ત્રી આગળ આવીને પુરુષના ઘોડી પર ટેકવાયેલા ખભા પર તૂટી પડી.
>
> ... ... પરંતુ કાંખઘોડી એને ઝૂકવા દે એમ ક્યાં હતી ?'
>
> (પૃ. ૪૬-૪૭)
>
> S
>
> 'જીવ બચાવવા કૂદી પડીને નીચે ઊંધાં પડેલાં માનવશરીરો પર મેં મળ ચોંટેલું જોયું હતું. એ જોઈને સૂગ ચઢવાને બદલે કમકમાટી થઈ આવી હતી.'
>
> (પૃ. ૪૭)

ડાયરી-લેખક – નાયકની નીચેની નોંધ આ નવલકથા તથા નવલકથા-લેખકનેય લાગુ પડે છે –

> 'નિરીક્ષણ ક્યારે વિચારોનું, વિચારો ક્યારે લાગણીનું અને લાગણી ક્યારે વિચારોનું રૂપ લઈ લે છે તેની ખબર પડતી નથી...'
>
> '...હું મારા સ્વભાવવિરુદ્ધ વાચાળ બનતો જાઉં છું એ પણ આ ડાયરીનો પ્રતાપ.'
>
> (પૃ. ૧૨૭)

નવલકથાકારે ડાયરીના રૂપમાં ઘટનાઓ, દશ્યો, વ્યક્તિઓ, વિચારો તથા સંવેદનાઓની દષ્ટિપૂર્વક નોંધ કરી છે.

આ કથામાં સર્જકતાનો ધબકાર અવારનવાર અનુભવાય છે. જેમકે —

> 'આમતેમ વેરવિખેર થઈ ગયેલા, ભટકતા લોકો આંખોમાં અને ભીતર એવી રીતે રાવટી તાણીને બેસી ગયા છે કે ઘણી વાર તો એવું લાગે છે, હું પોતે જ એક છાવણી ન

હોઉં !'

(પૃ. ૧૦૫)

ભૂકંપની પરિસ્થિતિમાંય માણસ ક્યારેક હસી શકે છે તેની તથા દાદા પરદાદા બનશે એની ઉજવણીની વાત પણ આવે છે.

હાથ-પગ ભલે ભાંગ્યા હોય, મલબાના ઢગ વચ્ચેય 'માણસ' ટટ્ટાર કરોડરજ્જુ લઈને ઊભો છે; દિશાઓ દટાઈ ગઈ હોવા છતાં ફરી ફરીને કોઈ ક્ષિતિજ ભણી ચાલવા માટે. ધરતીકંપના અનુભવની નવલકથા આપનાર ધીરેન્દ્ર મહેતાનો શબ્દ પણ ટટ્ટાર કરોડરજ્જુ સાથે ધબકે છે.

## ડૉ. પ્રવીણ દરજીને પદ્મશ્રી સન્માન

પ્રસિદ્ધ નિબંધકાર, કવિ, વિવેચક, સંપાદક ડૉ. પ્રવીણ દરજીને પદ્મશ્રી સન્માનની જાહેરાત થઈ છે. એમનો જન્મ તા. ૨૩-૮-૧૯૪૪ના રોજ પંચમહાલ જિલ્લાના મહેલોલમાં. જ્યાં એમણે પ્રકૃતિને ભરપૂર પીધી. એમના શબ્દના ઉછેરમાં આ પ્રકૃતિનોય મોટો ફાળો રહ્યો છે. ઝરણાની જેમ એમનો શબ્દ સહજ-સતત વહેતો રહ્યો છે.

૧૯૬ પથી ૧૯૬૭ સુધી મોડાસા કૉલેજમાં ને ત્યારબાદ લુણાવાડા કૉલેજમાં અધ્યાપન. સાથેસાથે સર્જન તથા વિવેચનનાં કામ પણ નિષ્ઠાપૂર્વક ચાલતાં રહ્યાં. 'શબ્દસૃષ્ટિ'ના સંપાદક તરીકે તથા યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બૉર્ડના ઉપાધ્યક્ષ તરીકે પણ તેમણે સેવા આપી હતી.



'લીલાં પર્ણ', 'મોતીનો ચારો', 'આયખાના આંક', 'પંચમ' જેવા નિબંધસંચયો, 'ચીસ', 'ઉત્સેધ', 'ઇઓ' જેવા કાવ્યસંગ્રહો; 'નિબંધ : સ્વરૂપ અને વિકાસ' જેવો શોધ-પ્રબંધ, 'લલિત નિબંધ', 'નવલકથા સ્વરૂપ', 'સ્પંદ', 'પુરાકલ્પન' જેવા વિવેચનગ્રંથો એમની પાસેથી મળ્યા છે. 'સંસ્કારચંદ્રક', 'પ્રેમાનંદ સુવર્ણચંદ્રક', 'ધનજી-કાનજી સુવર્ણચંદ્રક', 'ડાહ્યાભાઈ પટેલ સુવર્ણચંદ્રક' આદિ સન્માનો એમને મળ્યાં છે. ડૉ. પ્રવીણ દરજીને પદ્મશ્રી સન્માન પ્રસંગે હૃદયપૂર્વકનાં અભિનંદન.

**– યોગેશ જોષી**





# કવિતા

## ત્રણ સૉનેટ | રાજેન્દ્ર શુક્લ

### ૧. ઢેફાનું અતિક્રમણ

પથ્થરને ઢેફું અફળાય,
એમાં પથ્થરનું શું જાય,
પથ્થરને કાંઈ નવ થાય !

પથ્થરથી પથ્થર રહેવાય,
ઢેફું ભાંગ્યે ધૂળ થવાય,
ઢેફાનું ઢેફાપણું જાય !

ઢેફાને ઘટ એવું ઘટ્યું,
એક હતું મૂળ તે યે મટ્યું,
ઈ પોતે પોતાને વટ્યું !

ના કહેવાયું ના કંઈ કહ્યું,
ના આવ્યું ના કોઈ ગયું,
હતું એમનું એમ જ રહ્યું !

ઓળખ સઘળી જો અળગાયા,
હવે ક્યહાં જઈને ટળવળાયા !

### ૨. કોઈક પૂર્વસૂરિની ઉક્તિ

પરથમ પહેલું આવ્યું જે,
પાછું પરગટ થઈને કહે –

''ઊણું અધૂરું રઈ ગ્યું જે
થાય તો પૂરું કરવું તે.

અમે આવી સમજાવ્યું જે,
પહેલાં તો તું સમજી લે;
એ પરમાણે રહી જોજે,
પછી બીજાને કહી જોજે.

જેણે જેણે ભાળ્યું છે,
ગજા મુજબ અજવાળ્યું છે,
તાર ગ્રહીને તારવજે,
સાર સાર બસ સારવજે.

કોઈ ન સમજે તો કંઈ નઈં,
મમત આપણે કરવી નઈં !''

### ૩. સર્વના સ્વીકારમાં

શબ્દ પંક્તિમાં
ઢળ્યો,
પંક્તિ છંદમાં
ભળી,
છંદ પ્રાસને મળ્યો.

પ્રાસ શ્વાસમાં
ભળ્યો,
શ્વાસમાં તું
સાંભળ્યો,
મેં તને તરત
કળ્યો !

**પરસ્પર | નલિન રાવળ**

**પ્રશંસાના રંગબેરંગી**
**રૂપાળા હાર**
**માન્યવર સાહિત્યકારો**
**પરસ્પરને પ્રેમથી પ્હેરાવતા,**
**સમારંભો મહીં**
**જયજયકારના નાદે ધૂણી**
**ચન્દ્રકોની સ્નેહપૂર્વક આપ-લે**
**કરતા,**
**સ્વર્ણિમ વિવેચનગ્રંથનાં પૃષ્ઠો**
**ઉપર**
**સંપ્રાપ્ત સાહિત્યસિદ્ધિની**
**તકતીઓ મૂકતા,**
**અને**
**અંતે કરતલધ્વનિથી**
**શતવર્ષનું આયુષ્ય ઊજવી**
**કીર્તિમંદિરોમાં**
**ભવ્ય**
**નિજના બાવલા મૂકી સ્વર્ગ**
**સંચરતા.**



# પરબ

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગે :

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ રૂ. ૭૫ છે, પ્રમાણપત્ર સાથે બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક રૂ. ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક રૂ. ૩૦૦ છે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક રૂ. ૨,૦૦૦ છે તથા સંસ્થા આજીવન સભ્ય ફી રૂ. ૩,૦૦૦ છે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

## લેખકોને :

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકેપ અથવા A4 સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવા તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ રદ ગણવી. પૉસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ ૩૮૦૦૦૯

# શતાબ્દીવંદના

## ઉમાશંકરનાં નાટકો : કવિનો ત્રીજો અવાજ | પરેશ નાયક

### ભૂમિકા

એવા બહુ ઓછા લેખકો હશે જેમને લેખનકાળના આરંભથી જ નાટક અને કવિતા બેઉ સ્વરૂપોમાં એક સરખા ઉત્સાહથી કામ કરવાની પ્રેરણા જાગી હશે. બેઉ સ્વરૂપોમાં ઉત્તમ સિદ્ધિ હાંસલ કરી શકનારા કવિ – નાટ્યકારો એથીય ઓછા હશે. તો પદ્યનાટકના સ્વરૂપમાં સાદ્યંત સફળ થનારા તો એથી પણ ઓછા.

ઉમાશંકરે પહેલાં કવિતા લખવી શરૂ કરી, પણ એ પછી તરત જ એમને નાટ્યલેખનમાં પણ રસ પડ્યો. છ દાયકા ઉપરાંતની એમની કારકિર્દીમાં નાટકો લખવાની કામગીરી વચમાં વચમાં બંધ થઈ છે એ સાચું, પણ 'પ્રાચીના'માં કવિતાના ત્રીજા અવાજરૂપે નાટ્યાત્મક પદ્યસંવાદો અથવા સંવાદ-કાવ્યો રચીને જાણે કે 'સાપના ભારા'થી શરૂ થયેલી નાટ્યલેખનની એમની કામગીરીને એક કાવ્યાત્મક વળાંક આપીને એમણે એનું અનુસંધાન જાળવી પણ લીધું છે. 'પ્રાચીનાં'માં આ સંવાદ-કાવ્યો વિશે વાત કરતાં એ કહે છે :

'કવિતામાં એલિયટે કહેલો 'ત્રીજો અવાજ' ખીલવવાની, પદ્યનાટક વિકસાવવાની દિશામાં આ પ્રયોગો છે.'

આ નોંધ ૧૯૮૧ની છે. સંભવ છે કે થોડાંક વધુ વર્ષો મળ્યાં હોત તો એમણે પદ્યનાટક ઉપર હાથ અજમાવ્યો પણ હોત. અને જો ઉમાશંકરે સળંગ આખું પદ્યનાટક લખ્યું હોત તો કદાચ એ એમાં સફળ પણ થયા હોત.

૨૧ વર્ષની વયે ઉમાશંકરે નાટક લખવાની શરૂઆત કરી ત્યારે કાવ્યલેખનની એમની યાત્રા શરૂ થઈ ચૂકી હતી. 'વિશ્વશાંતિ' લખાઈ ગયું હતું. સમાજ અને પ્રકૃતિનાં વિવિધ દશ્યશ્રાવ્ય તરંગો ઝીલતાં ઝીલતાં ઊર્મિ અને કથનની સમાંતરે જ હવે એમને નાટ્યરૂપો સર્જવામાં રસ જાગ્યો હતો. પરિણામે, ૧૯૩૨થી શરૂ કરીને એમણે ગદ્યનાટકરૂપે પેલા ત્રીજા ધ્વનિની શ્રુતિઓ ને અનુશ્રુતિઓ સિદ્ધ કરવાનો કસબ પણ કેળવવા માંડ્યો.

૨૩ વર્ષની વયે વીસાપુર જેલના એક કેદી તરીકે, ત્રીજા અવાજની આ ખોજ એમણે એકાંકીલેખનની રાહે આરંભી. પૂરેપૂરી સજ્જતા અને કાબેલિયત સાથે.

એ માટે પહેલાં એમણે ઉત્તમ નાટકોનું સઘન વાચન કર્યું, ને પછી મૌલિક એકાંકીઓ રચવાનો આરંભ કર્યો. નાગરી ગુજરાતીમાં જ નહીં, પોતાના વતનમાં બોલાતી બોલીને પણ વાચક સરળતાથી સમજી શકે તેવા સ્વરૂપમાં તેમણે પ્રયોજવા માંડી.

અને, ચંદ્રકાન્ત શેઠે એમના અભ્યાસમાં તારવ્યું છે તેમ, 'ઉમાશંકર પૂરતી નાટ્ય-અભિજ્ઞતા સાથે એકાંકી ક્ષેત્રે' પ્રવેશ્યા.

પોતાની એ કાળની મનોદશાની વાત કરતાં ઉમાશંકર કહે છે, 'ગમે તેમ પણ એ વરસો એવાં હતાં કે જ્યાં નજર પડે ત્યાં મને એકાંકી દેખાતું, કોઈ પણ માર્મિક ઘટના એકાંકીના ઢાળામાં સહજપણે ઢળાઈ જતી ભાસતી.'

આ જ કેફિયતમાં ત્રીજા અવાજ વિશેના પોતાના passion અથવા તો પક્ષપાતની કબૂલાત કરતાં એ લખે છે :

'ટૂંકી વાર્તા લખતો તેમાં પણ નાટ્યાત્મકતા માટે પક્ષપાત રહેતો... નાનાં ઊર્મિકાવ્યોમાં પણ, નાટ્યાત્મક તત્ત્વ આવે એ જોવા મન આતુર રહેતું.'

આનો અર્થ એ કે કવિ ઉમાશંકર માટે તત્કાલીન સામાજિક પરિવેશ જો નાટકને અનુકૂળ વસ્તુ સૂઝવામાં નિમિત્ત બનતો હતો તો એ વસ્તુને નાટકના ઢાળામાં ઢાળવાની સજ્જતા કવિએ પોતે કેળવેલી હતી.

પછીનાં વર્ષોમાં જ્યારે 'શૈલી અને સ્વરૂપ'માં એકાંકીનાં સ્વરૂપ વિશે વાત કરે છે ત્યારે જાણે 'સાપના ભારા'ના દિવસોની એકાંકી લેખનની પોતાની સર્જનપ્રક્રિયાનું અવલોકન કરતા હોય તેમ ઉમાશંકર લખે છે :

'કેટલીક અનુભૂતિઓ એવી હોય છે જેનો વેગ લાંબા ફલક પર ફેલાતો નથી. એને લાંબા નાટકમાં નિરૂપવામાં આવે તો એની વેધકતા નાશ પામે. તીવ્ર સઘન અનુભૂતિને માટે એકાંકી એ અનિવાર્ય વાહન થઈ પડે... અનુભૂતિની તીવ્રતા, વેધકતા, વ્યંજકતા એ એકાંકીનું લક્ષણ લેખાવું જોઈએ.'

ઉમાશંકરનાં એકાંકીઓની કેટલીક આગવી લાક્ષણિકતાઓ, અને એકાંકીના સ્વરૂપ વિશેની એમની આ સૈદ્ધાંતિક ભૂમિકા, બેઉને સ્પષ્ટ કરી આપવા માટે સાપના ભારાથી વધુ સારું ઉદાહરણ કયું હોઈ શકે ?

### સાપના ભારા

'સાપના ભારા' એકાંકીની ઊઘડતી ક્ષણે જ મેના, એની મા અંબા, અને વેવાણ ધનબાઈ – આ ત્રણેય પાત્રો, જે-જેવી-ને-જેટલી તીવ્ર, વેધક અને વ્યંજક અનુભૂતિના પિંડમાં જકડાયેલાં હોઈને પરસ્પરની સાથે એક જ સ્થળ-કાળમાં, ત્યાં-ને-ત્યાં જ, ત્યારે-ને-ત્યારે-જ, જાણે ગંઠાઈ ગયેલાં વરતાય છે.

એ પરથી ઉમાશંકરની સૈદ્ધાંતિક ભૂમિકા સમજાય છે, કે – હા, એકાંકી જ આ પ્રકારની અનુભૂતિનું સહજ માધ્યમ હોઈ શકે.

આ નાટકના ઉઘાડની ક્ષણથી લઈને અંત સુધી, એટલે કે –

....શીરામાં કાચ ખવડાવી દીધા પછી ધનબાઈ વેવાણ અંબાબાઈને પૂછે છે કે, 'કોઈનું નામ લીધું ?' અને અંબાબાઈ 'નંદરામ વેવાઈ'નું નામ પાડે છે. ત્યારે જડવત્ બની જતી વેવાણ 'મારી શોક્ય ! રાંડ લુચ્ચી' એમ દુઃખથી ગુસ્સે થઈને ભાંડે છે. 'રાંડ લુચ્ચી' એવી ગાળ જેને અપાઈ રહી છે તે મેનાની મા અંબા આ સાંભળી રહે છે, મેના ત્યાર સુધીમાં તો 'નથી' એટલે એ સાંભળવાની પણ નથી....

– બસ આટલે સુધીની અનેક સૂક્ષ્મ, માનસિક, ઘટનાઓને અંતે પેલી તીવ્ર, વેધક અને

વ્યંજક અનુભૂતિનો વેગ ખૂટી જાય છે. કેમ કે, નાટકમાં આરોપાયેલા એ અનુભૂતિ-બીજનું ત્યાર લગીમાં સંપૂર્ણ ફલીકરણ, ને એ પછી એનું સહજ વિઘટન થઈ ચૂક્યું છે. એ બીજમાંથી વાસ્તવજનિત કલાનું એક વૃક્ષ ભોંય ચીરીને પ્રગટી ચૂક્યું છે. અને એ સાથે જ, જાણે કે પેલી તીવ્ર, વેધક અને વ્યંજક અનુભૂતિ નિર્વાણ પામી છે. ભાવક પક્ષે, કલાના અનુભવની અનંત સંભાવનાઓ તો, એ પછી પણ વિસ્તરતી રહે છે...

કવિ કલાપીની વયનો, આ એક શિક્ષિત, પ્રશિક્ષિત, ક્રાંતિકારી વિચારો ધરાવતો, ગ્રામીણ ગુજરાતી કવિ એક જ નાનકડા એકાંકીમાં જીવનદર્શન અને કલાત્મક ઉપલબ્ધિ બેઉ પરત્વે. સર્જક અને ભાવક બેઉને અનુસંગે થતા સાહિત્યકલાના અનુભવની દૃષ્ટિએ, અહીં જાણે ગ્રીક નાટકના અંતે સર થતી ઊંચાઈ હાંસલ કરી શકે છે એવી અતિશયોક્તિમાં ઘડીભર રાચવાનું મન થાય તેવો કલા-અનુભવ આ નાટક વાચક-પ્રેક્ષક બેઉને કરાવી શકે છે.

## કવિનાં નાટકો

નાની વયે ઉમાશંકરે સાધેલી આ નાટ્ય-અભિજ્ઞતાનો, મેચ્યરિટીનો, મોટી વયે કવિ સંમેલનોમાં, નંદીની ચાલની લયમાં અને બાળસહજ ઋજુ સ્વરમાં, 'એક વાર ખાય ત્રણ વાર ન્હાય' 'ત્રણ વાર ખાય, એક વાર ન્હાય' એમ સ્વરચિત કાવ્યપંક્તિઓનો પાઠ રજૂ કરતા ઉમાશંકર સાથે અજોડ નાતો છે.

કવિને સદેહે જોવાનું સદ્ભાગ્ય જેમને જેમને સાંપડ્યું હશે તે સૌને, નટની અભિજ્ઞતાથી કવિતામાં સમાયેલા વાચિકમને મંચ ઉપર રજૂ કરતા ઉમાશંકનું સ્મરણ હશે. તો ગંભીર પ્રશ્નની ચર્ચા પ્રસંગે હમણાં પિત્તો ખોઈ બેસશે એવા તનાવયુક્ત ચહેરાવાળા ઉમાશંકર પણ સાંભરશે.

ઉમાશંકરની આ બન્ને મુદ્રાઓ એમની પોતીકી છે. બેમાંથી એકેયમાં છળ કે છદ્મ નથી. બન્નેના પડઘા એમનાં એકાંકીઓમાં સંભળાય છે. બલકે વાસ્તવ જગતમાંથી ને માણસના મનમાંથી વીણેલા આવા અસંખ્ય વિરોધોનો એક સંકુલ કેલિડોસ્કોપ ઉમાશંકરનાં નાટકોમાં સિદ્ધ થાય છે.

આ વિરોધો કદાચ એટલા માટે, કેમ કે – સાંસારિક જીવનનાં કે પ્રકૃતિનાં બે પૃથક છતાં સહ-ઉપસ્થિત તત્ત્વો અથવા તો બે જુદી જુદી તોય સમાંતર સર્જાતી પરિસ્થિતિઓ – એવા બે વિરોધોની, સ્વતંત્ર, સમાંતર, ને સંપૂર્ણ સમજ કેળવીને જ તો કદાચ કોઈ પણ કવિ કવિતાનો ત્રીજો અવાજ પ્રગટાવવાની ઊર્જા આત્મસાત કરતો હશે.

ઉમાશંકરનાં નાટકો કવિનાં નાટકો છે. વાસ્તવદર્શી હોઈને પણ જયંતિ દલાલનાં નાટકોથી આ અર્થમાં એ જુદાં નાટકો છે. ગુજરાતી રંગભૂમિ બેઉનાં એકાંકીઓથી ઊજળી છે. પણ બન્ને નાટ્યકારોની નાટકની વ્યાખ્યા ભિન્ન છે. બલકે, સામા છેડાની છે.

વીસાપુરની જેલથી આરંભીને ૧૯૩૨-૩૩નાં બે વર્ષો દરમિયાન લખાયેલાં એકાંકી નાટકોનો સંગ્રહ 'સાપના ભારા' લઈને જ્યારે એ આવે છે ત્યારે, ૧૯૩૬માં ઉમાશંકરને એ ખબર છે કે ગુજરાતના ગ્રામજીવનનું એવું વાસ્તવદગ્ધ ચિત્ર લઈને એ ગુજરાતની રંગભૂમિ ઉપર પ્રવેશ કરી રહ્યા છે કે જેમાં નિરૂપાયેલું વાસ્તવ એની તમામ અર્થછાયાઓ અને રંગવૈવિધ્ય સાથે, એના પૂરેપૂરા ઉષ્ણતામાન સાથે, ઝીલવું ગુજરાતી પ્રેક્ષક માટે કપરું બનવાનું છે.

કવિ એ વિશે પણ સભાન છે કે એમનાં 'એકાંકીમાં તો વાતાવરણ જ સર્વસ્વ છે.' અલબત્ત એકાંકી નાટકની એ જ એમની વ્યાખ્યા છે. અને માટે, ઉત્સાહથી તરવરતા તોય સહેજસાજ સાશંક, યુવા ઉમાશંકર થોડાક એપોલોજેટિક ને થોડાક ડિફેન્સીવ સ્વરમાં પોતાની પ્રસ્તાવના બાંધે છે :

'આ નાટકોની સૃષ્ટિ જોઈને લખનારને કોઈ દોષદેખો અનિષ્ટચિંતક (સીનીક) ન ગણે એમ વિનંતી કરું છું. જિંદગી સૌને જૂજવા રૂપે જોવા મળે છે. એને જેવી જોવા મળી તેવી તેણે પૂરતી સહાનુભૂતિ રાખીને રજૂ કરી છે. બાકી જગતમાં બધું જ સુંદર હોય, બધું જ નિર્દોષ હોય તો તો ઘણું સારું. છતાં જેમ છે તેમ પણ નિરાશાપ્રેરક તો નથી જ. કોઈ વાર ફૂલો જોઉ છું ત્યારે સહજ મનમાં થાય છે, 'ફૂલો પણ છે !'

સાપના ભારાની પ્રસ્તાવનાના પચ્ચીસ વર્ષના ઉમાશંકરનો આ ટોન ગૃહત્યાગ કરી રહેલા સરસ્વતીચંદ્રના ચંદ્રકાન્ત ઉપરના પત્રનો હોય એવો સહેજ નથી ?

ને બીજી તરફ એ જ્યારે સૌને 'જૂજવા રૂપે' જોવા મળતી જિંદગીની વાત કરે છે ત્યારે ભૂલેચૂકે પોતાને સીનીકલ માની બેસનાર પ્રેક્ષકોને એ જાણે કે હામ ભીડીને યાદ અપાવે છે કે મહેતો નરસિંહ પણ આ મુદ્દે એમની પડખે ઊભો છે. રમૂજમાં એમ પણ કહી શકીએ કે યંગ એન્ડ એન્ગ્રી ઉમાશંકર એમ સૂચવવા માંગે છે કે સીનીકલ કહીને મારાં નાટકોનો કાંકરો કાઢી નાંખશો તો નરસિંહ મહેતાને હું મારો વકીલ કરીશ.

## 'સુંદર'ને જાકારો

આપણે જાણીએ છીએ કે યંગ ઉમાશંકરને એમનાં નાટકોને કારણે કોઈએ જાકારો નહોતો આપ્યો. હા, જયંતિ દલાલ જેવા વિવેચકોએ નાટકો નિમિત્તે એમને સતત પડકાર્યા હતા ખરા, પણ તે કાંઈ એમનાં નાટકોમાંના કથિત સીનીસિઝમને કારણે નહીં.

આપણે એ પણ જાણીએ છીએ કે તાજેતરમાં એમના જ વતનમાંથી સ્વર્ગસ્થ ઉમાશંકરના આ જ એકાંકીઓને જાકારો આપવામાં આવ્યો હતો. અને નરસિંહ મહેતાની વકીલાત પણ એમના કેસનો સાચો પક્ષ રજૂ કરવામાં નિષ્ફળ નીવડી હતી. અને પરિણામે, જે પ્રદેશની બોલીમાં એમાંના કેટલાંક નાટકો લખાયાં છે, એક રીતે જોતાં જેમના માટે એ લખાયેલાં છે, તે એકાંકીસંગ્રહનાં નાટકો એ પ્રદેશના વિદ્યાર્થીઓને ભણાવવામાં આપણે અસમર્થ પુરવાર થયા.

વેલ... યંગ ઓર ડેડ, ઉમાશંકરને આવા સામાજિક કે રાજકીય જાકારાની પરવા ન હોય, કેમ કે જે નાટ્યકાર વિવિધ વયની ને જુદી જુદી કોમોની અનેક સ્ત્રીઓનાં દુઃખોને, તેમની સમસ્યાઓને, એ પ્રત્યેકના ચરિત્રની વિશેષતાઓ સમેત, સમગ્ર નાટ્યાત્મક પરિસ્થિતિનું ચિત્રણ, વાન ગોઘ સૂર્યમુખીને ચીતરે એટલી નિષ્ઠુર પરલક્ષિતાથી expression અને impression બેઉનો સમન્વય સાધતા જઈને, આખરે તો નાટકની કલાને જ સેવવાના હેતુથી કરતા હોય, ત્યારે, સત્ય, શિવ અને સુંદર વિશેના ભેદનું જેટલું ભાન એમને હોય એટલું જ એ ત્રણનાં અભિન્ન ઐક્યનું જ્ઞાન પણ હોય જ.

એટલા જ માટે ઉમાશંકરનાં ઉત્તમ એકાંકીઓનું વાસ્તવ જેટલું ઠોસ, કઠોર છે, એટલાં જ એ નાટકો કલાના આવિષ્કારના અર્થમાં સુંદર છે.

'સાપના ભારા'નાં નાટકોમાં, સાસરીમાં, પિયરમાં, ખેતરમાં, હવેલીમાં, ઉબરની આ પાર ને પેલે પાર, વાડામાં કે ખેતરને ખોળે, દુઃખ સાથે ને સામે ઝઝૂમતાં જે સ્ત્રીપાત્રો છે, શોષિતોનાં જે-જે ચરિત્રો છે તે બધાં પણ જેટલાં દુઃખગ્રસ્ત છે એટલાં જ સુંદર છે, કેમ કે એ બધાં જીવંત છે, એ શ્વાસ લે છે, હરેફરે ને બોલેચાલે છે, કેમ કે નાટ્યકાર પણ એમની બોલી બોલે છે ને એમનાં ઉચ્છ્વાસને ઓળખે છે.

સ્ત્રીઓ અને શોષિતોના કઠોર વાસ્તવને એ પ્રત્યેકના ઝીણવટભર્યા ને જીવંત દશ્યશ્રાવ્ય પરિવેશ સાથે રંગમંચ ઉપર ઉતારનાર આ એ જ ઉમાશંકર છે જે આબુથી ઈડરને રસ્તે પગે ચાલતાં ચાલતાં રાજસ્થાનને ગુજરાતમાં પલટાવતા જતા – આજથી આઠ-નવ દાયકા પહેલાંના – એ ડુંગરાળ પ્રદેશના સૌંદર્યને પીતાંપીતાં સ્વને ને સર્વને કહેતા હતા કે, 'સૌંદર્યો પી ઉરઝરણ ગાશે આપમેળે.' કવિ ઉમાશંકરનો એ પહેલવહેલો અવાજ હતો.

## ત્રીજો અવાજ

આ અને પેલા એ બે ઉમાશંકર કે એમના બે અવાજો જુદા છે, પણ એ બે વચ્ચે ભેદ નથી, વિષમતા નથી. વચમાં એ બેને જુદા પાડતી કોઈ ખાઈ નથી. એલિયટ જેને કવિના ત્રીજા અવાજ તરીકે ઓળખાવે છે એ અવાજને પ્રગટાવતી અનુભૂતિ ધરવા માટે જેના અંતઃકર્ણ સરવા છે એ કવિ સામાજિક ને પ્રાકૃતિક વાસ્તવનાં એક નહીં અનેક રૂપોરંગોને, અનેક સ્વરો ને અગણિત ધ્વનિઓને, એકરૂપે આત્મસાત કરી શકે છે.

## દલાલ અને ઉમાશંકર

નાટકોમાં નિરૂપાતા વાતાવરણ વિશે ઉમાશંકરનું વલણ જયંતિ દલાલ સમજી શક્યા નથી એમ કહેવા કરતાં વાતાવરણને એકાંકીલેખનના કેન્દ્રરૂપ ગણવા વિશેની ઉમાશંકરની દલીલ કદાચ એમને સ્વીકાર્ય લાગી નથી એમ કહેવું જોઈએ.

મોટે ભાગે દલાલસાહેબે મંચનક્ષમતાના તર્કને આધારે જ ઉમાશંકરનાં એકાંકીઓમાં ક્ષતિઓ ચીંધી છે. જોકે આમાંની પણ મોટા ભાગની તો રંગભૂમિની ટેક્નિકને સહારે આજે તો હવે ભજવણીના સ્તરે માંજી-સમારી શકાય એવી છે. પણ દલાલસાહેબનો વાંધો એ પછી પણ કાયમ રહેત એવી ધારણા આપણે કરી શકીએ.

કેમ કે, આ બેઉ નાટ્યકારો વચ્ચે મૂળભૂત ભેદ નાટકની વ્યાખ્યાથી વધીને જીવનની વ્યાખ્યાનો પણ છે, વિચારધારાનો છે, જીવનદર્શનનો છે.

જગત એક રંગભૂમિ છે ? એ એક પ્રશ્નને લઈને ગુજરાતના આ બે સમર્થ નાટ્યકારો વચ્ચે આકાશવાણીના સ્ટુડિયોમાં રોચક ચર્ચા થઈ હતી. આજે આ ચર્ચા યાદ કરીએ ત્યારે એ સમજાય કે સામા છેડાના લક્ષ્ય સાથે લખતા બે સમકાલીનો, પરસ્પરનો પ્રગટ વિરોધ દર્શાવતા રહીને પણ એકબીજાની સર્જનપ્રક્રિયાને કેવી રીતે પોરસાવી શકે છે.

માટે જ, જયંતિ દલાલના કેટલીક વાર તો બ્લન્ટ કહી શકાય તેવા વિવેચને, ઉમાશંકરને નિરાશ કરવાને બદલે મોટીવેટ જ કર્યા હશે એમ આપણે ચોક્કસ માની શકીએ.

ખાસ કરીને સ્વરૂપની ચર્ચાના પરિપ્રેક્ષ્યમાં દલાલસાહેબે ઉમાશંકરના એકાંકીઓની સાતત્યપૂર્વક કહેતાં લગાતાર ટીકા કરી છે. જેમાં દલાલ સાહેબની પ્રતિભાની તાણમાં બીજા પણ ક્યારેક જોડાયા છે. તો અનંતરાય રાવળ, ધીરુભાઈ ઠાકર વગેરે વિવેચકોએ કૃતિલક્ષી મૂલ્યાંકનની શિસ્તમાં રહીને આ એકાંકીઓનાં ફલિતો તારવી પણ બતાવ્યાં છે. આ સમગ્ર ચર્ચાનો કાર્ડિયોગ્રામ ચંદ્રકાન્ત શેઠના અભ્યાસ-ગ્રંથમાં અંકિત થયેલો છે.

## અધૂરાં દશ્યો

તોય સમગ્રપણે 'સાપના ભારા'થી 'શહીદ' અને પછી 'શહીદ'નાં નાટકોમાં થોડાંક ઉમેરાઈને 'હવેલી' નામે સંગ્રહિત થયાં તે છેલ્લા સંગ્રહનાં નાટકો પર્યંતની ઉમાશંકરની નાટ્યલેખન યાત્રામાં ઘણી રુકાવટો આવી છે એ સ્પષ્ટ છે.

એમનાં કાવ્યલેખનની જેમ એમનું નાટ્યલેખન સાતત્યપૂર્વક ચાલી શક્યું નથી. quantitatively પણ અને qualitatively પણ. ૧૯૫૪માં 'હવેલી' લખાયું એ પછી 'સાપના ભારા'નાં નાટકો જેવી સ્વરૂપ ઉપરની હથરોટી એ જાળવી શક્યા નથી.

સમગ્ર ઉમાશંકરના પ્રમુખ અભ્યાસી ચંદ્રકાન્ત શેઠના પૃથક્કરણ મુજબ ઉમાશંકરના ગદ્યનાટ્યલેખનમાં વીસ વર્ષનો એક લાંબો ગાળો આવે છે જ્યારે એમણે એક પણ નાટક નથી લખ્યું.

આ ગેપ પાછળ કયાં કારણો હશે એ જેટલો ઉમાશંકરના સાહિત્યની ચર્ચા માટે, એટલો જ એમની બાયોગ્રાફીની દષ્ટિએ પણ મહત્ત્વનો અને રસપ્રદ પ્રશ્ન હોઈ શકે.

કવિના બીજા એકાંકીસંગ્રહ 'શહીદ'નાં નાટકો 'હવેલી', 'હળવા કર્મનો હું નરસૈંયો' તથા 'ઇફિજિનિયા' નામે અનુવાદિત યુરિપિડિસના નાટકનો એક અંશ – એમ ત્રણ નાટકોના ઉમેરણ સાથે ૧૯૭૭માં 'હવેલી' શીર્ષકથી પુનઃ પ્રકાશિત થાય છે એ સાથે કુલ ૨૫ એકાંકીનો હિસાબ ચૂકતે કરી ઉમાશંકર એમની નાટ્યલેખનની કામગીરી આટોપી લે છે.

એ પછીનાં વર્ષોમાં સાંભળવામાં આવ્યા કરતું હતું કે કવિ 'મેકબેથ'ના અનુવાદ કે રૂપાંતર ઉપર કામ કરી રહ્યા છે. જો સાંભળવામાં આવેલું તે સાચું હશે તો એમના એ કામના અંશો કે એ અંગેની નોંધો એ પાછળ મૂકી ગયા હોય એમ બને !

આશા રાખીએ કે એ બધી સામગ્રી અધિકારી અભ્યાસીઓના માર્ગદર્શન હેઠળ પ્રગટ કરી એમનાં કોપીરાઇટ ધારકો સ્વયં ઋણમુક્ત થઈ ઉમાશંકરના ચાહકોને એમનાં ઋણી બનાવશે.

૧૯૩૨-૩૩માં સાપના ભારાનાં નાટકો લખાયાં એ પછી એક જ વર્ષમાં, ૧૯૩૪માં જ, એમણે ત્રિઅંકી નાટક 'વડો નિશાળિયો' લખ્યું. સાંતાક્રુઝમાં એ ભજવાયું પણ ખરું.

૧૯૩૬માં એ 'અનાથ' નામે એ દીર્ઘ નાટક 'કૌમુદી'માં પ્રગટ થયું હતું. પાંચ સ્ત્રીપાત્રો સહિતનાં તેર પાત્રોવાળું આ નાટક, કહેવાય છે કે, ઉમાશંકરે એક દિવસ અને બે રાતમાં સળંગ લખ્યું હતું.

સતીશ વ્યાસના પુસ્તકમાં આ નાટકનો દ્વિઅંકી તરીકે ઉલ્લેખ છે તો ચંદ્રકાન્ત શેઠ એને ત્રિઅંકી ગણાવે છે.

આ બન્ને વિદ્વાનોએ આ દીર્ઘ નાટક વિશેની પોતાની વિસ્તૃત નોંધો ‘કૌમુદી’ના અંકોની ધૂળ ખંખેરીને તૈયાર કરી છે. એ બેઉ નોંધોને આધારે માની શકાય એમ છે કે આજે પણ ઉમાશંકરના અભ્યાસીને જ નહીં ગુજરાતી નાટકના અને રંગભૂમિના કોઈ પણ વિદ્યાર્થીને એના વાચનમાં તો રસ પડશે જ.

પોણી સદીથી સામયિકની ફાઇલોમાં ધૂળ ખાઈ રહેલા આ ‘અનાથ’ને ‘કૌમુદી’ મુક્ત કરીને પણ લેખકના કોપીરાઇટ ધારકો ગુજરાતને માથે વધુ એ ઋણ ચડાવવાના અધિકારી છે.

### પાત્રો અને ચિત્રો

‘નટીશૂન્યમ્’ નામના ઉમાશંકરના એક એકાંકીમાં, આખા ઓરડામાં નથી એટલી ચીજો જેના લખવાના ટેબલ ઉપર લદાયેલી છે એવા એક નાટ્યકારનું પાત્ર છે.

સ્ત્રીપાત્ર વિનાનું નાટક લખવાની મથામણમાં પડેલો આ લેખક એરિસ્ટોટલથી માંડીને બર્નાર્ડ શો સુધીના વિશ્વસાહિત્યના વિવિધ નાટ્યકારોની સલાહ મેળવવા પ્રયાસ કરે છે.

ત્રીસ મિનિટના આ નાટકમાં ઉમાશંકર એરિસ્ટોટલ, ભરત મુનિ, શેક્સપિયર, કાલિદાસ અને સ્ટ્રીન્ડબર્ગનાં પાત્રોને રંગભૂમિ ઉપર રજૂ કરે છે. ને એ રીતે વિશ્વના નાટ્યસાહિત્યનો અને મહાન નાટ્યકારોની નાટ્યલેખનની વિભાવનાઓનો એક નાનકડો કૉલાજ પ્રદર્શિત કરે છે.

સૌંદર્યશાસ્ત્ર વિશેના કોઈ લેખની હોઈ શકે એવી સામગ્રીને નાટકમાં પ્રયોજવાની આ ધગશ પાછળ છુપાયેલી પેલી ત્રીજા અવાજને નિરૂપવા વિશેની ઉમાશંકરની ઉત્કટ અભીપ્સા જોઈને, સાચે જ, આજે તો આપણને નર્યા વિસ્મયનો જ અનુભવ થાય છે.

એ જ રીતે લતામંડપમાં ચં. ચી. સહિતના એમના સમકાલીનોને ને ઉમાશંકર નામના લેખકને પણ પોતાની રંગભૂમિનો મેક-અપ કરાવીને જ એમણે છોડ્યા છે.

આ ૨૫ એકાંકીઓમાં ટોળે વળતાં સેંકડો પાત્રોનો જે મેળો છે તે ઉપર પણ, ઉમાશંકર નામની વ્યક્તિના જ નહીં, એ વ્યક્તિ જે કાળમાં, જે સમાજ વચ્ચે જીવી તે સ્થળ-કાળનાં પણ હસ્તાક્ષર અંકાયેલાં છે.

ઉત્તર ગુજરાતનાં ગામોનાં જ નહીં, ગાંધી અને સ્વાતંત્ર્ય આંદોલનના માહોલમાં પાંગરેલા ગુજરાતના નગરજીવનનાં પણ સજીવ ચિત્રો અહીં છે. તો મુંબઈની ચાલના માળામાં પુરાયેલાં ગુજરાતી બાળકોનાં, મહાનગરના નાગરિકો તરીકેના ઘડતરની ટ્રેજિકોમિક પ્રક્રિયાના પડઘા ઝીલતો સામાજિક ને માનસશાસ્ત્રીય રેકોર્ડ પણ આ નાટકોમાં અંકિત થયેલો છે.

આવાં તો અનેક દૃષ્ટિબિંદુઓથી ઉમાશંકરનાં નાટકોને તપાસી શકાય એમ છે. એમનાં નાટકોની ભાષા પણ મહાનિબંધનો વિષય છે.

આ તમામ પ્રકારની સર્વગ્રાહી તપાસને અંતે આપણે નિ:શંક ભાવે કહી શકીશું કે એકાંકી નાટ્યલેખન ક્ષેત્રે ગુજરાતી સાહિત્યમાં ઉમાશંકરનું સ્થાન unquestionable જ નહીં, મોખરાનું છે.

## ‘સાધના’ની કવિતા | હરિકૃષ્ણ પાઠક

‘ઉપવાસી’નું તખલ્લુસ ધારણ કરનાર કવિ શ્રી ભોગીલાલ ગાંધીને લગતું સાહિત્યકોશનું અધિકરણ તેમની પ્રથમ ઓળખ ‘કવિ’ તરીકેની આપે છે. સંપાદક, અનુવાદક, વિચારક અને જાગૃત કર્મશીલની વાત તો પછીથી આવે.

આજે આપણને અસમંજસ થાય કે આ પ્રથમ ઓળખ છેલ્લી ઓળખ તરીકેય ઝટ દઈને યાદ કેમ નથી આવતી ! કારણ સ્પષ્ટ છે. સાડા પાંચ-છ દાયકા પૂર્વે રચાયેલાં આ કાવ્યોનો સંગ્રહ ‘સાધના’ પ્રગટ થયો ૧૯૪૪માં. પછી કવિની પ્રવૃત્તિ બીજાં ક્ષેત્રોમાં જ રહી છે, સતત, સક્રિયપણે અને સત્ત્વશીલતાથી. આથી ‘કવિ’ વિસારે પડી ગયા. ઢંકાઈ ગયા. વળી આપણે ત્યાં વખતોવખત થતાં રહેલાં કવિતાનાં સંપાદનોમાંયે કવિ ‘ઉપવાસી’ જોવા મળે જ એવું યે નહીં (સાહિત્ય પરિષદના કાવ્યસંચય-ભાગ ૩માં ‘ઉપવાસી’નું કાવ્ય સમાવેશ પામ્યું નથી) પણ કવિના એકમાત્ર કાવ્યસંગ્રહ ‘સાધના’માંથી પસાર થઈએ ત્યારે લાગે કે ઉમાશંકરની પ્રસ્તાવના ‘ઊર્મિરંગ’ મેળવવા માટે સદ્ભાગી નીવડેલા આ કવિ એના અધિકારીયે હતા.

સંગ્રહનું શીર્ષક ‘સાધના’ને કવિ ‘ઉપવાસી’. પ્રથમ નજરે ભાગ્યે જ અંદેશો ય થાય કે ક્રમશ: નર્યું યથાર્થવાદી વલણ વિકસાવતા જતા આ કવિ અંતે તેમના સમાધાન માટે સોવિયેટ ૩ ર ા ન ા ા સામ્યવાદમાં જઈને ઠરશે, પણ પ્રસ્તાવના ‘પ્રયાણ’ વાંચતાં સમજાઈ રહે છે



કે પ્રણય, ઝંખના અને સાધના એવી જીવનની ત્રણ કક્ષાઓને કવિ સ્વીકારે છે તે કોઈ જડ ચાપડે મઢી કે નિશ્ચિત સમયને દામણે બાંધેલી હોય એને તો નહીં જ. ૧૯૩૩થી ૧૯૪૧ના સમય-ગાળામાં આ કાવ્યો લખાયાં છે. ‘પ્રણય’, ‘વાંછના’ અને ‘સાધના’ એવા ત્રણ વિભાગોમાં કુલ ૩૯ કાવ્યો મળે છે. જેમાં મુખ્યત્વે પ્રણયોર્મિના ભાવોનું આલેખન થયું છે તેવાં કાવ્યો છે ત્રેવીસ. ‘વાંછના’ના વિભાગમાં દશ કાવ્યો છે, અને છેલ્લે ‘સાધના’માં છે માત્ર છ કાવ્યો. છતાં આ કવિની ઓળખ ‘સાધના’ના કવિ તરીકે આપવાનું વિશેષ ગમે. સંગ્રહનું નામ ‘સાધના’ પણ કદાચ એમ જ સૂચવે છે. આ વિભાગનું અને સંગ્રહનું યે આ છેલ્લું કાવ્ય ‘સાધના’ એક નોંધપાત્ર કાવ્ય છે. વેદની કલાવાણી, ઉપનિષદોની કળા-રેખા, બુદ્ધ અને ઈસુના કરુણા અને પ્રેમ યંત્રયુગની સિદ્ધિઓ રૂસો જેવાનો પ્રકૃતિ તરફ પાછા ફરવાનો અનુરોધ, વિજ્ઞાનયુગમાં વધી પડેલી યાતના – આ બધા વારાફેરામાં મહામાનવોએ ને મનીષીઓએ માનવજાતના કલ્યાણ માટે સંસ્કૃતિ ચિંતન તો કર્યું પણ તે ફળ્યું માર્ક્સવાદી દૃષ્ટિના વિકાસ દર્શનમાં એવી સ્થાપના કરવા સુધી કવિ ભાવકને લઈ જાય છે. આ નિષ્કર્ષ સાથે સંમત

થઈએ કે ન થઈએ પણ અહીં એક બલિષ્ઠ કવિનો અવાજ સંભળાય છે. અને જુદે જુદે સમયે થયેલ સંસ્કૃતિ ચિંતનમાં શી શી ત્રુટિ રહી ગઈ હતી તેની વાત સૂત્રાત્મક રૂપે લાઘવથી કહેવાયી છે :

**વિશ્વની ગૂઢ ઉત્ક્રાન્તિ ઉકેલી ઊકલી નહીં**
**હૈયાંની મુગ્ધતા ભેળી કલાવાણી શમી ગઈ (વેદની કલાવાણી)**

S

**કિન્તુ રહ્યાં રંક જ બદ્ધ માત્ર ત્યાં;**
**અને જિતાયાં દિલ માત્ર મિત્રનાં...**

S

**આગે બઢ્યું વિશ્વ ભૂલ્યું ન્હતું રે**
**નિસર્ગના બાળકની કહાણી.**

S

**વધી વધી યંત્ર, વધી છે યંત્રણા**
**વધી રહી માનવતાની યાતના.**

S

**સૌ વાણી એ ભીષણ કંદરામાં / ફેંકી દઈ કાળ કરાળ ચાલ્યો**
**મથ્યા બહુ સંત મહર્ષિઓ યે / છતાં ન પાછી દગ ફેંકવા ઊભો.**

જે તે સમયે કવિ માર્ક્સવાદથી પૂરા પ્રભાવિત અને રંગાયેલ હતા. અને આ જ વિભાગના ‘નયન ઊઘડ્યાં’ શીર્ષક હેઠળનાં ‘સાડા આઠ’ સૉનેટના અંતે કવિને જે સત્ય લાધે છે તે રંગભેદના સ્વીકારમાં જ – જેની સાથે પ્રસ્તાવનાકાર કવિયે સંમત થતા નથી, કવિ એક આખી વિચારપ્રક્રિયાને અંતે કહે છે :

**હતો શુભ પ્રયત્ન એ વિશદ, કિન્તુ વૈયક્તિક;**
**અને નીરખવું બધું વગર રંગનું ફોગટ.**

આવાં જ બે કાવ્યો ‘રશિયા’ અને ‘સોવિયેટના લાલ નાગરિકને’ – ને ઉમાશંકર સ્તોત્રો કહીને જ પોતાનો અભિપ્રાય આપી દે છે. જ્યારે સ્તુતિ, પ્રશસ્તિ, ભક્તિ, શ્રદ્ધા, સમર્પણ અને અલબત્ત, કવિત્વ પણ ભેગાં મળે ત્યારે જ સ્તોત્રની રચના શક્ય બને. ‘સુન્દરમે’ આ અંગે અસંદિગ્ધ અને સ્પષ્ટ અભિપ્રાય આપતાં કહ્યું છે કે ‘ઉપવાસી’એ રક્તરંગી સોવિયેટ રશિયાની જીવનદૃષ્ટિને પણ અનન્ય ભાવે અને જરા વિશેષ મુગ્ધતાથી કવિતામાં સાકાર કરી છે.

શ્રી ભોગીભાઈ સામ્યવાદથી નિર્ભ્રાંત તો ઘણા મોડા થયા પણ આવા વાદ-વિશેષની છાયા વિનાનાં જે પ્રણયોર્મિનાં કાવ્યો છે તે પણ નોંધપાત્ર છે. સંગ્રહની પ્રસ્તાવનાને ‘ઊર્મિરંગ’ એવું શીર્ષક મળ્યું છે તે વિશેષ રૂપે તો આ કાવ્યોને લીધે જ હોઈ શકે.

કવિશ્રી બલવંતરાય ક. ઠાકોરે ‘આપણી કવિતા સમૃદ્ધિ’ માટે જે બે કાવ્યો પસંદ કર્યાં છે તેમાંનું એક પ્રણય-કાવ્યો પૈકીનું છે ને બીજું ‘વાંછના’ વિભાગનું. મજાની વાત તો એ લાગે કે પ્રથમ કાવ્ય ‘મિલન આતુરાં’માં કિશોરવયને સહજ એવી જે પ્રણયોર્મિઓ નિરૂપાઈ છે તેની ટીકા કરવા માટે જ જાણે એ કાવ્ય પસંદ થયું હોય એવી ટિપ્પણીઓ શ્રી બ. ક. ઠા. એ કરી છે, તો ‘આત્મદીપો ભવ’ શીર્ષકનું, દેખીતું ભજનરંગી લાગે એવું જે ગીત છે તેની નીચે ‘અર્થ સ્પષ્ટ છે’ એવી ટૂંકી નોંધ કરી છે. જો ‘સાધના’ના પ્રકાશન પછી કાવ્યો પસંદ કરવાનું બન્યું હોત તો બીજાં જ કાવ્યો પર પસંદગી ઊતરી હોત એમ નિઃશંક કહી શકાય. આજે પણ આપણા મનમાં વસે એવાં કાવ્યો ત્રણે વિભાગમાં મળે છે.

પ્રણયરંગી કાવ્યોમાં ક્યાંક ક્યાંક બાની અને સંવેદન ‘કલાપી’નું સ્મરણ કરાવી જાય છે.

**ફળત માનવીની મનકામના / હત ન વિશ્વ દુઃખી ન દયામણું**
**હત શું કામ તું આમ દૂરે પડી ? / અહ ! શું કામ હું આમ રહું રડી ?**

S

**‘અહ ! સવાર પડ્યે ફરી ઊગશે / કિરણ એહનું એહ તું ના રડ !’**

S

**પણ ગઈ તું, ગઈ તું – સદા ગઈ !**
**દિલ દિલાવર યાર જતી રહી ! પ્રણયીને રઝળાવી દઈ ગઈ.**

(‘ચિરવિદાય’)

S

**‘આરાધું, સ્પરશું ચુમું શિર ધરું, રાત્રી બધી નીરખું**
**દેવિ ! દિવ્ય દયા સુધા રસભર્યું સાન્નિધ્ય મારે ઘણું’**

આ વિભાગનું ભાવકને જચી જાય એવું એક કાવ્ય છે ‘રખેને’ – પ્રણય મિલને કશું અવળું ન થઈ બેસે એ ચિંતામાં ઘેરાયેલો નાયક પોતાના મનોભાવને અવ્યક્ત રાખવા ઘણું મથે છે પણ કશુંક જુદું જ થઈને રહે છે :

**સખી ! મૂંગો બેઠો તવ મુખ ભણી મીટ ભરીને;**
**– અને ત્યાં એ મૌનસ્મિત મહીં થયું વ્યક્ત સઘળું !**

S

**સખી ! આઘે બેઠો, તવ કર રખે સ્પર્શું ભયમાં;**
**– અને એ બેઠામાં પ્રકટ થઈ અકળામણ ઊંડી.**

S

**ગણી બેઠો મીંચી નયનદ્વય, માથું નત કરી**
**– અમે એ મીચેલાં નયનયુગલે કહી દીધું બધું !!**

બીજા વિભાગના કાવ્ય ‘વાંછના’માં સમષ્ટિનું શ્રેય અને કલ્યાણ વાંછતા કવિની સંવેદના તીવ્રતાથી પ્રગટ થઈ છે :

**વિરાટ થઈ જીવવું ફક્ત સ્વાર્થનું સહ્ય ના...**

S

**કદી મરણ આવશે; ફિકર ના, મને રંજ ના**
**પરંતુ રસરંગહીણ ભયપૂર્ણ ઔદાસ્યમાં**
**અતેજ બની જીવવું અમરનું મને સહ્ય ના.**

S

**થયો મનુજ તો મને મનુજ સિદ્ધિની વાંછના.**

કવિની ઊંડી અને સાચુકલી કરુણા 'ન વાંછજો કદી'માં વ્યક્ત થઈ છે.

**'વિશ્વે ભર્યાં કૈંક બૃહદ્ દયાળરા**
**ને તોય દુઃખી જ રહી વસુંધરા**
**હૈયા તણા ક્રંદનને ઉખેળવા**
**ન વાંછજો – કોઈ ન વાંછજો કદી.'**

માત્ર કુદરતને અધીન રહેનાર 'પ્રકૃતિતનુ' કરતાં વિવિધ પ્રકારે વિકાસ સાધીને વિજ્ઞાનની મદદથી સુખ-સુવિધાભર્યું જીવન જીવતા 'સંસ્કૃતિ તનુ'ના જીવનમાં જ રોમાન્સનું તત્ત્વ રહેલું છે એવી સ્થાપનાયે કવિ કરે છે.

આપણી કવિતા જ્યારે અછંદ કે છંદમુક્તિને રાજમાર્ગે પળી નહોતી ત્યારનાં આ કાવ્યોમાં થોડી ગીતરચના કે પરંપરિત લયની કૃતિઓ સિવાયની, મોટા ભાગની વિવિધ છંદોમાં ઢળેલી છે. ક્યાંક સ્રગ્ધરામાં એકાદ માત્રાની છૂટ લીધી છે ત્યાંયે નીચે નોંધ મૂકી છે. 'કથળતી કલમ'નું એકાદ દૃષ્ટાંત જડે છે તે સિવાય છંદોના બંધમાંયે ચુસ્તી જોવા મળે છે.

સંવેદનને સીધી અભિવ્યક્તિ આપતાં કે ઊર્મિઉછાળરૂપે રચાતાં કાવ્યો અને એવાં કાવ્યોના કવિઓ મળતા રહે છે, પણ વિચારના દ્રવને સંવેદનથી રસીને સમષ્ટિના વ્યાપક હિતને ચિંતવતા અને સમગ્ર માનવજાતની દુવિધાઓનો હલ શોધવા મથતા કવિ – જેઓ કવિતાકલાનું ગૌરવ પણ ઓછું ન આંકતા હોય એવા કવિ તો ઓછા જ મળે. 'ઉપવાસી' આવા એક ઓછા મળે એવા કવિ છે.

## ઉમાશંકર જોશી : જાહેરજીવનના કવિ | સ્વાતિ જોશી

૨૧મી જુલાઈ, ૨૦૧૧ના દિવસે ઉમાશંકર જોશીના જન્મને સો વરસ પૂરાં થશે. એમની જન્મશતાબ્દી નિમિત્તે ગુજરાતમાં ઘણા પ્રસંગો ઊજવાય છે એ આનંદની વાત છે. એક સાહિત્યકાર અને વિવેચક તરીકે એમના વિશે ઘણું લખાય છે અને બોલાય પણ છે. પરંતુ સાહિત્યસર્જન એ એમના જીવનનું એકમાત્ર ધ્યેય ન હતું, કે સાહિત્યસર્જનમાં જ એમનું જીવન સીમિત ન હતું. બલકે સાહિત્ય એ એમની સમગ્ર જીવનદૃષ્ટિની એક અભિવ્યક્તિ હતી. અથવા તો, એમના જ શબ્દોમાં, મૂલ્યસંઘર્ષ પરત્વે પળભર પણ અલિપ્ત ન રહી શકતા કવિ એ હતા. એમણે પોતે જ કહ્યું છે તેમ શબ્દ એમને ક્યાં ક્યાં લઈ ગયો ? સત્યાગ્રહ છાવણીઓમાં અને જેલોમાં, વિશ્વવિદ્યાલયોમાં અને કેળવણીના ક્ષેત્રમાં, દેશની સાંસ્કૃતિક અને સામાજિક સંસ્થાઓમાં, ભારતની સંસદમાં, વિદેશના સાંસ્કૃતિક સમાજોમાં – સમાજને ખૂણે ખૂણે શબ્દની સાથે એ ગયા. શબ્દનો ઉપયોગ એમણે કેવળ સાહિત્યના સર્જન માટે જ કર્યો નહોતો. શાસનકર્તાઓની અરાજકતા સામે, રાજ્યના આતંક સામે, રાષ્ટ્રવાદ અને કોમવાદ સામે, સાહિત્યકારની અને સાહિત્યની સંસ્થાઓની સ્વાયત્તતા માટે, સમાજના વંચિત વર્ગોના અધિકારો અને સામાજિક ન્યાય માટે, માનવમૂલ્યોના સમકાલીન સંઘર્ષોની ધાર પર, શબ્દને એમણે ક્યારેય વિસાર્યો ન હતો, પરંતુ એક અસરકારક શસ્ત્ર તરીકે વાપર્યો હતો.

પોતાના સમગ્ર જીવન દરમિયાન ઉમાશંકરે ગુજરાતના, દેશના અને દુનિયાના નાનામોટા અનેક બનાવો અને પ્રશ્નો વિશે વિચાર્યું હતું અને પોતાનાં સ્પષ્ટ અને નિર્ભીક મંતવ્યો રજૂ કર્યાં હતાં. એમના તંત્રીપણા નીચે લગભગ ચાર દાયકા સુધી પ્રકાશિત થયેલા 'સંસ્કૃતિ' સામયિકના અંકોમાં સાહિત્યના લેખોની જોડાજોડ ચાલુ બનાવો અને સામાજિક-આર્થિક-રાજકીય પ્રશ્નો પર નોંધો અને ચર્ચાઓ છપાઈ છે. આ વાત મહત્ત્વનાં સૂચન કરે છે કે એક જાગ્રત વ્યક્તિ – તંત્રી, લેખક કે વાચક – સમાજના પ્રશ્નોથી અને રાજકારણથી અસ્પૃષ્ટ ન રહી શકે અને, ખાસ તો, સાહિત્યને આ સમગ્ર સામાજિક-રાજકીય સંદર્ભથી અલગ કરીને જોઈ– મૂલવી – ન શકાય. સંસ્કૃતિ એટલે એમને મન બહોળા અર્થમાં લોકોનું સમાજમાં જિવાતું જીવન, જેમાં કેવળ ધર્મ અને કળા જ નહીં પરંતુ લોકોની માન્યતાઓ, વિચારો, નૈતિક મૂલ્યો અને સામાજિક-આર્થિક-રાજકીય સંસ્થાઓનો પણ સમાવેશ થાય. ભારતે



રાજકીય સ્વતંત્રતા મેળવી એ પછીના શરૂઆતના સમયમાં એમણે અનેક વાર સાવચેતીનો સૂર કાઢ્યો હતો કે આપણા આધ્યાત્મિક વારસાની અને આપણી 'ભવ્ય સંસ્કૃતિ'ની ગુલબાંગો પુકારવામાંથી આપણે ઊંચા આવવું જોઈએ. રાષ્ટ્રીય સંસ્કૃતિ કે સાંસ્કૃતિક રાષ્ટ્રવાદના ઝનૂનની અસર નીચે લોકશાહી રાષ્ટ્રો પણ સાંસ્કૃતિક સ્વાતંત્ર્યનો ભોગ માગે છે એ સામે એમણે સતત આંગળી ચીંધી છે. અમાનુષી કાળાં બજાર અને ભ્રષ્ટાચાર, સડેલ નોકરશાહી અને સત્તાલોલુપ કોમવાદના મહારોગ સામે અવાજ ઉઠાવીને સમાજશરીર અને રાજ્યશરીરને સ્વસ્થ બનાવવા પર તેમ જ પોતાનાથી ભિન્ન ભાસતા સમાજો પ્રત્યે સહિષ્ણુતા – અને એથીયે વધારે, બંધુતા – ની વૃત્તિની જરૂરિયાત પર એમણે ભાર મૂક્યો છે. સંસ્કૃતિ એ છેવટે તો, એમના શબ્દોમાં, કમબખ્ત જીવવાની ચીજ છે. સામાન્ય મનુષ્યના જીવન અને હકો સાથે એને આખરે નિસબત છે.

ઉમાશંકર ઉગ્રવાદી ન હતા. ઉદારમતવાદી વિચારધારાનાં સત્ય, ન્યાય, સ્વતંત્રતા અને સમાનતાનાં મૂલ્યોને તેમજ બિનસાંપ્રદાયિકતાને એ વરેલા હતા. પોતાને જે સત્ય લાગ્યું તે ઉચ્ચારતાં આત્મસમર્પણ કરવું પડે તો તેની એમનામાં તૈયારી હતી. એમનાં બધા જ વિચારો અને મંતવ્યો સાથે સંમત થવું શક્ય ન પણ બને. પરંતુ એક સાહિત્યકાર તરીકે બિનલોકશાહી તંત્રમાં કાજળની કોટડીમાં પુરાઈ રહેવાને બદલે, કે સંસ્થાઓમાં માનતા હોવા છતાં સ્થાપિત

હિતો(એસ્ટાબ્લિશમેન્ટ)ના હાથ બનવાને બદલે, એક લખતા, વાંચતા, વિચારતા, જીવતા, જાગરૂક નાગરિક તરીકે એમણે સતત નાનામોટા બનાવો અને પ્રશ્નો પર બોલતા-લખતા રહી મૂલ્યોના જતનની લડત આપી. પોતાની આસપાસના અનેક નાનામોટા પ્રસંગોમાં એમણે ભાગ લીધો; ઓછા જાણીતા બનાવો તરફ બીજાનું ધ્યાન દોર્યું; અને ઓછી જાણીતી વ્યક્તિઓના જીવન અને કાર્યોની નોંધ લીધી. આને પરિણામે અનેક લોકો – માત્ર સાહિત્યજગતના જ નહીં પરંતુ સમાજના દરેક ક્ષેત્રના સામાન્ય લોકો – સાથે એ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સંપર્કમાં આવ્યા અને એમના હૃદયમાં સ્થાન મેળવ્યું. કદાચ એ જ કારણે અનેક લોકોને આજે પણ ઉમાશંકર પોતાનામાંના એક હતા એમ લાગે છે. અનેક લોકો માટે એ કદાચ મૂલ્યો માટે જીવનારી અને લડનારી વ્યક્તિનું પ્રતીક બન્યા હતા. પોતાને જાહેર બનાવો(પબ્લિક અૅફેર્સ)માં રસ લેતી વ્યક્તિ તરીકે તેઓ ઓળખાવતા. જાહેરજીવનનો ભાગ્યે જ કોઈ બનાવ હશે જેના વિશે એમણે લખ્યું ન હોય કે એ બોલ્યા ન હોય. ઉમાશંકર જાહેરજીવનના અને જનસમુદાયના બુદ્ધિજીવી (પબ્લિક ઇન્ટેલેક્ચ્યુલ) હતા. એમનું વૈચારિક વિશ્વ સર્જનાત્મક કે અન્ય, સમાજના, દેશના અને દુનિયાના પ્રશ્નો અને એક વિશાળ ઐતિહાસિક ફલકની સમજથી ક્યારેય અળગું ન હતું. એમના સાહિત્યને એમના આ સમગ્ર વૈચારિક સંદર્ભથી અલગ કરીને મૂલવી ન શકાય. પોતાની આસપાસના પ્રશ્નોથી સતત ચિંતિત, એ વિશે જાહેરમાં અનેક વાર બુલંદ અવાજ ઉઠાવનાર અને સામાજિક ન્યાય માટે ખેવના રાખનાર વ્યક્તિની ચેતનામાંથી આ સાહિત્ય નીકળ્યું છે.

આજે પણ સામાજિક ન્યાય, વ્યક્તિ અને સંસ્કૃતિની સ્વાયત્તતા અને સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ જેવા પ્રશ્નો આપણી વચ્ચે છે. ઉમાશંકરના સાહિત્યમાં અનેક પ્રશ્નો ઊઠ્યા છે. એમના સતત લખાતાં અસંખ્ય લખાણોમાં ગુજરાતના, દેશના, અને અમુક અંશે દુનિયાના, સંદર્ભમાં આ પ્રશ્નો ચર્ચાયા છે. એમના સમગ્ર શબ્દસર્જનમાંથી એક આખા જમાનાના, લગભગ એક સદીના, સાંસ્કૃતિક, સામાજિક અને રાજકીય જીવનનો ઐતિહાસિક આલેખ છતો થાય છે. આજના પ્રશ્નોને સમજવામાં, આજની પરિસ્થિતિના પડકારને ઝીલવામાં અને એક ન્યાયી સમાજની રચના માટે આ સર્જનના ઐતિહાસિક સંદર્ભનો ફરીથી સાથે મળીને વિચાર કરીએ, અને એ નિમિત્તે સાહિત્ય, સંસ્કૃતિ અને આજના પ્રશ્નોની એક નવી સમજ મેળવીએ, તો એમને સાચી અંજલિ આપી લેખાય. સપ્ટેમ્બર ૧૯૭૪માં નક્સલવાદી બહેનો પર પોલીસના સિતમ સામે અને નવનિર્માણ આંદોલનના ગુજરાતી વિદ્યાર્થીઓને દિલ્હીમાં સામ-દામ-ભેદ-દંડથી તોડવાના શાસક પક્ષના પ્રયત્નો સામે એમણે કાંઈક અકળાઈને અને કાંઈક ગુસ્સામાં પ્રશ્ન ઉઠાવ્યો હતો કે દેશના નેતાઓને મન યુવાનોની આ કિંમત ? આ પ્રશ્નની પાછળ એમનો ભવિષ્યની – આજની – પેઢીમાં પૂરો વિશ્વાસ છતો થાય છે. આ સંદર્ભમાં એમણે લખ્યું હતું કે 'દેશનું ભાવિ તો સામાજિક અન્યાય સાંખી ન લેનાર મુઠ્ઠીભર યુવકયુવતીઓ હશે તો પણ ઊજળું – ઊજળું જ છે.' આપણા મનમાં પણ આવો પૂરો વિશ્વાસ હશે તો આપણે જરૂર કામયાબ થઈશું, એક દિવસ.

r



# અહેવાલ ગુજરાતી સાહિત્ય પરિષદનું છવ્વીસમું જ્ઞાનસત્ર

અજય પાઠક

શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળ, મોડાસા(જિ. સાબરકાંઠા)ની પચાસ વર્ષની વિદ્યાયાત્રા પ્રસંગે ઊજવાતા સુવર્ણજયંતી મહોત્સવ અન્વયે ગુજરાત સાહિત્ય અકાદમીના સહયોગથી ગુજરાતી સાહિત્ય પરિષદનું ૨૬મું જ્ઞાનસત્ર મંડળના યજમાન પદે તા. ૨૪, ૨૫, ૨૬ ડિસેમ્બર ૨૦૧૦ના ત્રણ દિવસો દરમિયાન મોડાસા ખાતે કેળવણી મંડળના વિશાળ અને રમણીય પરિસરમાં યોજાયું હતું. જાણીતા સાહિત્યકાર અને પરિષદપ્રમુખ શ્રી ભગવતીકુમાર શર્માના અધ્યક્ષસ્થાને યોજાયેલ આ જ્ઞાનસત્ર ત્રણ દિવસમાં જુદી જુદી આઠ બેઠકોમાં વહેંચાયેલું હતું.

તા. ૨૪, શુક્રવાર બપોરના ૨.૩૦થી ૫.૧૫ની સત્રની પ્રથમ બેઠકનો પ્રારંભ થાય તે પૂર્વે પૂ. મોરારિબાપુના આગમનને ૧.૩૦ વાગે ઉમળકાભેર વધાવવામાં આવ્યું હતું. કૉલેજ કેમ્પસ ખાતે ભા. મા. શાહ હૉલ જેને જ્ઞાનસત્ર સંદર્ભે સ્વ. રમણલાલ સોની સભાગૃહ એવું નામાભિધાન કરીને તથા બેનર દ્વારા આ ગામના સદ્‌ગત સાહિત્યકારનું ઉચિત સ્મરણ કરવામાં આવ્યું હતું. આ સાથે આ જ ગામના અન્ય સાહિત્યકાર જેમનું જન્મશતાબ્દીવર્ષ ચાલી રહ્યું છે તેવા સદ્‌ગત ભોગીલાલ ગાંધીનું સ્વ. ચીમનલાલ મ. વૈદ્ય (બુટાલા)નું પણ બેનર મૂકીને સ્મરણ કરવામાં આવ્યું હતું. પણ સભાગૃહની વિશાળતા, બેઠક વ્યવસ્થાનું આયોજન, મંચ સુશોભન વગેરે સુંદર અને પ્રભાવક બની રહ્યાં હતાં. ઉદ્‌ઘાટન બેઠકનો સમયસર પ્રારંભ થયો હતો. પૂ. મોરારિબાપુ, સર્વશ્રી ભગવતીકુમાર શર્મા, ભોળાભાઈ પટેલ, રઘુવીર ચૌધરી, અનિલાબહેન દલાલ, કુમારપાળ દેસાઈ, વર્ષા અડાલજા, રાજેન્દ્ર પટેલ, માધવ રામાનુજ, હર્ષદ ત્રિવેદી, નીતિન વડગામા, પ્રફુલ્લ રાવલ, જનક નાયક, યોગેશ જોશી, મોહન પરમાર વગેરે પરિષદ મહાનુભાવો સાથે શ્રી મ. લા. ગાંધી ઉ. કે. મંડળના પ્રમુખ ડૉ. અરુણભાઈ એન. શાહ, સ્વાગતસમિતિ પ્રમુખ શ્રીરામભાઈ સોની અને હેમ ઉ. ગુ. યુનિ., પાટણના કુલપતિ શ્રી હેમીક્ષાબહેન રાવ, પરિષદના પૂર્વપ્રમુખ ડૉ. ધીરુભાઈ ઠાકર, દાઉદભાઈ ઘાંચી વગેરે મહાનુભાવોએ મંચ પર સ્થાન ગ્રહણ કર્યું હતું. કાર્યક્રમનો આરંભ બી.એડ, કૉલેજના ગાયકવૃંદની પ્રાર્થના – નર્મદના જય જય ગરવી ગુજરાત (સ્વરાંકન અજિત શેઠ)ના સુંદર ગાન સાથે થયો. ગાયકવૃંદ દ્વારા સદ્‌ગત ભોગીલાલ ગાંધી રચિત 'તું તારા દિલનો દીવો થા ને !' પણ રજૂ થયું જેનું સ્વરાંકન મધુસૂદન ખંભોળજાએ કર્યું હતું. ત્યાર બાદ ડૉ. અરુણભાઈ એન. શાહે સ્વાગત-પ્રવચન કર્યું હતું. દીપપ્રાગટ્ય થયા બાદ સ્વાગતસમિતિના પ્રમુખ ડૉ. શ્રીરામ સોનીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું જેમાં તેમણે ઈ. સ. ૧૯૬૦માં મોડાસા ખાતે ભરાયેલ જ્ઞાનસત્રનો ઉલ્લેખ કર્યો હતો અને પ્રસ્તુત જ્ઞાનસત્ર કેળવણીમંડળના સુવર્ણજયંતી વર્ષમાં યોજાય છે અને પૂર્વ જ્ઞાનસત્ર અત્રે ભરાયાને પણ ૫૦ વર્ષ થાય છે આ બંને વાતનો સુયોગ નોંધ્યો હતો. સ્વાગતપ્રમુખના વક્તવ્ય બાદ પરિષદના વહીવટી/મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે વર્ષ દરમિયાન થયેલાં કામોની રૂપરેખા આપી હતી. વાર્ષિક અહેવાલની પરિષદ પ્રકાશિત પુસ્તિકા ડેલીગેટ્સને

વિતરિત કરવામાં આવી હતી. શ્રી રાજેન્દ્ર પટેલે પરિષદ દ્વારા હાથ ધરાયેલ કાર્યક્રમોની વિગતો વક્તવ્યમાં રજૂ કરી હતી અને ૨૦૦/- જેટલા કાર્યક્રમો થયા જેમાંના ૯૦% કાર્યક્રમો અમદાવાદની બહાર થયા છે તે વાતની નોંધ લીધી. આગામી સમય માટે પરિષદના Vision અને Misson વિશે વાત કરી હતી. માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા સાહિત્યયાત્રા, જેલકાર્યક્રમો અને technologyની મદદથી ભાષા-સાહિત્ય પરિષદની મહત્ત્વની ભૂમિકા દર્શાવી હતી.

ત્યાર બાદ પરિષદપ્રમુખ અને આ બેઠકના અધ્યક્ષ શ્રી ભગવતીકુમાર શર્માએ ઉદ્‌બોધન કર્યું. તેમણે જ્ઞાનસત્ર જે પરિસરમાં યોજાયું છે તે શિક્ષણસંકુલ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી. એક આખી યુનિવર્સિટી કાર્યરત હોય તેવું સમગ્ર કેમ્પસનું વાતાવરણ છે તેની નોંધ લીધી. ગુજરાતનાં મોટાં શહેરોની પછી આવાં નાનાં રસસ્થાનોનું પણ ગુજરાતનું વાતાવરણ નિર્માણ કરવામાં મહત્ત્વનું યોગદાન હોય છે તેમ કહ્યું. તેમણે મોડાસાને નાની પણ નમણી નગરી તરીકે બિરદાવી. તેમણે માતૃભાષા અંગેની ચિંતા પ્રગટ કરી. તેમણે ચીનનું દૃષ્ટાન્ત આપ્યું. ચીને કાયદો કરીને નક્કી કર્યું છે કે ચીની ભાષાને કોઈએ બગાડવી નહિ. તેમણે કહ્યું કે ગમેતેટલી ભાષાઓ ભણીએ પણ માતૃભાષાને ન ભૂલીએ. તેમણે ત્રણ શબ્દો આપ્યા. જન્મભૂમિ, જન્મદાત્રી અને માતૃભાષા. આ ત્રણે માટે આપણને ગૌરવ હોવું જરૂરી છે. તેમણે કહ્યું કે આપણું વૈશ્વીકીકરણ થઈ રહ્યું છે તે હકીકત છે. વિશ્વપ્રવાહમાં આપણે જરૂર આગળ વધીએ. પરંતુ આપણી સંસ્કૃતિને પણ જાળવીએ. તેમણે નવલકથા સત્ર, લેખિકા સત્ર, આત્મકથા સત્ર જેવાં આ વર્ષનાં આયોજનોનો ઉલ્લેખ કર્યો અને પરિષદનાં કામોની પ્રશંસા કરી. ‘વાંચે ગુજરાત’ કાર્યક્રમ અંતર્ગત જેલમાં કાવ્યપઠનના અનુભવને યાદ કર્યો અને તે સમયે કેદીજનોએ દર્શાવેલ તાદાત્મ્યને સંભાર્યું. પરિષદ વિદ્વજ્જનોની સંસ્થા છે તે વાતના સ્વીકાર સાથે સમાજાભિમુખ બનવાનું વલણ પણ બરાબર છે તેનો ઉલ્લેખ કર્યો. મહારાષ્ટ્રમાં આવાં સત્રોમાં પાંચ લાખ સાહિત્યરસિકો ઊમટી પડતા હોય છે તેવી રાજેન્દ્ર પટેલની વાતનો ઉલ્લેખ કરીને તેમણે આશા પ્રગટ કરી કે આપણે એકાદ લાખની સંખ્યામાં ઊમટી પડીએ તેવો ઉમંગ પ્રગટે.

અધ્યક્ષના પ્રવચન બાદ સર્વશ્રી હેમાક્ષીબહેન રાવ, ભોળાભાઈ પટેલ તથા રઘુવીર ચૌધરીએ પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં.

ત્યાર બાદ પૂ. મોરારિબાપુએ આશીર્વચન નિમિત્તે વિશાળ શ્રોતાગણને પ્રસન્ન કરી મૂકે તેવું ઉલ્લાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. તેમના વક્તવ્યનો સમ એ હતો કે ‘હું કશું ખરીદવા નથી આવ્યો, હું વહેંચવા આવ્યો છું.’ વધુમાં તેમણે જણાવ્યું કે ‘હું એક સારો શ્રોતા છું’ તેમણે તાજેતરમાં રમણ પાઠકના પુસ્તકનું વિમોચન કર્યું તે વાતનો ઉલ્લેખ કરી તે થકી જન્મતાં વૈચારિક સ્પંદનો, ઊહાપોહ વગેરેની વાતો હળવી શૈલીમાં રજૂ કરી. આ પ્રસંગે તેમણે ઉમાશંકર જોશીને ખાસ યાદ કર્યા. ‘નિરીક્ષક’માં તાજેતરના અંકમાં પ્રથમ પાને છપાયેલ સ્વાતિ જોશીના લેખનો ઉલ્લેખ કરીને ‘શબ્દ મને ક્યાં ક્યાં લઈ ગયો’ એ મુદ્દે ઉમાશંકરનું ભાવભર્યું સ્મરણ કર્યું હતું. તેમણે દીપપ્રાગટ્ય સમયે પોતાના મનોભાવો કેવા હોય છે તેનું બયાન આપતાં કહ્યું કે તલગાજરડામાં પોતાના મંદિરમાં આરતી ઉતારતો હોઉં તેવી જ ભાવના આ તકે થતી હોય છે. પરિષદ એક મંદિર છે અને હું આરતી કરું છું એવી સાહજિક લાગણી હું અનુભવું છું. પોતાના ભાવો સમજાવવા તેમણે નરસિંહની ભાષાનો, કાવ્યપંક્તિનો ઉપયોગ કર્યો, ‘એવા રે અમો એવા રે...’ ધીરુભાઈ ઠાકરને બિરદાવતાં કહ્યું કે વિદ્યા, કલા, શબ્દ કોઈને ઘરડો થવા દેતો નથી. ધીરુભાઈ ઠાકર ઝીણામાં ઝીણું સાંભળે છે. તેમણે ફરી ઉમાશંકરને યાદ કર્યા. ‘હું તો ગુર્જર ભારતવાસી’ પંક્તિને યાદ કરી. બામણા ગામને યાદ કર્યું. બામણા ગામનો માણસ વામણો નહોતો એમ કહી ઉમાશંકરના વિરલ વ્યક્તિત્વને વંદન કર્યાં.

ઉદ્‌ઘાટન બેઠકમાં યજમાન સંસ્થાએ પોતાના પરિસરના ઉત્કર્ષમાં જેમનું પાયાનું યોગદાન રહેલું છે તેવા બે સારસ્વતોનું ખાસ સન્માન કર્યું હતું – સર્વશ્રી ધીરુભાઈ ઠાકર તથા દાઉદભાઈ ઘાંચી.

અંતમાં શ્રી અનિલાબહેન દલાલે આભારવિધિ કર્યો હતો. એ વાતનો ઉલ્લેખ જરૂરી ગણાય કે ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા શ્રી હર્ષદ ત્રિવેદીના હસ્તે સ્વાગત સમિતિના પ્રમુખ ડૉ. અરુણભાઈને રૂ. ૩,૦૦,૦૦૦/-નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

ઉદ્‌ઘાટન બેઠકનું સંચાલન પ્રારંભમાં સ્વાગત સમિતિના સભ્ય/મંત્રી દ્વારા કરવામાં આવ્યું હતું અને દીપ પ્રાગટ્ય બાદ પરિષદમંત્રી શ્રી રાજેન્દ્ર પટેલે સંચાલન સંભાળ્યું હતું.

પ્રથમ દિવસની બીજી બેઠકનો પ્રારંભ રાત્રે ૮.૦૦ વાગે થયો હતો જેનું સંચાલન શ્રી પ્રફુલ્લ રાવલે સંભાળ્યું હતું. આ બેઠકમાં પરિષદ તરફથી અપાતાં વિવિધ પારિતોષિકોનું વિતરણ ભગવતીકુમાર શર્માના હસ્તે કરવામાં આવ્યું હતું. પારિતોષિકો અંગેની તમામ વિગતો આપતી પુસ્તિકાનું પ્રકાશન પરિષદે પ્રગટ કર્યું હતું અને ડેલીગેટ્સને તે પુસ્તિકા આપવામાં આવી હતી. એ નોંધવું આનંદપ્રદ છે કે મધુરાય, હર્ષ બ્રહ્મભટ્ટ, કિરીટ દૂધાત જેવા વિજેતા સર્જકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

ત્રીજી બેઠકનો પ્રારંભ રાત્રે ૯.૦૦ કલાકે થયો હતો. કાવ્યાસાદની આ બેઠકના અધ્યક્ષ શ્રી નીતિન વડગામા હતા. તેમણે બહુ જ ટૂંકમાં પોતાનું વક્તવ્ય રજૂ કર્યું હતું અને ઉમાશંકર જોશી કવિતા : પાઠ અને ગાન’ના વિષયને સ્પર્શ કરી વાસ્તવિક પઠન અને ગાન માટે અવકાશ રચ્યો હતો. પ્રતીકાત્મક કાવ્યપાઠમાં સર્વશ્રી હર્ષદ ત્રિવેદી (ભળતાં મળી ગઈ મોંઘેરી ગુજરાત, ગુજરાત મોરી મોરી રે), બિન્દુબહેન ભટ્ટ (ભાઈલોના માઈલો મારી અંદર), યોગેશ જોષી (બળતાં પાણી), હરિકૃષ્ણ પાઠક (નખી સરોવર પર શરત્પૂર્ણિમા)એ રજૂઆત કરી હતી. જાણીતા સ્વરકાર ગાયક અમર ભટ્ટ તથા સૌમિક સુથાર દ્વારા એક સૉનેટ રચના સહિત ચારેક રચનાઓનું પ્રભાવક તેમ પ્રસન્નકર શૈલીએ ગાન પ્રસ્તુત થયું હતું જેનાં મધુર સ્મરણ સાથે પ્રથમ દિવસના કાર્યક્રમો સંપન્ન થયા હતા. આભારવિધિ શ્રી પ્રફુલ્લ રાવલે કર્યો હતો.

જ્ઞાનસત્રના બીજા દિવસની સવારે ૯.૦૦ વાગે ચોથી બેઠકનો પ્રારંભ થયો હતો. ‘સર્જક વિશેષ : ઉમાશંકર જોશીનું વિવેચન-સંશોધન’ અંગે ચર્ચા-વિચારણા માટેની આ બેઠકના અધ્યક્ષ હતા શ્રી શિરીષ પંચાલ. તેમણે ચર્ચાની માંડણી કરતું ટૂંકું છતાં ખૂબ મહત્ત્વનું બેઠકની ભૂમિકારૂપ વક્તવ્ય પ્રારંભમાં આપ્યું હતું – ‘અખો એક અધ્યયન’ અને ‘સમસંવેદન’ એ બે પુસ્તકોનો ઉલ્લેખ કરીને યુવાન ઉમાશંકરના વિવેચન અંગે ખ્યાલો કઈ રીતે બંધાય છે, આકાર લે છે, તેમની અભ્યાસશીલતા વગેરે અંગે વાત કરી હતી. તેમણે ૧૯૬૦ પૂર્વેના ઉમાશંકર અને ૧૯૬૦

પછીના ઉમાશંકરના વિવેચન વિચારને જોવાની જિકર કરી હતી. ત્યાર બાદ આ વિષયનું બીજરૂપ વક્તવ્ય શ્રી ચંદ્રકાન્ત શેઠે પ્રસ્તુત કર્યું હતું. ઉમાશંકરના સમગ્ર સાહિત્ય વિશે જેમનો ઊંડો અભ્યાસ રહ્યો છે તેવા શ્રી ચંદ્રકાન્ત શેઠ સ્વાભાવિક જ ઉમાશંકરના વિવેચન-વિચાર તથા વિવેચનગ્રંથો અંગે સંતર્પક ચર્ચા રજૂ કરી શક્યા. તેમણે પ્રારંભમાં કહ્યું કે ઉમાશંકરમાં કારયિત્રી પ્રતિભા અને ભાવયિત્રી પ્રતિભા બંને છે. સર્જક-વિવેચકનો સંબંધ કેવા પ્રકારનો છે તે વિશે ઉમાશંકર બહુ વિવેક કરે છે અને કહે છે વિવેચક સર્જકની આગળ પણ છે, સાથે પણ છે અને હૃદયમાં પણ છે. તેમણે ઉમાશંકરનું પ્રખ્યાત વાક્ય 'કવિકર્મ એ જ કવિધર્મ' યાદ કર્યું. 'કવિતા કવિતા પ્રધાન રહે તે પૂરતું છે.' તે વાત કરી. ઉમાશંકરે હરિશ્ચંદ્ર ભટ્ટને લખેલ પત્રનો ઉલ્લેખ કર્યો. પ્રશિષ્ટતા એ એમનો આરાધ્ય છે અને એમણે પ્રશિષ્ટ કૃતિઓનું સેવન કર્યું છે. ઉમાશંકરનો પ્રિય શબ્દ વિવેક છે. કલાનેય જોવાની છે, જીવનને પણ જોવાનું છે. સાહિત્યને જીવનથી અલગ પાડીને વિચારી ન શકાય તેમ ઉમાશંકર માને છે. વિવેચકે કૃતિનાં રસસ્થાનો બતાવવાનાં છે. તે ઉપરાંત કૃતિમાં શું ખૂટે છે તે પણ બતાવવાનું છે. ૧૭ વિવેચનગ્રંથોમાં પથરાયેલું ૪૫૦૦ પાનાનું વિવેચન કાર્ય ઉમાશંકરના અભ્યાસી સ્વભાવનો બરાબર ખયાલ આપે છે. ઉમાશંકરમાં વૈયક્તિકતાની સાથે વૈશ્વિકતાનો સંદર્ભ હંમેશાં આવ્યા કરે છે. નગીનદાસ પારેખને ટાંકીને તેમણે કહ્યું કે ઉમાશંકર કવિકર્મની પ્રક્રિયા પર સૌથી વધુ ભાર મૂકે છે. પ્રત્યક્ષ વિવેચનમાં ઉમાશંકરનો ખૂબ રસ છે. ઉમાશંકરની વિશેષતાઓમાંથી એક ખાસ ઉલ્લેખ કર્યો તે 'નવી ટેલેન્ટને પકડી પાડવી, તેને સ્થાન આપવું.' 'અર્થઘટનનો આનંદ'નો મુદ્દો કહ્યો. તેમના વિવેચનના ગદ્યની ખાસ નોંધ લીધી. તેમની ગદ્ય લઢણો, તેમના અવનવા શબ્દપ્રયોગો 'સમસંવેદન' શબ્દ, 'શ્રદ્ધા' શબ્દ વગેરેની વાત કરી. 'ઈશાવાસ્ય' પરના વિવેચનને યાદ કર્યું. બીજરૂપ વક્તવ્યમાં ઉમાશંકરના વ્યક્તિત્વની અખિલાઈના સંદર્ભમાં તેમના વિવેચનને મૂકી આપ્યું.

ત્યાર બાદ સર્વશ્રી ભોળાભાઈ પટેલ, નરોત્તમ પલાણ, ઉષા ઉપાધ્યાય, અશ્વિન દેસાઈએ અનુક્રમે ઉમાશંકરની સંસ્કૃતસાહિત્યની વિવેચના, મધ્યકાલીન સાહિત્યનું વિવેચન અને સંશોધન, સમકાલીન કવિતા ને કૃતિનિષ્ઠ વિવેચન વિષયો પરત્વે વિગતપૂર્ણ અને વિદ્વત્તાસભર વ્યાખ્યાનો પ્રસ્તુત કર્યાં હતાં. વ્યાખ્યાનો ઊંડાણયુક્ત તેમ વિષયના વ્યાપને રજૂ કરનારાં બન્યાં હતાં. સમગ્ર બેઠક ધન્યતાનો અનુભવ કરાવનારી બની રહી હતી. અધ્યક્ષશ્રીએ સમાપન ટિપ્પણીમાં બે રસપ્રદ પૂર્તિ કરી હતી. 'સાયુજ્ય' માટે શ્રી સુરેશ જોષીએ ઉમાશંકર જોશી પાસે લેખ મંગાવેલો. ઉમાશંકર જોશીએ વેઇટિંગ ફોર ગોદો વિશેનો લેખ મોકલેલો. આ કૃતિને પામવાની ચાવી ઉમાશંકર આપે છે. બીજું, શ્રી પંચાલે કહ્યું કે અમારી પેઢીની સાહિત્યરુચિનું ઘડતર ઉમાશંકર – સ્નેહરશ્મિ સંપાદિત 'સાહિત્ય-પલ્લવ' પાઠ્યપુસ્તકથી થયું છે. સમગ્ર બેઠક દરમિયાન વિદ્વાનોએ પોતાના અભ્યાસનો સરસ પરિચય આપ્યો તેમ ઉમાશંકરના વિવેચન કાર્યને યાદ કરવા / મૂલવવાનો સુંદર ઉપક્રમ રચ્યો. સમય અને વિષયની પોતાની શિસ્તમાં રહીને પ્રત્યેક વક્તાએ એક પરિપક્વ વિચારણાનો પરિચય કરાવ્યો જેનો આનંદ ટકી રહેશે અને ઉમાશંકરના અખો એક અધ્યયન, સમસંવેદન, શૈલી અને સ્વરૂપ અને શ્રી અને સૌરભ જેવા ગ્રંથોનું ફરી વાચન-મનન કરવા પ્રેરનાર બનશે. બેઠકનું સુંદર સંચાલન શ્રી રાજેન્દ્ર પટેલે કર્યું હતું.



જ્ઞાનસત્રની પાંચમી બેઠકનો આરંભ બપોરના ૩.૦૦ કલાકે થયો હતો. આ બેઠકના અધ્યક્ષ શ્રી રતિલાલ બોરીસાગર હતા. ઈ. સ. ૨૦૦૮-૨૦૦૯ એમ બે વર્ષના સાહિત્યનું સરવૈયું કરવાનો ઉપક્રમ હતો. સર્વશ્રી અનિરુદ્ધસિંહ ગોહિલ, કવિત પંડ્યા, રાજેન્દ્રસિંહ ગોહિલ, વિપુલ પુરોહિત, પન્ના ત્રિવેદી, વિનોદ ગાંધી, યશવંત મહેતા, યોગેન્દ્ર પારેખ એ અનુક્રમે આ બે વર્ષની કવિતા, નાટક, નવલકથા, ટૂંકી વાર્તા, નિબંધ, બાળસાહિત્ય, વિવેચન-સંશોધન-સંપાદનનાં સરવૈયાં રજૂ કર્યાં હતાં. યુવાન અભ્યાસી પ્રાધ્યાપકોનો પોતાના વિષયનો અભ્યાસ સુંદર રીતે રજૂ થયો હતો. અધ્યક્ષ શ્રી રતિલાલ બોરીસાગરે ચર્ચના સમાપનમાં જણાવ્યું કે યુવાન અભ્યાસીઓની અભ્યાસનિષ્ઠા, સ્વરૂપ અંગેની પાકી સમજ, નવી પેઢી પાસે આશા જન્મે છે. તેમણે જણાવ્યું કે આજનું સરવૈયું શું સૂચવે છે ? એકંદર તારણ એવું છે કે સાહિત્ય ખોટમાં ચાલે છે. ગુજરાત પ્રેમીઓ અને ગુજરાતી પ્રેમીઓની ઊંઘ ઊડી જવી જોઈએ. તેમણે પ્રશ્ન મૂક્યો કે શું આપણે સંવેદનશીલતા ગુમાવી છે ? તેમણે નોંધ્યું કે પાઠવિવેચનની પરંપરા લુપ્ત થતી જાય છે. પાઠાન્તર છાપવાની પ્રથા લુપ્ત થતી જાય છે. તેમણે આ બાબતને ચિંતાના વિષયો ગણાવ્યા હતા. તેમણે એવી પણ જિકર કરી કે ભાષાકર્મનું વિવેચન થવું જોઈએ. આ બેઠક પછી આ અંગે જાગૃતિ આવે તેવી અપેક્ષા વ્યક્ત કરી.

રાત્રિ બેઠકમાં રાત્રે ૯.૦૦ કલાકે યજમાન સંસ્થા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો હતો. નૃત્ય દ્વારા ગણેશવંદના, કૃષ્ણભક્તિનું મીરાં-નૃત્ય, ભજન પ્રસ્તુતિ – વૈષ્ણવજન તો તેને કહીએ, વગેરેની આકર્ષક રજૂઆત પછી 'વીર ભૂમિ' નાટકની પ્રભાવક પ્રસ્તુતિ થઈ હતી. લેખક – દિગ્દર્શક શ્રી અરવિંદભાઈ પંડ્યા અભિનંદનને પાત્ર છે. સાંસ્કૃતિક કમિટીના સર્વશ્રી ડૉ. નવીનભાઈ શેઠ (કન્વીનર), ડૉ. કિશોર પંડ્યા, ડૉ. ગિરીશ રાવળ, ડૉ. સમીર પટેલ, પ્રા. પ્રજ્ઞાબહેનની સભાગૃહમાં સતત ઉપસ્થિતિ તથા પ્રાસંગિક ઉદ્‌ઘોષણા, સમયસંચાલન વગેરે માટેની તેઓની કામગીરી નોંધપાત્ર રહી હતી.

સત્રની છઠ્ઠી બેઠકનો આરંભ તા. ૨૬ની સવારે ૮.૩૦ વાગે થયો. આ બેઠકનાં અધ્યક્ષ હતાં સુશ્રી શરીફા વીજળીવાળા. 'સાહિત્યસ્વરૂપ : ટૂંકી વાર્તા – છેલ્લા ત્રણ દાયકાની ટૂંકી વાર્તાની ઉપલબ્ધિ' વિષય હતો. સંચાલન શ્રી જનક નાયકે કર્યું હતું. સુશ્રી શરીફા વીજળીવાળાએ અધ્યક્ષીય પ્રવચનમાં જણાવ્યું કે ટૂંકી વાર્તા વંચાતો સાહિત્યપ્રકાર બન્યો છે. તેમણે પ્રવાહદર્શન કરાવ્યું. '૮૫ પછી મોટી સંખ્યામાં સારા વાર્તાકારો મળ્યા છે તેવો ઉલ્લેખ કર્યો. તેમણે પોતે વાંચેલા વાર્તાકારોની લાંબી યાદી રજૂ કરી અને પછી આધુનિક ટૂંકી વાર્તાની મર્યાદાઓ બતાવી અને અનુઆધુનિક ગાળાનાં ટૂંકી વાર્તાકારોના પ્રામાણિક પ્રયત્નોને તેમણે ચીંધી બતાવ્યા. આ વાર્તાકારોની મથામણોને પામવાનો સન્નિષ્ઠ પ્રયાસ તેમણે કર્યો. પોતાના સમયને સર્જનાત્મક દૃષ્ટિથી સ્પર્શવાનો આ વાર્તાકારોએ પ્રયાસ કર્યો છે તેની નોંધ લીધી. તેમણે દલિત ચેતના, નારીચેતના અને ગ્રામચેતનાની વાર્તાઓને તપાસી. તેમણે ઝીણી નજરે આ વાર્તાકારોની વાર્તાઓને જોઈ. નારીચેતનાની વાર્તાઓ તેમને અનુઆધુનિક ગાળાની વાર્તાઓમાં ઉપલબ્ધિ સમાન જણાઈ હતી. અન્ય ભાષાઓમાં રચાતી વાર્તાઓ, વિશ્વકક્ષાની વાર્તાઓ સાથે ઊભી રહી શકે તેવી વાર્તાઓ અનુઆધુનિક કાળમાં મળતી થઈ છે.

શ્રી મણિલાલ હ. પટેલે 'ગુજરાતી વાર્તાની ગઈકાલ અને આજ' વિષય પર વક્તવ્ય આપ્યું. તેમણે આરંભમાં જ શરીફાબહેનની વાત સાથે સંમતિ સાધી જણાવ્યું કે વિશ્વની સારી વાર્તાઓ તેમ ભારતની અન્ય ભાષાઓમાં સર્જાતી વાર્તાઓ સાથે ઊભી રહી શકે તેવી વાર્તાઓ આપણે ત્યાં સર્જાય છે. તેમણે ગુજરાતી સાહિત્યની સારી-સફળ વાર્તાઓની યાદી રજૂ કરી. ધૂમકેતુનો સમય, સુરેશ જોષીનો સમય અને જયંતિ દલાલ જેવાના સંક્રાંતિના સમયની વાર્તાઓની ચર્ચા કરી. આ સંદર્ભ લઈને આજની વાર્તાને તેમણે તપાસી. અનુઆધુનિક વાર્તા પોતાના સમાજસંદર્ભ પાસે વિશિષ્ઠ રીતે જાય છે અને આધુનિક વાર્તા સાથેનું અનુસંધાન જાળવી રાખે છે. તેમણે આ ગાળાની વાર્તાના વિશેષો તારવી આપ્યા. તેમણે વાર્તાના નામ લઈને વાત કરી.

ત્યાર પછીના વક્તાશ્રી અજય રાવલે ટૂંકી વાર્તાના સ્વરૂપ વિશે ચર્ચા કરી. સર્જકચિત્તમાં એક સંવેદન પડેલું હોય છે. પોતાની આંતરિક જરૂરિયાતને વશવર્તીને ચોક્કસ સાહિત્યસ્વરૂપમાં વ્યક્ત થાય છે. ટૂંકી વાર્તામાં લાઘવ એટલે કે એકત્વ અને બીજું વાર્તાપણું એ બે લક્ષણો અનિવાર્ય છે. ધૂમકેતુથી માંડી જયંતિ દલાલ, સુરેશ જોષીથી માંડી વિભૂત શાહ અને પછી મોહન પરમારથી આજ પર્યંત એમ ત્રણ તબક્કામાં ગુજરાતી ટૂંકી વાર્તાનું સ્વરૂપ ઉત્તરોત્તર વિકસે છે. પરંપરાની વાર્તા, આધુનિક વાર્તા અને અનુઆધુનિક વાર્તા એમ ત્રણ તબક્કે ગુજરાતી વાર્તા વિકસે છે. સ્વરૂપની દૃષ્ટિએ આ ત્રણેય તબક્કાની વાર્તાઓને તેમણે તપાસી. સુરેશ જોષી, કિશોર જાદવ, મધુરાય વગેરે પરસ્પરથી સ્વરૂપની દૃષ્ટિએ કઈ રીતે જુદા પડે છે તે જણાવ્યું. સુમન શાહ પછીથી અનુઆધુનિક ગાળામાં કઈ રીતે જુદા પડે છે તે જણાવ્યું. બક્ષી, રઘુવીર આદિની વાર્તાઓ અને તેની પાછળ જે તે લેખકની વિભાવના શી છે તે બતાવ્યું. તેમણે સ્વરૂપની દૃષ્ટિએ અનુઆધુનિક વાર્તાનાં ખાસ લક્ષણો તારવી બતાવ્યાં.

શ્રી જગદીશ ગૂર્જરે પ્રવાહદર્શન વિશે વાત કરી. તેમણે શરૂઆતમાં જણાવ્યું કે મારા અગાઉ જે ત્રણ વક્તાઓ બોલ્યા તેમાં મારો સંમતિનો સૂર પુરાવું છું. પોતાનો લેખ વાંચ્યો. જીવનના નક્કર વાસ્તવનો અનુઆધુનિક વાર્તાએ પરિચય કરાવ્યો. તેમ જણાવ્યું. સુમન શાહ, હિમાંશી શેલત, મોહન પરમાર, માય ડિયર જયુ, હરીશ નાગ્રેચા વગેરેને અનુઆધુનિક ગાળાના ઉલ્લેખનીય વાર્તાકારો તરીકે જણાવ્યા. સુમન શાહ અને હિમાંશી શેલતની વાર્તાઓમાં રહેલા વિશેષો વર્ણવ્યા. મોહન પરમારની વાર્તાઓના વિશેષો તારવી બતાવ્યા. માય ડિયર જયુની સાચુકલી નિસબત તથા ગદ્યવિધાન વિશે વાત કરી. હરીશ નાગ્રેચા અંગે વાત કરી. શિરીષ પંચાલનો પણ ઉલ્લેખ કર્યો હતો. અજિત ઠાકોરની વાર્તાઓ તથા મણિલાલ હ. પટેલની વાર્તાઓ અંગે ઉલ્લેખો કર્યા. કિરીટ દૂધાતને યાદ કર્યા. ભગવતીકુમાર, રઘુવીર ચૌધરી, રવીન્દ્ર પારેખને પણ સ્પર્શ કર્યો. અન્ય અનુઆધુનિક વાર્તાકારોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સમાપનમાં શરીફાબહેને કહ્યું કે વાર્તાકારે સંકુલ સમયને આલેખવો બાકી છે. વાર્તાઓ વિશે સતત ચર્ચા, સૈદ્ધાન્તિક ચર્ચા થતી રહે તેવી મારી માગણી છે. શિરીષ પંચાલ, હિમાંશી શેલત તથા સુમન શાહની કેફિયતો (શબ્દસૃષ્ટિ)માંથી અમુક અંશ રજૂ કર્યા. શિરીષભાઈ / હિમાંશીબહેનની કેફિયત સાથે સહમતી દર્શાવી હતી. સંચાલક શ્રી જનક નાયકે સંચાલન દરમિયાન પોતાનાં સૂચનો / સુઝાવ રજૂ કર્યા. બેઠકો / વક્તવ્યો વધુ અર્થપૂર્ણ બની રહ્યાં. સમગ્ર





બેઠક એક ઉચ્ચ સ્તરની ચર્ચા-વિચારણા સભા સમાન બની રહી.

સાતમી બેઠકનો પ્રારંભ સવારે ૧૧.૦૦ કલાકે થયો હતો. આ બેઠકના અધ્યક્ષ ડૉ. ભગવાનદાસ પટેલ હતા. આ બેઠકમાં ઉત્તર ગુજરાતના લોકસાહિત્ય અને આદિવાસી પરંપરાઓના વિશેષ સંદર્ભમાં ચર્ચા-વિચારણા કરવામાં આવી. આ બેઠકનું સંચાલન શ્રી કીર્તિદા શાહે સંભાળ્યું હતું. સૌ પ્રથમ અધ્યક્ષ શ્રી ડૉ. ભગવાનદાસ પટેલે પોતાનું વક્તવ્ય આપ્યું. આદિવાસી સાહિત્યનું અલગ કાવ્યશાસ્ત્ર અને સૌંદર્યશાસ્ત્ર રચવું પડે તેવી સ્થિતિ છે. આદિવાસી લોકસાહિત્યમાં સર્જકનો નાતો પોતાની કૃતિ સાથે જીવનપર્યંત રહે છે. આદિવાસી સમાજમાં નારીનું શું સ્થાન છે તે અંગેનો લેખ કર્યો. 'પૌરાણિક ભીલ સાહિત્યમાં નારી' એવો વિષય કર્યો હતો. અહીં નારી વધુ સ્વતંત્ર છે. તેનું સ્થાન ઊંચું છે. લગ્ન વર-કન્યાની પસંદગીથી થાય છે. બહુ-પત્નીનો રિવાજ હોય છે. મિલકતની વહેંચણી નારીના અધિકાર મુજબ થાય છે. કન્યાના લગ્ન પૂર્વેના સંબંધો લક્ષમાં લેવામાં આવતા નથી. છૂટાછેડા લઈ શકાય છે. છૂટા છેડા લીધા પછી પણ પૂર્વપતિને ઘેર પોતાનાં સંતાનોને મળવા જઈ શકે છે, રાતવાસો રહી શકે છે. સ્ત્રી ગૌરવનું નિરૂપણ છે. જારપ્રેમ અને પુરુષના અહંવિગલન પ્રક્રિયાનું નિરૂપણ : દૃષ્ટાન્ત સાથે વાત કરી. સતીત્વ, શુચિતા વગેરે મૂલ્યો શિષ્ટ સમાજમાં પ્રવર્તે છે. આદિવાસી સમાજમાં પરિસ્થિતિનો સહજ સ્વીકાર છે. અહીં સીતા અગ્નિપરીક્ષા આપવાની આવતી નથી. સ્ત્રી પુરુષની સંપત્તિ મનાય છે. આદિવાસી સમાજમાં સ્ત્રીની સ્થિતિ જુદી છે. અહીં પ્રકૃતિજગત અને માનવજગત સમાન રીતે જીવે છે. અહીં બ્રાહ્મણજીવનની ઉચ્ચતા કે રાક્ષસની નીચતા નથી.

અધ્યક્ષના પ્રવચન બાદ સર્વશ્રી ડૉ. અમૃત પટેલ, પ્રા. પ્રેમજી પટેલ તથા ડૉ. દીપક રાવલે અનુક્રમે ઉત્તર ગુજરાતનાં લોકગીતો, આદિવાસી લોકમહાકાવ્યો અને લોકગીતોની ભાષા અને વ્યંગાર્થો વિશે પોતાનાં વક્તવ્યો રજૂ કર્યાં હતાં. તેમની રજૂઆતોમાં જરૂરી અભ્યાસ અને અધિકૃતતા તરવરતાં હતાં. લેખના મુખ્ય અંશોની સંક્ષેપમાં રજૂઆત કરી હતી. અધ્યક્ષીય નિરીક્ષણો આપતાં ભગવાનદાસ પટેલે જણાવ્યું કે બધા વક્તાઓએ વિષયને ન્યાય આપ્યો છે. સંચાલક શ્રી કીર્તિદા શાહે જણાવ્યું હતું કે ભગવાનદાસ પટેલ વિશે તથા તેમના કામ વિશે એક આખું સત્ર થઈ શકે તેવું તે વ્યક્તિત્વ છે.

સત્રની આઠમી બેઠકનો આરંભ બપોરના ૧.૦૦ વાગે થયો હતો. યજમાન સંસ્થા તરફથી ગાયકવૃંદે ઉમાશંકર જોશીનું 'ગુજરાત મોરી મોરી રે' ગીત (સ્વરાંકન અજિત શેઠ) ભૈરવી રાગમાં રજૂ કર્યું હતું. મંચસ્થ મહાનુભાવો સર્વશ્રી ભાગ્યેશ જહા, ડૉ. અરુણભાઈ શાહ, ભગવતીકુમાર શર્મા, રઘુવીર ચૌધરી, રાજેન્દ્ર પટેલ આ સમાપન બેઠકમાં ઉપસ્થિત હતા. શ્રી ભાગ્યેશ જહાનું પુસ્તક, મેમેન્ટો તથા શાલથી સન્માન કરવામાં આવ્યું. રાજેન્દ્ર પટેલે પોતાના સંચાલનમાં મહાદેવ દેસાઈ તરફથી પ્રાપ્ત SMS વાંચ્યો. ચાઈનીઝ ગવર્નમેન્ટે અંગ્રેજી ભાષાને ચીનની ભાષા સાથે સેળભેળ કરીને વાપરવા પર પ્રતિબંધ મૂક્યો છે. આ વાત સૂચક છે. અધ્યક્ષશ્રી ભગવતીકુમાર શર્માએ પોતાના પ્રવચનમાં ઉમાશંકરની પંક્તિને બદલીને કહ્યું 'મળતાં મળી ગયું મોંઘેરું મોડાસા' કહી પોતાનો ઉમળકો પ્રગટ કર્યો. ત્રણ દિવસનું મિલન સંતર્પક બન્યું તેની વાત કરી. મહેમાનગતી એવી થઈ છે કે વારંવાર મોડાસા આવવાનું મન થાય.

સાહિત્યની ચર્ચાઓ સમૃદ્ધ હતી. આપણી સાહિત્યચેતનાને સંકોરે તેવી રહી. તેમણે ઉમાશંકર અંગેની બેઠક, વાર્તાની બેઠક અંગે ખૂબ પ્રસન્નતા વ્યક્ત કરી. લોકસાહિત્યની બેઠક ધન્યતાનો અનુભવ કરાવનારી રહી. સરવૈયાની બેઠકને Format ન બદલીએ તોપણ વધુ અર્થપૂર્ણ બનાવી શકાય. વિદ્યાર્થી ભાઈ-બહેનો બહુ મોટી સંખ્યામાં આવ્યાં તેનો આનંદ વ્યક્ત કર્યો. 'વાંચે ગુજરાત' દ્વારા પરિવર્તન આવતું નોંધાયું છે તેની નોંધ લીધી. પ્રશ્નોત્તરી માટે અવકાશ ઊભો કરવા અંગે જિકર કરી. સ્વાગત સમિતિને તેનાં આયોજન માટે ખૂબ આભાર / અભિનંદન પાઠવ્યાં.

શ્રી ભાગ્યેશ જહાએ બે વાત કરી. કવિ માનવચેતનાનો કોલંબસ છે. (ઑડન)ને ટાંકીને વાતનો આરંભ કર્યો. વર્જીનિયા વુલ્ફને યાદ કર્યાં. ૨૧મી સદીનો આરંભ ઓસામા બિન લાદેને કરી. દસકાનો અંત એસેન્જે વિકિલીક્સમાં કર્યો. ટૅક્નૉલૉજીએ ઊભું કરેલું વાતાવરણ કેવું છે તેનો ખ્યાલ આપ્યો. આતંકવાદનો સંદર્ભ. ભયસંદર્ભની વાત કરી. Faabook has established a new privacy. તમે તમારી પોતાની શેરી રચી શકો. ભાષા અને ટૅક્નૉલૉજી વચ્ચે બેલેન્સ કરવાની તક ઊભી થઈ છે. ભાષા સાવ ICUમાં નથી. હું એટલો નિરાશાવાદી નથી. તેમ એટલો આશાવાદી પણ નથી. ભાષા પર આક્રમણો પણ છે જ. આપણે આ સ્થિતિમાં કઈ રીતે કામ કરવું પડશે તેનો વિચાર કરવો જોઈએ. કમીટમેન્ટ ઊભું કરવું પડશે.

આ તકે જ્ઞાનસત્ર યોજાયું તે પૂર્વે કેટલીક સ્પર્ધાઓનાં આયોજનો થયાં હતાં તેનાં પારિતોષિકોના વિતરણનો ઉપક્રમ રચાયો હતો. પારિતોષિકો શ્રી ભાગ્યેશ જહાના હસ્તે, કેટલાંક પારિતોષિકો શ્રી ભગવતીકુમાર શર્માના હસ્તે, શ્રી રાજેન્દ્ર પટેલ તથા શ્રી રઘુવીર ચૌધરીના તથા ડૉ. અરુણભાઈના હસ્તે ઇનામો અપાયાં હતાં.

ડૉ. અરુણભાઈ શાહે આભાર વક્તવ્યમાં કહ્યું કે ૩ દિવસ પછી મહેમાનો આજે જશે તો અમને ગમશે નહિ. ૫ દિવસ સત્ર ચાલ્યું હોત એવી ઇચ્છા રહ્યા કરે. ભવિષ્યમાં પણ આવી તક લેવા અમે ઉત્સુક હઈશું.

શ્રી રઘુવીર ચૌધરીએ આભાર વક્તવ્યમાં લગ્નગીત ગાઈને રજૂ કર્યું. દક્ષેશભાઈ ઠાકર વિદ્યાર્થીઓને ઇનામ વિતરણમાંની સક્રિયતાને બિરદાવી. તથા ગુ. સા. પ. અને મ. બા. ગાંધી કેળવણી મંડળ વચ્ચે એ સેતુ બન્યાનો રાજીપો વ્યક્ત કર્યો હતો. પડદા પાછળ રહી કામ કરવાની એમની રીતને બિરદાવી હતી. જ્ઞાનસત્રના આયોજનમાં એમનો ફાળો અનન્ય રહ્યો હતો. હિન્દુ-મુસ્લિમના ભેદ વિના જે વાતાવરણનો અનુભવ થતો જોયો તેનો આનંદ વ્યક્ત કર્યો.

શ્રી રાજેન્દ્ર પટેલે પરિષદ વતી તમામ પ્રતિ આભાર વ્યક્ત કર્યો અને સૌ ડેલીગેટ્સ વતી યજમાન સંસ્થાના બધા જ કાર્યકરો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરી.

અંતમાં મધુરેણ સમાપયેત્ શ્રી રઘુવીર ચૌધરીના અનુરોધથી શ્રી ભાગ્યેશ જહાએ એક કાવ્યનું પઠન કર્યું અને મહેસાણાની સ્થાનિક ભાષાના લહેજા સાથે તેની લિજ્જત ઓર હતી.

r



# ગ્રંથાવલોકન

## નોંધપાત્ર ચરિત્રનિબંધો : 'નહિ વીસરાતા ચહેરા' | મનસુખ સલ્લા

['**નહિ વીસરાતા ચહેરા**' : પ્રફુલ્લ રાવલ, પ્રકાશક : ગુજરાતી સાહિત્ય પરિષદ, પ્રથમ આવૃત્તિ ૨૦૦૯, પૃ. ૧૮૪+૮, કિં. : રૂ. ૧૧૦/-




ચરિત્રનિબંધમાં ગંભીરતાથી કામ પાડતા લેખકોમાં પ્રફુલ્લ રાવળ નોંધપાત્ર છે. તેમની પાસે વિગતો એકઠી કરવાનો પુરુષાર્થ છે, તેનું મૂલ્યાંકન કરવાની દૃષ્ટિ છે અને વ્યક્તિત્વને ઉપસાવવાની રજૂઆતની શક્તિ છે. આ તેમનો ત્રીજો સંગ્રહ છે.

આ સંગ્રહમાં સાહિત્યકારો, ચિત્રકાર, પક્ષીવિદ્, વિજ્ઞાની, સામાજિક – રાજકીય – સાંસ્કૃતિક કે ધાર્મિક ક્ષેત્રની વ્યક્તિઓનું આલેખન થયું છે. કુલ ૨૧ ચરિત્રોમાં ત્રણ ગુજરાતના છે : હરિશ્ચંદ્ર ભટ્ટ, યશવંત પંડ્યા, એચ. એમ. પટેલ, અગિયાર ભારતના છે : અમૃતા પ્રીતમ, ડૉ. મુલ્કરાજ આનંદ, હરિવંશરાય બચ્ચન, ગુરુદત્ત, રાજરાજેશ્વર-પ્રસાદ ભાર્ગવ, જગદીશ સ્વામીનાથન, સલીમ અલી, કમલાબાઈ હોસ્પેટ, વી. વી. એસ. અય્યર, સુબ્રહ્મણ્ય ભારતી, પ્રભુપાદ, તો સાત વિદેશી છે : જ્યોર્જ ઓરવેલ, ક્રિસ્થનિસ બેરન્સ, યહેન નુમાતા, માઈક મિલ્કન, ગુર્જિએફ, જોન બુચન અને કપિત્ઝા. લેખનનું નિમિત્ત સામાન્યપણે મૃત્યુ છે. પરંતુ માત્ર મૃત્યુનોંધ બનવાને બદલે ઘણા લેખો ચરિત્રનિબંધો કક્ષાના બન્યા છે. લેખકે પસંદ કરેલાં વ્યક્તિત્વો પ્રમાણમાં વિખ્યાત છે, પરંતુ કેટલાંક ઘણું મહત્ત્વનું પ્રદાન કરનાર પણ અલ્પપરિચિતો પણ છે.

લેખકની નજર જે તે વ્યક્તિનો ગુણવિશેષ તારવી આપવા ઉપર છે. તે કેટલા પ્રેરક છે તેના પર તેમનો ભાર છે. વળી આવાં વ્યક્તિત્વો ભારતીય હોવા છતાં ઘણા ગુજરાતી વાચકો તેનાથી અપરિચિત હશે તે ભાવનાથી આલેખન થયું છે. વિદેશી વ્યક્તિત્વો તેમના વ્યક્તિત્વ કે પ્રદાનની અસાધારણતા ઉપસાવવા આકારિત થયાં છે. દા.ત. માઈક મિલ્કનને જીવલેણ રોગ કૅન્સર હોવા છતાં તેમણે કૅન્સર સામે લડતા રહીને કેવું પ્રદાન કર્યું તે ઉપસાવવા ઉપર લેખકનો ભાર છે.

લેખકની વર્ણનની રીત છે – પરિવાર, ઉછેર, શિક્ષણ, જીવનકાર્યનો પરિચય આપતાં આપતાં, તેમના સાહિત્ય કે લેખનમાંથી મહત્ત્વનાં અવતરણો ટાંકતાં જઈ કે તેમને વિશે અન્ય વ્યક્તિઓએ આપેલાં અવલોકનો યથાસ્થાને મૂકતાં જઈ તેમના વ્યક્તિત્વને અને પ્રદાનને રજૂ કરવું. કમલાબાઈ હોસ્પેટ નાની વયે વિધવા થયાં, શિક્ષણ નહિવત્, પરંપરાગત ખ્યાલોમાં જકડાયેલા કુટુંબમાંથી તેમણે કઈ રીતે 'માતૃ સેવા સંઘ' સુધીની યાત્રા કરી તેનો આલેખ આપ્યો છે. લેખક તેમના દુર્ભાગ્યને આમ રજૂ કરે છે. આ રીત પણ આકર્ષક અને સબળ છે : 'સામાન્યતઃ સોળ વર્ષે જીવનસમજ ખીલે, અરમાનો-આશાઓ પાંગરે, લગ્નજીવનનો ખ્યાલ દૃઢ બને, દામ્પત્યજીવનને સુમધુર બનાવવાનાં શમણાં ફૂટે. પરંતુ કમલાબાઈના ભાગ્યમાં આમાંનું

કાંઈ નહોતું.' (પૃ. ૧૦૫) શ્વશુર-ગૃહ છોડવાનું વર્ણન આમ કર્યું છે : 'માત્ર હોસ્પેટ અટક સાથે કમલાબાઈએ શ્વશુર-ગૃહ છોડી પિયર આવીને પુનઃ માતાના સાન્નિધ્યમાં નવી જિંદગીનો આરંભ કર્યો.' (પૃ. ૧૦૬) તેમની કાર્યભાવના આમ નોંધી છે : '(પરિચારિકાઓ) રાત કે દિવસ જોયા વગર સતત કામ કરતી રહેતી. નર્સિંગ એમને મન ઘરકામ સમાન હતું.' (પૃ. ૧૧૨) તેમના શિક્ષણનું મૂલ્યાંકન આવી રીતે થયું છે, 'યુનિવર્સિટી કક્ષાએ તો નહિ, પણ શાળાકીય ક્ષેત્રનું શિક્ષણ પણ નહિ પામી શકનાર આ સન્નારીને નાગપુર યુનિવર્સિટીએ માનથી નાગપુર યુનિવર્સિટી કોર્ટના માનવંતા સભ્ય તરીકે નીમ્યાં.' (પૃ. ૧૧૨)

સાહિત્યસર્જકો કે પ્રમાણમાં પરિચિતોમાં લેખકનો લગાવ અને આદર વિગતોને વ્યક્તિત્વમાં ઓગાળી શક્યો છે. અમૃતા પ્રીતમ, બચ્ચન, યશવંત પંડ્યા, સુબ્રહ્મણ્ય ભારતી, સલીમ અલી કે એચ. એમ. પટેલના આલેખનમાં એનો અનુભવ થાય છે. કેટલાંક નિરીક્ષણો એનાં દૃષ્ટાંતરૂપ છે :

'અમૃતાએ કલમ પકડી અને આજીવન એનો સાથ ન છોડ્યો. જાણે એ જ સાથી બની રહી !' (પૃ. ૩)

'સંઘર્ષ જ જીવન બન્યું હતું. આ સંઘર્ષ સામે યોદ્ધા બનવાનું જ એમણે મુનાસિબ માન્યું છે... હરિવંશરાય બચ્ચનની કવિતા આત્માનુભૂતિની કવિતા છે. એમની કાવ્યયાત્રા એમના જીવન સાથે જ ચાલી છે.' (પૃ. ૨૧)

'યશવંત પંડ્યા સાહિત્યના, સાહિત્યકારના ચાહક હતા તો મનુષ્ય માત્રના ચાહક હતા. વ્યક્તિ કોઈ પણ ક્ષેત્રની હોય, કોઈ પણ વર્ગની હોય એમની ચાહનામાં ક્યાંય ઓટ આવતી નહિ. આથી જ એ સહુના પ્રિય હતા.' (પૃ. ૫૨)

'(સલીમ અલી) આ વિશ્વવિખ્યાત પક્ષીવિદે આજીવન પક્ષીઓના અધ્યયનમાં જીવન પસાર કરીને, પક્ષીઓ વિશેની સાચી સમજ ભારતને અને વિશ્વને આપી.' (પૃ. ૮૬)

'૧૯૩૯માં (પત્ની) તહેમીના જન્નતનશીન થયાં. સલીમ અલીએ બીજું લગ્ન ન કર્યું. પછી એમની લગન પક્ષીઓ સાથે રહી.' (પૃ. ૮૮)

'વિશ્વવિખ્યાત થયા છતાંય સલીમ અલીને એનો ભાર ન લાગ્યો. પ્રતિષ્ઠાથી એ પામર ન બન્યા. ક્યારેક તો બાળક જેવા લાગે ! ભલા, ભોળા, નિર્દોષ અને નિખાલસ !' (પૃ. ૯૦)

સલીમ અલીના ગુસ્સા વિશેનો એક પ્રસંગ બહુ જ રમૂજપ્રેરક છે તે લેખકે નોંધ્યો છે : 'ક્લાર્ક વેણુગોપાલ પત્રો પોસ્ટ કરવાનું ભૂલી ગયો. સલીમ અલીને એની જાણ થઈ તો ગુસ્સામાં એના માથા પર શાહીની આખી શીશી ઢોળી દીધી. વેણુગોપાલ સ્તબ્ધ ! અને સલીમ અલીનો ચહેરો લાલચોળ ! પરંતુ એમના ગુસ્સાનું આયુષ્ય અતિઅલ્પ રહેતું. જે દિવસે વેણુગોપાલના શિરે શાહી રેડી, તે જ દિવસે એના ઘરે જઈને ક્ષમા માગી અને ટિકિટની એક થોકડી ભેટ આપી. વેણુગોપાલને ટિકિટસંગ્રહ કરવાનો શોખ હતો.' (પૃ. ૯૦)

એચ. એમ. પટેલ વિશે – 'એમના જીવનમાં ઘટનાઓનું બાહુલ્ય નહોતું એમ નહિ, છતાંય ઘટનાઓ વચ્ચે એ ક્યાંય અટવાઈ ગયેલા નહોતા. એમનું વ્યક્તિત્વ નીતર્યાં, નીર જેવું સ્વચ્છ હતું. એ રીતે એ સ્વયં એક ઘટના સમા હતા.' (પૃ. ૧૬૬) 'એ આગ્રહી હતા, પરંતુ હઠાગ્રહી તો નહોતા જ.' (પૃ. ૧૭૧)

'(સુબ્રહ્મણ્ય) ભારતીની પ્રતિભા તો છે ઊર્મિ કવિની. એમનાં ગીતો અર્વાચીન તમિળ સાહિત્યના વિકાસનું પગથિયું છે.' (પૃ. ૧૩૭)

યેહન નુમાતાનું માઈક્રોમીટર બનાવવાનું કાર્ય આ રીતે નિરૂપાયું છે : 'એ કામ અંધારામાં આંધળી દોટ મૂકવા સમાન હતું. પરંતુ યેહન નુમાતાએ પોતાનો માર્ગ આંકી જ રાખ્યો હતો.' (પૃ. ૯૮) 'અપાર ધૈર્ય અને સતત પરિશ્રમ બાદ એમણે હાથ ધરેલું આ કાર્ય પરિપૂર્ણ થયું. વિશ્વસનીય માઈક્રોમીટરનું એમણે અંતે સફળતાપૂર્વક સર્જન કર્યું. એક વ્યક્તિની ધગશ, મહેનત અને શ્રદ્ધાનું એ સુફળ હતું. (પૃ. ૯૯)

વિજ્ઞાનીઓ, શોધકો, તજજ્ઞોના કાર્યનો પરિચય આપવા માટે લેખક અનેક વિગતો અને ઘટનાઓ રજૂ કરે છે. ગુર્જએફ, જોન બુચન, કમિત્ઝા, ગુરુદત્ત, ક્રિસ્થનિસ બેરન્સમાં વિગતો પ્રાધાન્ય ભોગવે છે. પ્રભુપાદ વિશેનો લેખ અભ્યાસલેખ ગણી શકાય તેવો છે.

પ્રફુલ્લ રાવળને અભિવ્યક્તિ અનાયાસ છે. વ્યક્તિત્વની ખૂબીઓનો પરિચય આપવામાં ભાષાનો તેમને સહજ સાથ હોય છે. ઉપર આપેલાં દૃષ્ટાંતો એના નમૂનારૂપ છે. તેઓ ઇચ્છે ત્યાં લાઘવથી વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ ઉપસાવી શકે છે. કેટલીકવાર તેઓ પત્રો, રોજનીશી, વ્યાખ્યાન કે પ્રશ્નોત્તરીના અંશોનો પણ સફળ વિનિયોગ કરીને વ્યક્તિત્વની અજાણ બાજુઓને ખોલે છે.

પ્રફુલ્લ રાવળ ચરિત્ર નિબંધમાં સ્વીકૃત લેખક છે, પુરસ્કારાયા પણ છે. 'નહિ વિસરાતા ચહેરા'ના ચરિત્રનિબંધોમાંથી કેટલાક ખૂબ ઘાટીલા અને સ્મરણીય બની શક્યા છે. આ એકવીસ વ્યક્તિત્વો અનેક રીતે આકર્ષક બની શક્યાં છે. તેમના જીવનની ખૂબીઓ પ્રેરક છે તેમ હૃદયંગમ પણ છે. આ સઘળાં માટે લેખક અભિનંદનના અધિકારી છે.

## મેઘાણીપ્રીતિ, સંશોધનનિષ્ઠા અને અભિવ્યક્તિનો ત્રિવેણીસંગમ : 'મેઘાણીચરિત' | ભાવિકા ન. પારેખ

[**'મેઘાણીચરિત'** : કનુભાઈ જાની, પ્રકાશક : વિશ્વકોશ ટ્રસ્ટ, પ્ર.આ. ૨૦૦૨, પૃ. ૮+૧૦૪, કિં. રૂ. ૮૦]

કનુભાઈ જાનીકૃત 'મેઘાણીચરિત' ડેમી સાઇઝનાં ૯૦ પાનાંમાં બાર પ્રકરણો અને બે પરિશિષ્ટમાં છે. આ પુસ્તકમાં ઝવેરચંદ મેઘાણીનું આંતરિક અને બાહ્ય વ્યક્તિત્વ આલેખાયું છે. મેઘાણીના ૧૦૦થી પણ વધારે ગ્રંથોમાં વિસ્તરેલું તમામ સાહિત્ય કનુભાઈ જાનીએ ૮૪ વર્ષની વયે આ ચરિત લખવા માટે ફરીથી વાંચ્યું છે. મેઘાણીના જીવનચરિત્રને પ્રગટાવવા શક્ય એટલા બધા જ પ્રયત્નો કર્યા છે. 'મેઘાણીચરિત'માં કનુભાઈ જાનીની મેઘાણીપ્રીતિ, સંશોધનનિષ્ઠા, અને અભિવ્યક્તિની જીવંતતાનો ત્રિવેણીસંગમ રચાયો છે.

અહીં આપણે મેઘાણીના જીવનની ઝીણી વિગતોમાં ઊતરવું નથી કે પછી મેઘાણીવંદના પણ કરવી નથી. એ કામ તો લેખકે દર્શાવ્યું છે જ, પરંતુ લેખકે આ ચરિત્ર કેવી રીતે આસ્વાદ્ય બનાવ્યું છે ? તેની જરા સરખી વાત કરવાનો મારો પ્રયત્ન છે.

આ પુસ્તકના બીજા પ્રકરણમાં 'પત્રકારત્વ અને લોકવિદ્યા' નામના મુદ્દામાં તેઓ નોંધે છે કે મેઘાણીના જીવનમાં બે વસ્તુ એકસાથે બની પત્રકારત્વ અને લોકવિદ્યા. એ સાપ્તાહિક હતું એટલે સોમથી ગુરુ કામ ચાલે, ફાજલ પડેલા શુક્ર, શનિ, રવિમાં મેઘાણી લોકસાહિત્યની ખેપે ઊપડે : કોઈ ડુંગરા, જંગલો, નેસડા, ડાયરા, ઘોડું, ઊંટ, ગાડું, વહાણ, રેલવે કે પેદલ. લોક ભેળા લોક થઈને ભળે અને જે મળે તે લખીને સૌરાષ્ટ્રને પાને મૂકે. આ ક્ષેત્રકાર્ય દશેક વરસ ચાલ્યું : 'પરકમ્મા'માં મેઘાણીએ જે અવતરણ આપ્યું છે. તે અહીં લેખક નોંધે છે કે : 'પત્રકારત્વની સ્ફૂર્તિ ન હોત તો લોકસાહિત્યનો આ રસ જીવતો રહી શક્યો હોત શું ? ટીપે ટીપે, ટુકડે ટુકડે, સમસ્ત જીવન, વાણી કવિતા, રીતરસમો, પશુઓ, પરંપરાઓ, પહેરવેશો, સંસ્કારો, ભૌગોલિક અવસ્થાન્તરો ઇત્યાદિનું સમગ્રતાએ ખેડાણ કરતો કરતો, હું લોકસાહિત્યમાં પલોટાયો છું. બિન્દુએ બિન્દુએ મધુસંચય વગર પોતાની અંદરના રસ વડે એ વનમધુનું નૂતન રસાયન નિપજાવ્યા વગર મધપૂડો બનતો નથી.' (પૃ. ૭)

અહીં લેખક નોંધે છે કે મેઘાણીનો પત્રકારત્વ અને લોકવિદ્યા માટેનો જીવન્ત માનવસંપર્ક હતો. આ અંગે એમનું કાર્ય સતત ચાલ્યું ને પ્રગટતું રહ્યું. આ કાર્ય કરવાની અનુકૂળતા અઠવાડિયામાં ફાજલ પાડેલ ત્રણ દિવસોને કારણે પ્રાપ્ત થઈ. આ પુસ્તકમાં તેમણે મેઘાણીના સર્વે પાસાને પ્રગટ કરી આપતી સબળ અભિવ્યક્તિ કરી છે. તેમની અભિવ્યક્તિની ખૂબી એ છે કે તેમની દોડતી કલમે, ક્યાંક તો ઇશારાથી ચલાવીને માત્ર નોંધ – ટાચણ આપીને આગળ વધ્યા છે. બીજું ખાસ કે તેમની અભિવ્યક્તિમાં 'છે' બહુ ઓછી વાર આવે છે. જેમ કે, ત્રીજું પ્રકરણ 'રસધાર'ના આરંભમાં તેઓ જણાવે છે તેમ, આ 'રસધાર' એ મેઘાણીના લોકસાહિત્યનું જ નહીં, એમના સમગ્ર સાહિત્યનું પ્રવેશદ્વાર છે. એમનો સાહિત્યરંગી લોકસાહિત્ય-અભિગમ; ઉતારવા-કંડારવાની પદ્ધતિ; તળપદી ને સરળ, બોલચાલની જ છતાં સાલંકૃત છટાદાર ભાષા; નાટ્યાત્મક ગતિમય પ્રસંગાલેખન; ધારદાર સંવાદો; નજરોનજર દશ્યો ખડાં કરી આપતી વર્ણનશૈલી; કથાગત જીવનમૂલ્યોનું મહત્ત્વસ્થાપન; ગદ્યમાં ક્યારેક આવી જતી ન્હાનાલાલીય લયલીલા; સૌરાષ્ટ્રીય તળપદા જીવનની ને ભાષાની ઝીણી ઝીણી જાણકારી; લોકજીવન પ્રત્યે તો અનર્ગળ પ્રેમ – આ બધું, એમનાં સ્વભાવલક્ષણોનું સમગ્ર સંચલન એમાં ઊતર્યું છે. સામાન્ય રીતે લોકસાહિત્યનો સંપાદક, માહિતીદાતા પાસેથી જે મળે તે યથાતથ, જરૂરી નોંધ સાથે, ઉતારી, એનાં નામ-ઠામ સાથે પૂરા ઋણ-સ્વીકારથી પછી, લક્ષમાં તો રાખે છે માહિતીને જ; મેઘાણી તો માહિતી અને પ્રદાતા જ પાત્ર બની બેસે !' (પૃ. ૧૧)

લેખકે અત્યંત તકેદારી રાખીને મેઘાણીના શબ્દને અનુસરી મુદ્દાસર ઘટતી વિગતોવાળું આ સાહિત્યચરિત્ર લખીને મેઘાણીના જીવન અને શબ્દકાર્યની શ્રદ્ધેય માહિતી આપીને આ પુસ્તક ચીવટપૂર્વક તૈયાર કર્યું છે. ઉપરાંત આ ચરિત્ર મેઘાણીના જીવન તેમજ સાહિત્યમાં રસ ધરાવનારાઓને ઉપયોગી થાય તેવું છે. શબ્દોની કરકસર કરીને લેખકે ચિત્ર સમગ્ર ઉપસાવ્યું છે. જેમકે, મેઘાણીને જીવન અને કથામાં રસ છે. જીવન સમૃદ્ધ કરતી વાતને તો કલમધર્મ સમજે છે. તેમનો લોકસાહિત્યનો રસ જીવનની છેલ્લી ઘડી સુધી સજીવ અને સક્રિય હતો. એમના જીવનમાં નિરાંત જીવે બેઠા ન હતા. સતત જાગરણ અને સતત પગરણ ! – આવી ઘણી ઘણી બાબતોને લેખકે અહીં રજૂ કરી છે. ઉપરાંત લેખકના આરૂઢ અભ્યાસીનાં દર્શન પણ થાય છે. કનુભાઈ જાનીએ નાના દેખાતા ચાટલામાં આભલાને પ્રતિબિંબાવવાનો પુરુષાર્થ કર્યો છે. આ ચરિત્ર લખતા પૂર્વે તેમણે મૂળ કૃતિઓને ફરી ફરી વાંચીને ચિત્તમાં તાજી કરીને ચાલ્યા છે.

પ્રો. કનુભાઈ જાનીની સંશોધનનિષ્ઠાને તો સલામ છે. આ પુસ્તક તેમણે અત્યંત ચીવટપૂર્વક તૈયાર કર્યું છે. લાઘવપૂર્ણ રૂપે મેઘાણીના જીવનસમગ્રને પ્રતિબિંબિત કર્યું છે. લેખક પ્રસ્તાવનામાં જ જણાવે છે કે, ''સાહિત્યકારનું ચરિત્ર નાનું હોય કે મોટું અને ચિત્રકારે ભલે એનું સાહિત્ય અનેક વાર વાંચેલું હોય છતાં લખતી વખતે પાછું સમગ્ર સાહિત્ય ફરી વંચાય તો જ લેખન તાજું અને શ્રદ્ધેય બને. પણ નાના-મોટાં સોએક પુસ્તકોવાળા મેઘાણી જેવામાં એમ કરવા જતાં કેટલો સમય લાગે ? લાગે. પણ સારો રસ્તો તો એ જ.'' અને એટલે લેખકે મેઘાણીની કૃતિઓને ફરી ફરી વાંચીને ચિત્તમાં તાજી કરીને આ ચરિત્ર લખ્યું છે.

મેઘાણીનું ચરિત્ર નાનીમોટી પુસ્તિકાઓનું બનેલું છે. પણ લેખકે અહીં એ બાબતોનું પણ ધ્યાન રાખ્યું છે. મેઘાણીની પ્રત્યેક કૃતિનું વસ્તુ, પ્રકાશન, મહત્ત્વ વગેરેનો શક્ય એટલા ઓછામાં ઓછા શબ્દોમાં પરિચય મળી રહે તે રીતે સંક્ષેપમાં છતાં સમગ્ર મેઘાણી જીવન અને શબ્દકાર્યની વિશ્વસનીય માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે. મેઘાણીનું જીવનકાર્ય શબ્દજગતના ત્રિવિધ વિસ્તારમાં છે : લોકીવાઙ્મય, પત્રકારત્વ અને સર્જન. એટલે એમના જીવનચરિત્રમાંય માંડીને નજર રાખી છે. બીજું ખાસ તો લેખક એમ કહે છે કે, ચરિત્ર એ મોટા ફલક પરનું કામ છે. મોટા ફલકને નાની પરિધિમાંય જોઈ શકાય પણ ત્યારેય તે શ્રમ સરખો જ પડે ! સામગ્રી તો બધી જ જોવી પડે ! આકાશને ઘરમાંથી પણ જોઈ શકાય – બારી વાટે. પણ એની બે શરતો : એ એટલી ઊંચી હોવી જોઈએ કે જ્યાંથી દષ્ટિની આડે કશું જ ન આવે, તથા બારીના સળિયા કે એની જાળી કે એનો કાચ જો હોય તો તે એવા સાફ હોવાં જોઈએ કે દર્શન સાફ મળે ! ચરિત્ર માટેય આ સાચું છે. સ્મૃતિપટ પર બધુ સ્પષ્ટ સમાય એટલે ઊંચે જવું પડે. પછી એની આડે કોઈનાં – મૂલ્યાંકનો કે પોતાના ગ્રહો – આગ્રહો ન નડે તેય જોવું પડે.' સાહિત્યિક ચરિત્ર દુર્ગમ છે, આમ તો વિશેષ કરીને સાહિત્યકારનું ચરિત્ર માત્ર દુષ્કર છે; અહીં લેખકની નિખાલસતા જોઈ શકાય છે. તેઓ નમ્રતાપૂર્વક એક જ વાત કહે છે કે, 'હું નાના દેખાતા ચાટલામાં આભલું પ્રતિબિંબાવવા ગયો છું; તેમના સંશોધનની અન્ય વિશેષતા એ છે કે મેઘાણીની મૂળ કૃતિઓને ફરી ફરી વાંચી છે, અને સમયની આનુપૂર્વીમાં ભારે શ્રમ સાથે ગોઠવી આપી છે. લેખક અભ્યાસને સહકારી પ્રવૃત્તિ માને છે. તેમણે સર્જનાત્મક ઢબે નહિ પરંતુ અભ્યાસાત્મક રીતે આ ચરિત્ર લખ્યું છે. એટલે જ તેઓ કહે છે તેમ 'આ શબ્દનુસંધાની ચરિત છે. મેઘાણીની કલમનો એમના જીવનની ભૂમિકામાં મૂકેલો આલેખ છે. મેઘાણીના જીવનઉદ્યોગનું ચિત્ર છે. લેખક મોટેભાગે આ ચરિત્ર લખવામાં મેઘાણીના શબ્દને અનુસર્યા છે.

અંતે લેખકની સરળતા અને નિખાલસતા તો આ અવતરણમાં જોવા મળે છે. જેમ કે, 'આ ચરિત્ર શ્રદ્ધેય બને એની મેં ઘટતી તકેદારી રાખી છે. છતાં ભૂલ કે સરતચૂક ન હોય

એમ કેમ કહું ? જે કામ કરે એને ભૂલોનોય અધિકાર હોય, હજી આ પૂર્ણ ચરિત્ર નથી; મુદ્દાસરનું ઘટતી વિગતોવાળું સાહિત્યિક ચરિત્ર છે.'

આમ, પ્રો. કનુભાઈ જાની પાસેથી આપણને ગુજરાતી લોકસાહિત્યના સમર્થ સંશોધક અને ઉદ્ધારક ઝવેરચંદ મેઘાણી વિશેનું આ પુસ્તક ઉપલબ્ધ થયું જે મેઘાણીના જીવનના સમગ્ર પાસાઓને લાઘવપૂર્ણ રીતે ઉજાગર કરે છે. એમ આ જીવનચરિત્ર સાચા અર્થમાં એક મોનોગ્રામ બની રહે છે. એના માટે એટલું જરૂર કહી શકીએ કે : ઝાકળનાં ટીપાંમાં સૂર્ય ચમક્યો છે.

r

## માતૃભાષા સંવર્ધનકેન્દ્ર માટે મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | મગનલાલ ત્રિકમદાસ ઠક્કર ટેરિટેબલ ટ્રસ્ટ, બોરસદ | ૨૫,૦૦૦/- |
| ૨. | માનવ C/o ડૉ. નીતિન કે. ગર્ગ, સુરત | ૧૨૦૦૦/- |

## ગુજરાતી સાહિત્યકોશ શોધનવર્ધન યોજના માટે મળેલ દાન

| | | |
|---|---|---|
| ૧. | હરિકૃષ્ણ ચેરિટેબલ ટ્રસ્ટ C/o સવજીભાઈ ધોળકિયા, સુરત | ૧,૦૦,૦૦૦/- |
| ૨. | રમણલાલ જરીવાળા, સુરત | ૧૫,૦૦૦/- |
| ૩. | સ્વ. મગનલાલ જે. મોદી સ્મૃતિ, C/o રમણલાલ જરીવાળા, સુરત | ૧૦,૦૦૦/- |
| ૪. | ડાહ્યાભાઈ વજેરામ પબ્લિક ચેરિટેબલ ટ્રસ્ટ C/o વસંત જરીવાળા, સુરત | ૨૫,૦૦૦/- |
| ૫. | પંકજ કાપડિયા ચેરિટેબલ ટ્રસ્ટ, સુરત | ૫૦,૦૦૦/- |
| ૬. | કુંજવિહારી લીમડી, સુરત | ૫૧,૦૦૦/- |
| ૭. | જ્યોતીન્દ્ર લેખડિયા, સુરત | ૧૫,૦૦૦/- |

r





# પરિષદવૃત્ત

સંકલન : રાજેન્દ્ર પટેલ

## પાક્ષિકી અંતર્ગત વીનેશ અંતાણી તથા નવનીત જાનીનું વાર્તાપઠન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અંતર્ગત તા. ૬-૧-૨૦૧૧ના રોજ સાંજે ૬-કલાકે જાણીતા નવલકથાકાર, વાર્તાકાર શ્રી વીનેશ અંતાણીએ તેમની અપ્રકાશિત વાર્તા 'માધવીની વાર્તા'નું પઠન કર્યું હતું અને તા. ૫-૨-૨૦૧૧ના રોજ શ્રી નવનીત જાનીએ 'રિયાલિટી શૉ' વાર્તાનું પઠન કર્યું હતું. ઉપસ્થિત વાર્તારસિક ભાવકોએ વાર્તાની ચર્ચા કરી હતી. જેમાં રાજેન્દ્ર પટેલ, દીવાન ઠાકોર, કિરીટ દૂધાત, હરીશ ખત્રી, દીના પંડ્યા વગેરે વાર્તાકારોએ ભાગ લઈ વાર્તાની વિગતે ચર્ચા કરી હતી.

## સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ડૉ. અવધેશકુમાર સિંઘનું વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત શ્રી ક. લા. સ્વાધ્યાયમંદિર દ્વારા યોજાતા સાહિત્યસિદ્ધાંત વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત આઠમું વ્યાખ્યાન તા. ૨૦-૧-૧૧ના ગુરુવારે ડૉ. અવધેશકુમાર સિંઘે 'સંસ્કૃત કાવ્યતત્ત્વવિચાર અને પાશ્ચાત્ય કાવ્યતત્ત્વવિચાર : તુલનાત્મક અભ્યાસ' વિશે આપ્યું હતું. આજે કાવ્યતત્ત્વવિચારની ચર્ચા કેટલી પ્રાસંગિક એવો પ્રશ્ન કરી તેમણે પૂર્વ અને પશ્ચિમના પાયાનાં તત્ત્વોની વિશદતાથી તુલનાત્મક ચર્ચા કરી હતી. પ્રશ્નોત્તરીમાં ચન્દ્રકાન્ત ટોપીવાળા, સુમન શાહ, ડી. જે. બાવલેચા અને રંજના અરગડેએ ભાગ લઈ ચર્ચાને જીવંત બનાવી હતી.

## શ્રી રવિશંકર રાવળ વ્યાખ્યાન

ગુજરાતી સાહિત્ય પરિષદ અને સેપ્ટ (CEPT) યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે શ્રી રવિશંકર રાવળ શ્રેણીનું આઠમું વ્યાખ્યાન તા. ૧૨-૨-૨૦૧૧ના રોજ સુખ્યાત કળાકાર શ્રી નીલિમા શેખે 'ઘર ચોમેર – Home every where' વિશેનું વ્યાખ્યાન સેપ્ટ યુનિવર્સિટીમાં આપ્યું હતું.

## અનુવાદિત સાહિત્યિક પુસ્તકો અંગે

ગુજરાતી ભાષામાંથી અંગ્રેજી તેમ જ ભારતીય ભાષામાં અનુવાદિત થયેલ પુસ્તકની સંપૂર્ણ વિગત ગુજરાતી સાહિત્ય પરિષદ પર મોકલવા વિનંતી છે. પરિષદ અનુવાદિત થયેલ પુસ્તકોની સૂચિ બનાવી રહી છે તે માટે ઉક્ત માહિતીની આવશ્યકતા છે.

## પરિષદની મુલાકાત

શ્રી મહારાજા સયાજીરાવ યુનિ.ના સો જેટલા વિદ્યાર્થીઓએ તા. ૨૯-૧-૨૦૧૧ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદની મુલાકાત લીધી હતી. અને તા. ૩૦-૧-૨૦૧૧ના રોજ યુનિ. ટ્રસ્ટ

સૂરજબા મહિલા આર્ટ્સ કૉલેજ નડિયાદના વિદ્યાર્થીઓએ મુલાકાત લીધી હતી. પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્ર પટેલ અને પ્રફુલ્લ રાવળે પરિષદપ્રવૃત્તિનો વિદ્યાર્થીઓને ખ્યાલ આપ્યો હતો.

## ઓ' હેન્રીની ટૂંકી વાર્તાઓ વિશે વ્યાખ્યાન

'વાંચે ગુજરાત' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદ સંચાલિત 'પાક્ષિકી' અને ગુજરાતી વિભાગ, ભાષાસાહિત્ય ભવન, ગુજરાત યુનિવર્સિટીના સંયુક્ત ઉપક્રમે એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન તા. ૧૭-૨-૨૦૧૧ના બપોરે ૧-૦૦ કલાકે કર્યું હતું જેમાં શ્રી પરેશ વ્યાસે 'ઓ' હેન્રીની ટૂંકી વાર્તાઓ' વિશેનું પ્રવચન ઉમાશંકર જોશી સભાગૃહ ભાષાસાહિત્ય ભવનમાં આપ્યું હતું. જેમાં ઓ હેન્રીની વાર્તાઓની વિશેષતા ચીંધી આપી હતી. વાર્તાઓમાંથી ઉત્તમાંશોનું ફિલ્માવલોકન કરીને પ્રોજેક્ટર દ્વારા 'એને કહેજે કે', 'માસ્ટર પીસ', 'ક્રિસમસની ભેટ', 'વ્યસ્ત શેરબ્રોકરની પ્રણય કહાણી' અને 'ન માંગે, દોડતું આવે' જેવી વાર્તાઓનો આસ્વાદ કરાવીને ઓ' હેન્રીની વાર્તાઓની ખાસિયતોની ચર્ચા કરી હતી. વિદ્યાર્થીઓને પ્રવચન દરમિયાન ખૂબ જ રસપૂર્વક વાર્તાઓની ચર્ચા સાંભળી હતી. ગુજરાતી વિભાગના અધ્યક્ષશ્રી કીર્તિદા શાહે અંતમાં આભારદર્શન કર્યું હતું શ્રી રાજેન્દ્ર પટેલે વક્તાશ્રી પરેશ વ્યાસનો પરિચય આપ્યો હતો.

## ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતિ નિમિત્તે સ્વર્ણિમ માતૃભાષા મહોત્સવમાં વાર્તામેળો અને કવિસંમેલન

ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી નિમિત્તે ગુજરાત સાહિત્ય અકાદમી અને ગુજરાતી સાહિત્ય પરિષદના સહયોગથી તા. ૩૦-૧-૨૦૧૧નાં રોજ ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં સવારે ૯થી સાંજે ૫-૩૦ સુધી વાર્તામેળાનું આયોજન કર્યું હતું. વાર્તામેળાના પ્રારંભે ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. જ્યારે કાર્યક્રમની ભૂમિકા વિવેચક-નવલકથાકાર, વાર્તાકાર શ્રી શિરીષ પંચાલે બાંધી હતી. શિરીષ પંચાલે ગુજરાતી ટૂંકી વાર્તાની ગતિવિધિ વિશેનું અભ્યાસપૂર્ણ વક્તવ્ય આપ્યું હતું. વાર્તામેળામાં ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકારો સર્વશ્રી કિરીટ દૂધાતે 'બાયું', મોહન પરમારે 'તેતર', સુમન શાહે 'નેચરલ સુગરની સ્વીટ', અજિત ઠાકોરે 'રજોટી', રમેશ ર. દવેએ 'આસમાની', બિપિન પટેલે 'તદ્દુરે તદ્દુરે', માય ડિયર જયુએ 'છકડો', પરેશ નાયકે 'સાત પાંચીકા' અને બિન્દુ ભટ્ટે 'આંતર સેવો' જેવી પોતાની ઉત્તમ વાર્તાઓનું પઠન કર્યું હતું.

આ કાર્યક્રમનું સમાપન શ્રી રઘુવીર ચૌધરીએ કર્યું હતું. એમને વાર્તાની ખૂબ મહત્ત્વની કડીઓ વિશે વાત કરી હતી. એમણે કહ્યું કે છેલ્લા-પચ્ચીસ ત્રીસ દાયકામાં નવા અનુ આધુનિક વાર્તાકારો આવ્યા. તેમાં હિમાંશી શેલત, મોહન પરમાર અને કિરીટ દૂધાત મને અતિ મહત્ત્વના વાર્તાકારો લાગ્યા છે. આ કાર્યક્રમના અંતે શ્રી હર્ષદ ત્રિવેદીએ આભાર દર્શન કર્યું હતું.

આ કાર્યક્રમ પછી રાત્રે ૮-૦૦ કલાકે ગુજરાત રાજ્યની સ્વર્ણિમ જયંતી નિમિત્તે કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં જાણીતા કવિઓ સર્વશ્રી રઘુવીર ચૌધરી, ચન્દ્રકાન્ત શેઠ, નલિન રાવળ, ચન્દ્રકાન્ત ટોપીવાળા, રાજેન્દ્ર શુક્લ, ચિનુ મોદી, જલન માતરી, ધીરુ પરીખ, માધવ રામાનુજ, દલપત પઢિયાર, રાજેશ વ્યાસ 'મિસ્કીન', ઉષા ઉપાધ્યાય, કૃષ્ણ દવે, હર્ષ બ્રહ્મભટ્ટ, રાજેન્દ્ર પટેલ, અંકિત ત્રિવેદી, હરદ્વાર ગોસ્વામી, અનિલ ચાવડાએ પોતાની કાવ્યરચનાઓ દ્વારા શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા. સંચાલન ગુજરાત સાહિત્ય અકાદમીના મહામાત્ર શ્રી હર્ષદ ત્રિવેદીએ કર્યું હતું. શ્રી રાજેન્દ્ર પટેલે આભારદર્શન કર્યું હતું.

## શ્રદ્ધાંજલિ

નજીકના સમયમાં દિવંગત થયેલા ગુજરાતના અગ્રણી કવિઓ અને સર્જકોને ગુજરાતી સાહિત્ય પરિષદમાં તા. ૧૫-૨-૨૦૧૧ના રોજ સાંજે ૬-૦૦ વાગ્યે શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. જેમાં સર્વશ્રી જયન્ત પારેખ' વિશે સુમન શાહ, વિપિન પરીખ વિશે પ્રબોધ જોશી, નરેન્દ્ર દવે વિશે કૃષ્ણ દવે, બાપુભાઈ ગઢવી વિશે હર્ષદ ત્રિવેદી અને રાહી ઓધારિયા અને ગોપાલ શાસ્ત્રી વિશે રાજેશ વ્યાસ 'મિસ્કીન'એ શબ્દો દ્વારા શ્રદ્ધાંજલિ અર્પી હતી. પરિષદમંત્રી રાજેન્દ્ર પટેલે સભાનું સંચાલન કર્યું હતું.

## ગુજરાતી સાહિત્ય પરિષદમાં પુસ્તકમેળો

'વાંચે ગુજરાત' અંતર્ગત ગુજરાતી સાહિત્ય પરિષદમાં તા. ૪ ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમિયાન શ્રી મેઘાણી જ્ઞાનપીઠમાં એક પુસ્તકમેળો યોજાયો, જેમાં 'સ્વર્ણિમ ગુજરાત' નિમિત્તે મળેલા પુરસ્કારરૂપી કુપનોની કિંમત જેટલાં પુસ્તકો આપવામાં આવ્યાં તેમજ રોકડથી પણ પુસ્તકોનું વેચાણ થયું. આ પુસ્તકમેળામાં વિવિધ ૩૨ પ્રકાશકોના લગભગ ૧૬૦૦૦ જેટલાં વિવિધ વિષયોને આવરી લેતાં પુસ્તકોનો સમાવેશ થયો હતો. પુસ્તકપ્રેમીઓનો ધસારો એટલો વિશાળ હતો કે બિલ બનાવતી ટીમ અને કેશ લેનાર ઓછા પડતા હતા. સાહિત્ય પરિષદનો આખો સ્ટાફ (નાનાથી મોટી દરેક વ્યક્તિઓ, મંત્રીગણ સહિત) આ કાર્યમાં પ્રવૃત્ત હતો. તા. ૬-૨-૨૦૧૧ના રોજ સાંજે એવું કહેવાય કે સમખાવા પૂરતું એક પુસ્તક પણ પુસ્તકપ્રેમ સામે ટક્યું નહોતું. અંતે તા. ૭-૨-૨૦૧૧ના રોજ પુસ્તકોનો નવો સ્ટોક મૂકવો પડ્યો હતો તેની સ્થિતિ પણ એક જ દિવસમાં આગળના જેવી જ હતી. આ દિવસોમાં પરિષદના મહામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ, ક. લા. સ્વાધ્યાયમંદિરનાં નિયામક શ્રી પારુલબહેન, ગ્રંથાલયમંત્રી શ્રી કીર્તિદાબહેન શાહનો સહયોગ અને ફાળો ખૂબ મહત્ત્વનો હતો. બિલ બનાવવામાં તો પરિષદના ગ્રંથાલય, ક. લા. સ્વા. મંદિર સાથેના આખા સ્ટાફનો ફાળો હતો (દીપ્તિ શાહ, મહેશભાઈ પટેલ, ભાવસારભાઈ, વિનોદભાઈ, ઈંતુભાઈ, આ ઉપરાંત ભાષાભવનના વિદ્યાર્થીઓ ભરત સાધુ, વિક્રમભાઈ, કમલેશભાઈ, નરેશભાઈ, જાનકીબહેન, ક્રિષ્નાબહેન અને પ્રીતિબહેને પણ સેવા આપી હતી. ઉપરાંત ગ્રંથાલય સાથે જોડાયેલા શ્રી રમેશભાઈ પટેલ અને રૂપાબહેન શેઠનું યોગદાન મહત્ત્વનું રહ્યું હતું.

અહીં એક હૃદયદ્રાવક પ્રસંગ નોંધું છું : એક વિદ્યાર્થી કુપન અને પુસ્તકો લઈને ઘરે ગયો હતો એના વાલી બીજે દિવસે સવારના વહેલા આવી કુપન મુજબનું બિલ બનાવી પછી પુસ્તકો લઈ ગયા હતા. પુસ્તકો તેમજ નિષ્ઠા પણ આમ જોડાયેલા છે. અહીં ઉલ્લેખનીય હૃદયસ્પર્શી દશ્યો – બાળકો પોતાની પસંદગીના પુસ્તક માટે મમ્મીને એમ કહે કે મને ઇનામ

મળ્યું છે ને મને ગમતું પુસ્તક જ લઈશ. ઉપરાંત આઠથી દસ પુસ્તકો બહાર લાવે અને એમાંથી પોતાને મળેલ પુરસ્કાર જેટલી કિંમતનાં પુસ્તકો પસંદ કરવામાં થતો આનંદ અને 'આ લઉં કે પેલું લઉં'ની થતી મૂંઝવણ જોઈને રૂંવાડાં ખડાં થઈ જાય તેવાં દશ્યોની લહાણી પણ જોઈ હતી. આ ઉપરાંતશ્રી ઉષાબહેન ઉપાધ્યાયે આ ધસારાને પહોંચી વળવા પોતાના વિદ્યાર્થીઓને તાબડતોબ મોકલી આપ્યા અને વિદ્યાર્થીઓએ પણ રસપૂર્વક કામ કર્યું તે ખાસ નોંધપાત્ર છે.

**દીપ્તિ શાહ**

## ધંધુકા ખાતે પુસ્તકમેળો

'વાંચે ગુજરાત' અંતર્ગત ચાલતા પુસ્તકમેળાઓમાંનો એક મેળો ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ધંધુકા ખાતે તા. ૧૦-૨થી ૧૨-૨-૨૦૧૧ દરમિયાન યોજાયો હતો. જેમાં ૩૨ જેટલા પ્રકાશકોનાં વિવિધ વિષયોને આવરી લેતાં વિવિધ પ્રકારનાં મહેંદી-વાનગી, બાળકોથી વૃદ્ધ સુધીનાં દરેક વ્યક્તિને લગતાં પુસ્તકો પ્રાપ્ય હતાં. લગભગ ૧૦,૦૦૦ જેટલાં પુસ્તકો ધરાવતો આ મેળો ધંધુકા ગામના 'ટાઉનહૉલ'માં યોજાયો હતો. ત્યાં આયોજન માટે શ્રી મંગલસિંહ અને શ્રી રઘુવીરભાઈની સહાયતા. તેમ જ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી મહેશભાઈ જોશી, સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી પી. કે. રાણાસાહેબ તથા સબ-ઇન્સ્પેક્ટર શ્રી સી. જે. રાણાસાહેબ તથા ધંધુકા મામલતદાર શ્રી પટેલસાહેબ, ધંધુકા નગરપાલિકાના ચીફ શ્રી ઉપાધ્યાયસાહેબ, 'વાંચે ગુજરાત' અમદાવાદ જિલ્લા સમિતિના સહમંત્રીશ્રી પંકજભાઈ ઠાકરસાહેબ, તા. પં. કચેરી ધંધુકા, ધંધુકા સરકારી પુસ્તકાલય તથા ઑલ ગુજરાત મધ્યાહ્ન ભોજન યોજના કર્મચારી સંઘના પ્રમુખશ્રી રાજેન્દ્રસિંહ ચુડાસમા વગેરે દ્વારા મળેલા સહકારથી યોજાયેલ સમાપનવિધિ ગુજ. સા. પરિષદના કર્મચારીઓ શ્રી દીપ્તિ શાહ, શ્રી મહેશભાઈ પટેલ, નિલેશ તેમ જ ભાષાભવનના વિદ્યાર્થીઓ વિક્રમ, કમલેશ, નરેશ અને ભરત સાધુ દ્વારા આ પુસ્તકમેળો પાર પડ્યો હતો. અહીં નોંધપાત્ર એ હતું કે બાળકો પોતાની પસંદગીનાં પુસ્તકો માંગતા હતા અને તેઓ નક્કી કરીને આવતા હતા કે તેમને કયું પુસ્તક જોઈતું હતું. ઘર આંગણે મહત્ત્વનાં પુસ્તકોની પસંદગીમાં જ તેઓ ખુશ થતા હતા.

**દીપ્તિ શાહ**

## વાંકાનેર ગામમાં ઉમાશંકર જોશી શતાબ્દીવંદનાની ઉજવણી

શ્રી ઉમાશંકર જોશી સ્મૃતિ ટ્રસ્ટ, ગુજરાતી સાહિત્ય પરિષદ, શ્રી સર્વોદય સેવા સંઘ, વાંકાનેર તથા વાંકાનેર સેવા સમાજના સંયુક્ત ઉપક્રમે તા. ૧-૨ જાન્યુઆરી ૨૦૧૧ના દિવસે સાબરકાંઠા જિલ્લાના વાંકાનેર ગામે 'ઉમાશંકર જોશી શતાબ્દી વંદના' કાર્યક્રમનું આયોજન થયું હતું. સ્વાગત આચાર્યશ્રી નિરવદનભાઈ ભટ્ટે કર્યું. અતિથિ વિશેષ શ્રી રઘુવીરભાઈ ચૌધરીએ ઉમાશંકર જોશીના બામણા ગામને યાદ કરી કવિ-વિવેચક પ્રતિભાને ઉદાહરણ સહિત મૂકી આપ્યાં. નિબંધકાર ડૉ. મણિલાલ હ. પટેલ ઈડરિયા પ્રદેશની ભૂમિકા બાંધી અનેક સંદર્ભો સહિત પોતાના બીજરૂપ વક્તવ્યમાં સર્જકની વિલક્ષણતાઓને અભિવ્યક્ત કરી. સાબરકાંઠા તથા પાટણના જિલ્લા શિક્ષણાધિકારી શ્રી ગોપાલભાઈ કાનાણી તથા શ્રી નૈષધભાઈ મકવાણાએ પણ ઉમાશંકરને યાદ કરી ગામડાઓમાં આ પ્રકારનું આયોજન થાય છે તેની પ્રસન્નતાપૂર્વક નોંધ લીધી. શ્રી તુલસીભાઈ વ્યાસે આભારદર્શન અને ડૉ. હિતેશ પંડ્યાએ સંચાલન કર્યું.

બીજી બેઠકમાં અમદાવાદથી આવેલા સંગીતકાર શ્રી પ્રહર વોરા, સોનિક સુથાર તથા હિમાલી વ્યાસ, અતુલ પંડ્યા તથા વૃંદે ઉમાશંકરની રચનાઓનું સંગીતમય ગાન કર્યું. પ્રા. અરવિંદ પટેલ તથા પ્રા. કનુભાઈ ખડદિયાએ કાવ્યપઠન કર્યું.

ત્રીજી બેઠકમાં શ્રી ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળાની અધ્યક્ષતામાં શ્રી સતીશભાઈ વ્યાસ, ડૉ. પ્રવીણભાઈ દરજી, શ્રી કલ્યાણસિંહ ચંપાવતે અનુક્રમે એકાંકીકાર ઉમાશંકર, વિવેચક ઉમાશંકર તથા વૈશ્વિક માનવી ઉમાશંકર વિષય પર અભ્યાસપૂર્ણ વક્તવ્યો આપ્યાં. શ્રી ચન્દ્રકાન્તભાઈ ટોપીવાળાએ પોતાના વક્તવ્યમાં 'ઉમાશંકરનાં સપ્તપદીનાં કાવ્યોની' સદષ્ટાંત ચર્ચા કરી. શ્રી સતીશભાઈ વ્યાસે 'સાપના ભારા' સંગ્રહનાં એકાંકીઓનો કલાદષ્ટિથી આસ્વાદ કરાવ્યો. ડૉ. પ્રવીણભાઈ દરજીએ ઉમાશંકરનું વિવેચન આસ્વાદમૂલક અવબોધકથા કઈ રીતે છે તે પૂર્વ-પશ્ચિમના અનેક સંદર્ભો ટાંકી ચર્ચા કરી. શ્રી કલ્યાણસિંહ ચંપાવતે વિશ્વશાંતિ તથા અન્ય રચનાઓ દ્વારા ઉમાશંકર જોશીનું વૈશ્વિક પરિમાણ પ્રગટ કર્યું. સંચાલન પ્રા. કનુભાઈ ખડદિયાએ કર્યું. સમાપન બેઠકમાં સર્વોદય સેવા સંઘના પ્રમુખશ્રી લક્ષ્મીકાંત ઠાકર તથા પ્રા. અરવિંદભાઈ પટેલે પ્રતિભાવો આપતાં કાર્યક્રમની સુંદર સફળતા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો. શતાબ્દી વંદનાના કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, શિક્ષકો તથા ગ્રામજનો સહભાગી થયા હતા. શ્રી મહેન્દ્રભાઈ ઉપાધ્યાય, શ્રી પ્રકાશ ઠાકર, શ્રી રાજેન્દ્ર ઠાકર, શ્રી અરવિંદ પંચાલ તથા અન્ય સાહિત્યરસિકો ઉપસ્થિત રહ્યા હતા. ડૉ. હિતેશ પંડ્યા, શ્રી સંજય ઉપાધ્યાય તથા શ્રી સચિન ઉપાધ્યાયના અથાગ પરિશ્રમથી કાર્યક્રમ સફળ રહ્યો હતો.

## શ્રી રતિલાલ બોરીસાગરની ઉપસ્થિતિમાં લેખિકા બહેનોની બેઠક યોજાઈ

ગુજરાતી સાહિત્ય પરિષદ અંતર્ગત એનીબહેન સરૈયા લેખિકા પ્રોત્સાહનનિધિ દ્વારા તાજેતરમાં તા. ૮-૨-૨૦૧૧ મંગળવારના રોજ ગુજ. સા. પ. ખાતે લેખિકા બહેનોની સાહિત્યિક ગોષ્ઠિ યોજવામાં આવી હતી.

આ બેઠકમાં શ્રી રતિલાલ બોરીસાગરે બાળસાહિત્યનાં વિવિધ પાસાં, લાક્ષણિકતાઓ, બાળસાહિત્ય પાસેની અપેક્ષાઓ, બાળમાનસ, ભાષા વગેરે વિશે ખૂબ વિશદ રીતે ઉદાહરણ સહિત માર્ગદર્શન આપ્યું હતું. તેઓશ્રીએ બાળવાર્તા વાંચવા કરતાં કહેવા-સાંભળવા માટે છે, એ બાબત પર ખાસ ભાર મૂક્યો હતો. કથ્ય વાર્તા-વાચ્ય વાર્તા વચ્ચેનો તફાવત સમજાવ્યો હતો. બાળવાર્તા-સાહિત્યમાં પ્રવાહિતા, ભાષા-શબ્દપ્રયોગો અને લય, ગદ્ય-પદ્યનો વિનિયોગ, પુનર્કથન, આધુનિક સમય – ટેક્નોલૉજી – પાત્રોનું નિરૂપણ, સંવાદો વગેરે મુદ્દાઓની છણાવટ કરી હતી અને લેખિકાઓના પ્રશ્નોના જવાબ આપ્યા હતા. આ બેઠકમાં પંદરેક લેખિકા બહેનોએ રસપૂર્વક ભાગ લીધો હતો.

આગામી તા. ૧ માર્ચ, ૨૦૧૧ના રોજ લેખિકા બહેનોની બેઠક મળશે, જેમાં બહેનો સ્વરચિત કૃતિઓનું પઠન કરશે.

**– પ્રજ્ઞા પટેલ**

# સાહિત્યવૃત્ત

**સંકલન : ઇતુભાઈ કુરકુટિયા**

## શ્રી રતિલાલ બોરીસાગરનું ગૌરવ-સન્માન

સાવરકુંડલાના ઉત્તમ શિક્ષક અને ઉત્તમ સાહિત્યસર્જક શ્રી રતિલાલ બોરીસાગરનું ગૌરવ-સન્માન અને એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રચાયેલ 'વિદ્યાગુરુ શ્રી રતિલાલ બોરીસાગર સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન'નો પ્રારંભ શ્રી મોરારિબાપુના વરદ્દહસ્તે અને વિદ્વાન પ્રાધ્યાપક શ્રી વસંતભાઈ પરીખના અતિથિવિશેષપદે તા. ૪-૫ જાન્યુઆરી ૨૦૧૧ના રોજ અમરેલી જિલ્લાના સાવરકુંડલાની શ્રી જે. વી. મોદી હાઈસ્કૂલના પરિસરમાં થયો. આ પ્રસંગે શ્રી રતિલાલ બોરીસાગરના વિદ્યાર્થીઓ અને સાથીઓ લિખિત સ્મરણગ્રંથ 'અમારા બોરીસાગરસાહેબ'નું લોકાર્પણ થયું હતું. જેમાં શ્રી રઘુવીર ચૌધરી અને શ્રી શાહબુદ્દીન રાઠોડે પ્રાસંગિક વક્તવ્યો આપ્યાં હતાં.

## નવલકથા સર્જક ધીરેન્દ્ર મહેતાનું બહુમાન

નવલકથાકાર, વાર્તાકાર, વિવેચક ડૉ. ધીરેન્દ્ર મહેતાને તેમની 'છાવણી' નવલકથા માટે દિલ્હી સાહિત્ય અકાદમી તરફથી ઍવૉર્ડ જાહેર કરીને તેમનું યોગ્ય રીતે જ બહુમાન કરવામાં આવ્યું છે. જે ગુજરાતી સાહિત્ય માટે અને ભાવકો-વિવેચકો માટે આનંદની ઘટના છે.

## ઉમાશંકર જોશી જન્મશતાબ્દી સમિતિ

આ વર્ષ ઉમાશંકર જોશીનું જન્મશતાબ્દી વર્ષ છે. એક સાહિત્યકાર તરીકે ગુજરાતના તેમજ દેશના જાહેરજીવન સાથે અડધી સદીથી પણ વધારે સમય સુધી તેઓ સંકળાયેલા હતા. જાહેરજીવનના સામાજિક, રાજકીય અને આર્થિક સવાલો પ્રત્યેની તેમની સચિંત અને નિસબત ધરાવતા નાગરિક તરીકેની ઉલ્લેખનીય ભૂમિકા હતી.

ગુજરાતના અને દેશના નાગરિક સમાજને અનુલક્ષીને ઉમાશંકરભાઈના સાહિત્ય જીવન, કાર્ય અને વિચારોના સંદર્ભમાં જન્મશતાબ્દી ઉજવણી માટે એક સમિતિની રચના કરવામાં આવી છે. સમિતિના ઉપક્રમે જન્મશતાબ્દી વર્ષ દરમિયાન જન્મદિવસની ઉજવણી, એમના વિવિધ વિષયો અંગેના વિચારોનો પ્રસાર અને પુસ્તકપ્રકાશન કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| મૃણાલિની સારાભાઈ | નારાયણ દેસાઈ | નિરંજન ભગત |
| વારિસ અલવી | ગિરીશ પટેલ | પ્રકાશ ન. શાહ |
| મનીષી જાની | ચંદુ મહેરિયા | સ્વાતિ જોશી |

સંપર્ક : ઉમાશંકર જોશી જન્મશતાબ્દી સમિતિ
C/o ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન, હીમાવન, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭
ફોન નંબર : પ્રકાશ ન. શાહ : ૯૮૭૯૯-૧૯૪૨૧,
મનીષી જાની : ૯૪૨૭૦-૧૦૦૧૧, ચંદુ મહેરિયા : ૯૮૨૪૬-૮૦૪૧૦

## વિદ્યાબહેન નીલકંઠ સ્મારક વ્યાખ્યાન ૨૦૧૦-૧૧

ગુજરાત વિદ્યાસભાના ઉપક્રમે વિદ્યાબહેન નીલકંઠ સ્મારક વ્યાખ્યાનમાળામાં ૨૦૧૦-૧૧નું વ્યાખ્યાન તા. ૭-૨-૨૦૧૧ના રોજ શ્રી બાલકૃષ્ણભાઈ વી. દોશીના અધ્યક્ષપદે શ્રી દક્ષાબહેન પટ્ટણીએ 'ગાંધીજીનાં બે વ્યાખ્યાનોમાં સામાજિક નવજાગૃતિનો સંદેશ' વિષય પર એચ. કે. કૉલેજના સેમિનારખંડમાં આપ્યું હતું.

## સ્કૂલ ઑફ ગુજરાતી ગઝલ (ગઝલ વિદ્યાપીઠ)નો ત્રિવિધ કાર્યક્રમ

તા. ૨૦-૧-૨૦૧૧ના રોજ ભાવનગર ખાતે યશવંતરાય નાટ્યગૃહમાં પૂ. મોરારિબાપુની નિશ્રામાં સ્કૂલ ઑફ ગુજરાતી ગઝલ (ગઝલ વિદ્યાપીઠ) દ્વારા ગઝલ શિક્ષણ ડિપ્લોમા અભ્યાસક્રમ-૨૦૧૦નો ઍવૉર્ડ, સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર વિતરણ સમારોહ અને ડૉ. ચિનુ મોદીના પરામર્શનમાં કિરીટ ભાવસાર અને અન્ય દ્વારા તૈયાર કરવામાં આવેલ ગ્રંથ – 'ગઝલકાર સૂચિ', ગુણવંત ઉપાધ્યાયનાં બે પુસ્તકો 'પાને પાને ફૂલ', 'વાસંતી યોગ' અને ડૉ. પથિક પરમાર કૃત 'દલિત કવિતાના ચાર દાયકા' ગ્રંથોનું લોકાર્પણ પ. પૂ. મોરારિબાપુના વરદ્દહસ્તે કરાયું હતું આ ઉપરાંત રાજકોટના આકાશવાણીના કલાકારો સર્વશ્રી ભરત પટેલ, નિગમ ઉપાધ્યાય, ગાર્ગી વોરા અને ડૉ. ફિરદૌસ દેખૈયા દ્વારા પ્રતિનિધિ ગીત-ગઝલોની સંગીતમય રજૂઆત કરવામાં આવી હતી.

## હૈદરાબાદ લિટરરી ફેસ્ટિવલ-૨૦૧૦

અંગ્રેજી એક વૈશ્વિક પહોંચ ધરાવતી ભાષા અને એથીય વ્યાપક પહોંચ ધરાવતું ઇન્ટરનેટનું માધ્યમ જી.એસ.પી. રાવએ Muse india એક સાહિત્યિક ઇ-જર્નલ હૈદરાબાદથી શરૂ કર્યું છે. આજે ૪૦ દેશોમાં એના ૫૦૦ જેટલા સભ્યો છે. તથા દર મહિને ૧૦,૦૦૦ લોકો આ ઇ-મૅગેઝિનની મુલાકાત લે છે. Muse Indiaના ઉપક્રમે હૈદરાબાદ ખાતે ૧૦-૧૨ ડિસેમ્બર ૨૦૧૦ દરમિયાન 'હૈદરાબાદ લિટરરી ફેસ્ટિવલ-૨૦૧૦'માં જેમાં ભારતના દરેક પ્રાંતોમાંથી અને વિદેશમાંથી ૧૦૦ જેટલા કવિ-લેખકોએ વિવિધ ભાષાઓના સાહિત્યનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ગુજરાતી ભાષામાં લખાતા સાહિત્યના 'સલાહકાર સંપાદક' કવિ દિલીપ ઝવેરીની આગેવાનીમાં રાજેન્દ્ર પટેલ, સંજુવાળા, નઝીર મનસૂરી, અજય સરવૈયા અને નીરવ પટેલે એમાં ભાગ લીધો હતો.

## ભોગીલાલ ગાંધીની જન્મશતાબ્દી નિમિત્તે શતાબ્દી વ્યાખ્યાન

૮-૧-૨૦૧૧ના રોજ ગુજરાત સાહિત્ય સભાના ઉપક્રમે શ્રી ભોગીલાલ ગાંધીની જન્મશતાબ્દી નિમિત્તે શતાબ્દી વ્યાખ્યાનમાળા ઉપક્રમે શ્રી પ્રકાશ ન. શાહે 'ભોગીલાલ ગાંધીના જીવન અને કાર્ય' વિશે વ્યાખ્યાન આપ્યું હતું. શ્રી કુમારપાળ દેસાઈએ સંસ્થાનો પરિચય આપીને સૌને આવકાર્યા હતા. શ્રી પ્રફુલ્લ રાવળે શ્રી પ્રકાશ ન. શાહનો પરિચય આપ્યો હતો અને શ્રી રાજેન્દ્ર પટેલ અને શ્રી યોગેશ જોશીએ શ્રી ભોગીલાલ ગાંધી વિશેનાં સંસ્મરણો તાજાં કર્યાં હતાં. શ્રી નલિની દેસાઈએ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કર્યું હતું.

## ઠક્કર વસનજી વ્યાખ્યાનમાળા

મુંબઈ યુનિવર્સિટી દ્વારા પ્રતિવર્ષ યોજાતી ઠક્કર વસનજી પ્રતિષ્ઠિત વ્યાખ્યાનમાળામાં તા. ૧૪-૧૫ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ પ્રા. કાન્તિ પટેલના અધ્યક્ષસ્થાને ડૉ. સતીશ વ્યાસે (અમદાવાદ) 'કથનકળા' વિષય પર ચાર વ્યાખ્યાનો આપ્યાં.

## 'વિચારગોષ્ઠિ'માં પ્રા. કિશોર એન. પટેલનું વ્યાખ્યાન

'વાંચે ગુજરાત' અભિયાન અંતર્ગત તા. ૬-૨-૧૧ના રોજ 'વિચારગોષ્ઠિ' સુરતના સાતમા કાર્યક્રમમાં પ્રા. કિશોર એન. પટેલે શેક્સપિયરકૃત નાટક 'જુલિયસ સીઝર'નો રસપ્રદ આસ્વાદ કરાવ્યો હતો.

## શામળદાસ આર્ટ્સ કૉલેજનું જ્ઞાનસત્ર

સ્વ. સી. ડી. નાયક, સ્વ. સનત મહેતા અને શ્રી દિનકર જોશી વિચારસત્રના ઉપક્રમે તા. ૧૭-૧-૨૦૧૧ના રોજ ભાવનગરની શામળદાસ કૉલેજમાં ડૉ. નિરંજન રાજ્યગુરુએ 'મધ્યકાલીન સંતસાહિત્ય' ડૉ. વિજય પંડ્યાએ 'ધ્વનિવિચાર અને સાહિત્ય વિવેચન' તથા ડૉ. બી. આર. ખાચરિયાએ 'વાચન અને અર્થઘટનશાસ્ત્ર' વિષય પર વ્યાખ્યાનો આપ્યાં હતાં.

## 'મરમી'ના 'લયશિલ્પ' ગઝલસંગ્રહનું વિમોચન

ગિરનાર પર્વતના ગુરુદત્તાત્રેય શિખર ઉપર કવિ મહેન્દ્રસિંહ પઢિયાર 'મરમી'એ પોતાનો પ્રથમ ગઝલસંગ્રહ 'લયશિલ્પ' દત્ત ભગવાનનાં ચરણે અર્પણ કરીને તેનું વિમોચન કર્યું.

## શ્રી રજની વ્યાસનું 'અતુલ્ય ભારત' ગ્રંથ વિશે વ્યાખ્યાન

'ધ ભરૂચ જિલ્લાના મૅનેજમેન્ટ એસોસિયેશન' અંતર્ગત બુક લવર્સ ફોરમના ઉપક્રમે તા. ૨૦-૧-૨૦૧૧ના રોજ જાણીતા લેખક-ચિત્રકાર શ્રી રજની વ્યાસે પોતાના ગ્રંથ 'અતુલ્ય ભારત' અંગે વ્યાખ્યાન આપ્યું હતું.

## 'માનવીનાં મન' વિશેનું વ્યાખ્યાન

ગુજરાત પુસ્તકાલય પ્રેરિત 'સાહિત્યસૃષ્ટિ'ના ઉપક્રમે શ્રી રજનીકાંત કટારિયાએ 'માનવીનાં મન' વિશે વડોદરામાં વક્તવ્ય આપ્યું હતું.

r

## ભૂલસુધાર

'પરબ' જાન્યુ.-ફેબ્રુ. ૨૦૧૧ના અંકમાં પૃ. 396 પર 'કાંચનાર ટ્રસ્ટ'ના બદલે 'કચનાર ટ્રસ્ટ' વાંચવા વિનંતી.

## વાર્તાકારોને વિનંતી

શરીફા વીજળીવાળા ૨૦૦૧થી ૨૦૧૦ દરમિયાન પ્રગટ થયેલ વાર્તાઓની એક સૂચિ તૈયાર કરવાનાં છે. તો આ દરમિયાન (૨૦૦૧થી ૨૦૧૦) પ્રગટ થયેલ વાર્તાઓની વિગતો (વાર્તાસંગ્રહનું નામ, લેખક, પ્રકાશનસાલ, પ્રકાશક/વાર્તાનું શીર્ષક, વાર્તાકાર, સામયિક, પ્રકાશન માસ-વર્ષ વગેરે) નીચેના સરનામે મોકલી આપવા વાર્તાકારોને વિનંતી.

**ડૉ. શરીફા વીજળીવાળા**

બી-૪૦૨, વૈકુંઠ પાર્ક એપાર્ટમેન્ટ, બેજાનવાલા કૉમ્પલેક્સ,
કોઝવે રોડ, તાડવાડી, રાંદેર, સુરત ૩૯૫૦૦૯

## 'પરબ'ની માલિકી તથા બીજી માહિતી અંગે નિવેદન (ફૉર્મ નં. ૪)

| | |
|---|---|
| ૧. પ્રસિદ્ધિ સ્થાન | : અમદાવાદ |
| ૨. પ્રસિદ્ધિ ગાળો | : માસિક |
| ૩. પ્રકાશક-મુદ્રક | : પ્રફુલ્લ રાવલ (ગુજરાતી સાહિત્ય પરિષદ વતી) |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ |
| ૪. તંત્રી | : યોગેશ જોષી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : ગુજરાતી સાહિત્ય પરિષદ, ગોવર્ધન ભવન, આશ્રમ માર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૯ |
| ૫. માલિકી ધરાવનાર કુલ થાપણના એક ટકાથી વધારે રોકનાર ભાગીદાર શેર ધરાવનાર ટ્રસ્ટીઓનાં નામ-સરનામાં | : (૧) શ્રી પ્રફુલ્લ અનુભાઈ (૨) શ્રી શ્રેણિકભાઈ કસ્તુરભાઈ (૩) શ્રી બળવંત પારેખ (૪) વિનોદ ભટ્ટ (૫) શ્રી રઘુવીર ચૌધરી (૬) શ્રી નિરંજન ભગત |